**TUESDAY**
૧૯-૦૧-૨૦૨૧
વિ.સ. ૨૦૭૭, પોષ સુદ ૬
અંક : ૮૯
કુલ પાના : ૮

સત્ય માટે, સત્ય સાથે સતત..

# ચક્રવાત

રાજકોટથી પ્રસિદ્ધ થતું અને સમગ્ર ગુજરાતમાં બહોળો ફેલાવો ધરાવતું દૈનિક અખબાર








● મેનેજિંગ તંત્રીશ્રી : જિજ્ઞેશભાઈ કાલાવડીયા ● તંત્રીશ્રી : યાકુબ આર. બાદી ● એસો. એડીટર : જે.પી. જાડેજા ● હેડ ઓફિસ : ચક્રવાત ભવન, અંબાજી કડવા પ્લોટ, આનંદ બંગલા ચોક પાસે, મવડી રોડ, રાજકોટ. ● વર્ષ : ૭ ● RNI Reg. No.GUJGUJ/2013/66120 ●કિંમત રૂા. ૪


### ગુજરાતની વિકાસ યાત્રામાં મહત્વપૂર્ણ અધ્યાયનો આરંભ : આ મેટ્રો પ્રોજેક્ટ અમદાવાદ-સુરતમાં કનેક્ટિવિટીનું કામ કરશે

# હવે દોડશે મેટ્રો : અમદાવાદ-સુરતમાં ઈ-ખાતમૂહુર્ત

(જી.એન.એસ)ગાંધીનગર,તા.૧૮

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે ગુજરાતના વધુ બે મહત્વના પ્રોજેકટનું શિલાન્યાસ કરવામાં આવ્યું છે. અમદાવાદ ગાંધીનગર મેટ્રો રેલ પ્રોજેકટ અને સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટનું દિલ્લી ખાતેથી વર્ચ્યુલ શિલાન્યાસ કરવામાં આવ્યું. અમદાવાદ ફેઝ ૨ના મેટ્રોના કામનું ખાતમુહૂર્ત થયુ જે મોટેરાથી ગાંધીનગરને જોડશે. આ પ્રસંગે માનનીય રાજયપાલ આચાર્ય દેવવ્રત, ગુજરાતના માનનીય મુખ્યમંત્રી વિજય રૂપાણી, ભારતના ગૃહમંત્રી અમિત શાહ, ભારતના કેન્દ્રીય રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) ડો.હરદીપ સિંઘ પુરી ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

પીએમ મોદીએ ગુજરાતીમાં પોતાનું સંબોધન શરૂ કરતા જણાવ્યું કે, અમદાવાદ અને સુરતના બધા લોકો ઊંધિયા અને જલેબીમાંથી હવે નવરા પડ્યા હશે. તેમણે વધુમાં જણાવ્યું કે, આજે ઉત્તરાયણની શરૂઆતમાં આજે અમદાવાદ અને સુરતમાં, મોટા વેપારી શહેરોમાં મેટ્રો કનેક્ટિવિટીને મજબૂત કરવાનું કામ કરશે. કાલે કેવડિયા માટે નવા રેલ માર્ગો અને ટ્રેનોની શરૂઆત કરી. આ શુભારંભ માટે હું ગુજરાતનાં લોકોને ઘણી શુભેચ્છાઓ આપુ છું. આજે ૧૭ હજાર કરોડ રૂપિયાના ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું કામ શરૂ થઈ રહ્યું છે.





જે બતાવે છે કે કોરોનાના આ કાળમાં પણ દેશનાન નવા ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કામ સતત વધી રહ્યા છે.

અમદાવાદ અને સુરત બંન્ને ગુજરાત અને ભારતનાં આત્મનિર્ભર્તાને સશ્કત કરતા શહેરો છે. મને યાદ છે કે, જ્યારે અમદાવાદમાં મેટ્રોની શરૂઆત થઈ હતી તે ઘણો જ મૂલ્યવાન પળ હતો. લોકોના ચહેરા પર ખુશી હતી. લોકો આ જોવા માટે ધાબા પર ચઢી ગયા હતા. આ કદાચ જ કોઈ ભૂલી શકે છે. અમદાવાદની ઓળખે મેટ્રો સાથે જોડાયુ છે. મોટેરા સ્ટેડિયમથી મહાત્મા મંદિર નિર્માણ કરવામાં આવશે, તો ગુજરાત નેશનલ લો યુની. થી ગિફ્ટ સીટી ને જોડાશે. જેનો લાભ લાખો લોકોને મળશે. અમદાવાદ બાદ સુરત બીજુ એવું શહેર છે જે મેટ્રોથી જોડાશે. સુરતમાં મેટ્રો નેટવર્ક એક રીતે સમગ્ર શહેરના મહત્વપૂર્ણ વેપારી કેન્દ્રને જોડશે. આજે આપણે શહેરોના પરિવહનને એકીકૃત સિસ્ટમ તરીકે વિકસાવી રહ્યા છીએ. એટલે કે એટલે કે, બસ, મેટ્રો, રેલ એ બધા પોતપોતાની રીત પ્રમાણે ન ચાલવા જોઈએ, પરંતુ સામૂહિક પ્રણાલી તરીકે કામ કરવું જોઈએ, એક બીજાને પૂરક બનાવશે.

તેમણે વધુમાં જણાવ્યું કે, આજે સુરતની આબાદીને જોઈએ તો દેશનું આઠમું મોટું શહેર છે. જ્યારે દુનિયાનું ચોથુ સૌથી ઝડપી વિકસિત થતું શહેર છે. તેમણે વધુમાં જણાવ્યું કે, ગુજરાતના શહેરો તેમજ ગ્રામીણ વિસ્તારોમાં વર્ષોથી અભૂતપૂર્વ વૃદ્ધિ જોવા મળી છે. ખાસ કરીને ગામમાં છેલ્લા બે દાયકામાં માર્ગ, વીજળી અને પાણીની સ્થિતિમાં સુધારો થયો છે. ગુજરાતની વિકાસયાત્રામાં તે ખૂબ જ મહત્વપૂર્ણ અધ્યાય છે.

પીએમ મોદીએ જણાવ્યું કે, છેલ્લા ૬ વર્ષમાં દેશમાં આરોગ્ય સેવાઓ સંબંધિત યોજનાઓ શરૂ થઈ છે, ગુજરાતને પણ ખૂબ વ્યાપકપણે આ લાભ મળી રહ્યો છે. આયુષ્માન ભારત યોજના અંતર્ગત ગુજરાતના ૨૧ લાખ લોકોને નિઃ શુલ્ક સારવાર મળી છે.

આપણામાંના મોટા ભાગના લોકોએ તે સમય જોયો છે જ્યારે ટ્રેન અને ટેક્કર દ્વારા ગુજરાતના ગામડાઓમાં પાણી પહોંચાડવું પડતુ હતું. હવે ગુજરાતના દરેક ગામમાં

# ખેડૂતોના મુદ્દે સુપ્રિમના પણ હાથ ઉંચા : દિલ્હીમાં કોણ આવશે અને કોણ નહીં, એ પોલીસ નક્કી કરશે

### ખેડૂતોની રેલી મુદ્દે સુપ્રિમનો સુનાવણી કરવાનો ઈન્કાર

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૧૮

સુપ્રીમ કોર્ટએ સોમવારે કહ્યું કે, ખેડૂતોની ટ્રેક્ટર રેલી યોજાવી જોઈએ કે નહીં, એ નક્કી કરવાનું કામ પોલીસનું છે. એવામાં હવે ગણતંત્ર દિવસે ખેડૂતોની ટ્રેક્ટર માર્ચ થશે, તેના પર નિર્ણય દિલ્હી પોલીસએ લેવાનો રહે છે. જોકે, સુપ્રીમ કોર્ટ બુધવારે ફરી આ મામલા પર સુનાવણી કરશે. આજે સુપ્રીમ કોર્ટમાં ગણતંત્ર દિવસે ખેડૂત સંગઠનો દ્વારા



આયોજિત ટ્રેક્ટર રેલીને લઈ સુનાવણી હાથ ધરવામાં આવી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે રામલીલા મેદાનમાં પ્રદર્શનની મંજૂરી પર પોલીસે નિર્ણય લેવાનો છે. સાથોસાથ કોર્ટે કહ્યું કે શહેરમાં કેટલા લોકો, કેવી રીતે આવશે તે પોલીસ નક્કી કરશે. ચીફ જસ્ટિસે કહ્યું કે શું હવે કોર્ટે જણાવવું પડશે કે સરકારની પાસે પોલીસ એક્ટ હેઠળ શું શક્તિઓ છે. હવે સુપ્રીમ કોર્ટ બુધવારે આ મામલાની સુનાવણી કરશે. ચીફ જસ્ટિસ એસ.એ. બોબડેએ કહ્યું કે, મામલો પોલીસનો છે. અમે તેની પર નિર્ણય નહીં લઈએ. અમે મામલો હાલ સ્થગિત કરી રહ્યા છીએ. હવે આ મામલાની સુનાવણી બુધવારે થશે. સુપ્રીમ કોર્ટે સંકેત આપ્યા છે કે ખેડૂતોને દિલ્હી પ્રવેશ જેવા વિષય પર પહેલા પ્રશાસને નિર્ણય લેવો જોઈએ.

બીજી તરફ, ટ્રેક્ટર રેલીને લઈ દિલ્હી પોલીસે કહ્યું કે, કોઈ પણ રેલીસ કે એવો વિરોધ જે ગણતંત્ર દિવસ સમારોહમાં ખલેલ પહોંચાડવાનો પ્રયાસ કરે છે, તે દેશને શરમમાં મૂકનારું કૃત્ય હશે. તેનાથી દુનિયાભરમાં દેશની બદનામી થશે. કાયદો-વ્યવસ્થા ખરાબ થવાની સ્થિતિ ઊભી થઈ શકે છે. પોલીસે અલગ-અલગ રિપોર્ટ્સનો હવાલો આપતા કહ્યું કે અનેક ખેડૂત ગણતંત્ર દિવસની પરેડમાં ખલેલ પહોંચાડવા માટે લાલ કિલ્લા સુધી પહોંચવાની તૈયારી કરી રહ્યા છે.

# આ લોકો શું પ્રજાની રક્ષા કરશે??? પશ્ચિમ બંગાળમાં રોડ શો દરમ્યાન ભાજપ-ટીએમસી કાર્યકરો વચ્ચે પથ્થરમારો

### વિધાનસભા ચૂંટણીની જીત તો દૂર એ પહેલા જ રાજકિય ઘર્ષણ

(જી.એન.એસ.)કોલકાત્તા,તા.૧૮

પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણીને લઈ ભાજપ અને ટીએમસીએ અત્યારથી જ એડીચોટીનું જોર લગાવી દીધું છે. બંગાળમાં પોતાનો પાયો મજબૂત કરવા માટે બીજેપી તમામ પ્રયાસ કરી રહી છે. અને થોડા થોડા દિવસોના અંતરે અહીં કેન્દ્રીય મંત્રીઓ સાથેની રેલી યોજે છે. આજે બંગાળમાં કેન્દ્રીય મંત્રી દેબાશ્રી ચૌધરી અને



બંગાળ બીજેપી પ્રમુખ દિલીપ ઘોષ અને બીજેપી નેતા સુવેંદુ અધિકારી સાથે ભાજપે રેલીનું આયોજન કર્યુ હતું. આ રેલીમાં ટીએમસીના કાર્યકરોએ પથ્થરમારો કરી દીધો હતો. જે બાદ ભાજપ અને ટીએમસીના કાર્યકરો વચ્ચે અથડામણ થઈ હતી.

બીજેપીની રેલી નીકળી તે સમયે ટીએમસીની મહિલા વિંગ દ્વારા કાળા ઝંડા ફરકાવવામાં આવ્યા હતા. અને રેલીની સામે ટીએમસી કાર્યકરોએ ટીએમસીનો ઝંડા દેખાડ્યા હતા. આ સમયે રસ્તા પર રહેલાં અમુક કાર્યકરોએ ભાજપની રેલી પર પથ્થરો મારવાના શરૂ કરી દીધા હતા. જે બાદ બંને પાર્ટીઓનાં સમર્થકો વચ્ચે અથડામણ થઈ હતી. નંદીગ્રામથી ચૂંટણી લડવાના પશ્ચિમ બંગાળના સીએમ મમતા બેનર્જીના નિર્ણય બાદ બીજેપીએ નિશાન સાધ્યું છે. સાથે જ બીજેપીએ મમતા બેનર્જીના દક્ષિણ કોલકાતામાં શક્તિ પ્રદર્શન કર્યું હતું. બીજેપીએ ટાલીગંજથી રાની રાસબિહારી એવન્યુ અને ડાયમંડ હાર્બરમાં રોડ શો નીકાળ્યો હતો. જેમાં બીજેપી પ્રદેશ અધ્યક્ષ દિલીપ ઘોષ, કેન્દ્રીય મંત્રી દેવશ્રી ચૌધરી અને સુવેંદુ અધિકારી સામેલ હતા.

દિલીપ ઘોષે કહ્યું કે, મમતા બેનર્જીએ ગત ચૂંટણીમાં કહ્યું હતુ કે તે ૨૯૪ સીટ પર ચૂંટણી લડશે. પણ તે ડરી ગઈ છે.


# ચક્રવાત દૈનિક

સત્ય માટે સત્ય સાથે સતત
સામાન્ય જનતાનું પોતીકું અખબાર

નેતાઓના મનની નહિ, મારી તમારી આપણી વાત એટલે "ચક્રવાત"

વાર્ષિક લવાજમ માત્ર
રૂપિયા ૧૨૦૦/-



આપનો અમૂલ્ય સહયોગ
ચોથી જાગીરના પડકારને
જીવંત રાખશે

સાગરભાઈ
મો.૯૧૦૬૬૧૭૮૬૭


# તમારી પ્રાઈવસીને નુકસાન થતી હોય તો વ્હોટ્સએપ ડિલીટ કરી દો : દિલ્હી હાઈકોર્ટ

### પ્રાઈવેટ એપમાં પ્રાયવસીની જવાબદારી તમારી રહેશે

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૧૮

વોટ્સએપ દ્વારા લાવવામાં આવેલ પ્રાઈવસી પૉલિસીને લઇ સોમવારના રોજ દિલ્હી હાઈકોર્ટમાં સુનવણી થઈ. અરજીકર્તા દ્વારા અપીલ કરવામાં આવી હતી કે આ પૉલિસીને લઈ સરકારે પગલાં લેવા જોઈએ, આ પ્રાઈવસીનું ઉલ્લંઘન થયું છે. જો કે દિલ્હી હાઈકોર્ટે આ કેસમાં કોઈ નોટિસ રજૂ કરી નહીં અને કહ્યું છે તેના પર વિસ્તૃત સુનવણી જરૂરી છે. હવે આ કેસની સુનવણી ૨૫મી જાન્યુઆરીના રોજ થશે.

અરજીકર્તા દ્વારા કોર્ટમાં કહ્યું કે તેના પર સરકારે મોટા પગલાં ભરવા જોઈએ, આ લોકો પ્રાઈવસીનું ઉલ્લંઘન કરે છે. વ્હોટસએપ જેવી પ્રાઈવેટ એપ સામાન્ય લોકો સાથે જોડાયેલી વ્યક્તિગત માહિતીઓને શેર કરવા માંગે છે તેના પર પ્રતિબંધ મૂકી દેવાની જરૂર છે.

તેના પર દિલ્હી હાઈકોર્ટે આકરી ટિપ્પણી કરી. હાઈકોર્ટે કહ્યું કે આ એક પ્રાઈવેટ એપ છે, જો તેની પ્રાઈવસી પ્રભાવિત થઈ રહી છે તો તમારે વ્હોટસએપને ડિલીટ કરી દેવું જોઈએ. કોર્ટે કહ્યું કે શું તમે મેપ કે બ્રાઉઝરનો ઉપયોગ કરો છો? તેમાં પણ તમારો ડેટા શેર કરાય છે.

કોર્ટમાં અરજીકર્તાની તરફથી અપીલ કરવામાં આવી કે અમે આ કેસમાં ઈચ્છીએ છીએ કે કડક કાયદો બને. યુરોપિયન દેશોમાં તેને લઈ કડક કાયદો છે આથી વ્હોટસએપની પૉલિસી ત્યાં પર અલગ છે અને ભારતમાં કાયદો કડક ના હોવાના લીધે સામાન્ય લોકોના ડેટાને થર્ડ પાર્ટીને શેર કરવા પર આવી એપને કોઈ મુશ્કેલી નથી.

### બાઈડનના શપથગ્રહણ સમારોહમાં સુરક્ષા જવાનોના હુમલાની એફબીઆઈને ભીતિ

(જી.એન.એસ)વૉશિંગ્ટન,તા.૧૮

૨૦ જાન્યુઆરી જો બાઈડેન અમેરિકાના રાષ્ટ્રપતિ તરીકે શપથ લેવાના છે. પણ આ સમારોહ દરમિયાન ફરીથી હિંસા થવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. હ્લમ્ૈંને ડર છે કે અંદરનો જ કોઈ માણસ બાઈડેન પર હુમલો કરી શકે છે. સમારોહ દરમિયાન સુરક્ષામાં તહેનાત કોઈ જવાન અથવા અંદરનો કોઈ વ્યક્તિ હુમલો કરી શકે છે. જે બાદ હ્લમ્ૈં દ્વારા વૉશિંગ્ટન આવી રહેલાં જવાનો પર ચાંપતી નજર રાખી રહ્યું છે.

# પ્રજાના બોજા સમાન પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો સરકાર માટે મોટી આવકનું સાધન

### એક્સાઇઝ ડ્યૂટીનું કલેક્શન-૨૦૨૦માં વધીને ૧.૯૬ લાખ કરોડ થયું

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૧૮

કોરોના મહામારીના બકારણે ભલે દરેક પ્રકારના ટેક્સ કલેક્શનમાં ઘટાડો થયો હોય, પરંતુ એક્સાઈઝ ડ્યૂટી કલેક્શનમાં ચાલું નાણાંકીય વર્ષ દરમિયાન ૪૮ ટકાનો વધારો નોંધવામાં આવ્યો છે. જેનું મુખ્ય કારણ ડીઝલ અને પેટ્રોલ પર એક્સાઈઝ ડ્યૂટીના દરમાં રેકોર્ડ વધારો છે. કંટ્રોલર જનરલ ઑફ એકાઉન્ટ્સ તરફથી પ્રાપ્ત આંકડા અનુસાર, એપ્રિલ-નવેમ્બર-૨૦૨૦ દરમિયાન એક્સાઈઝ ડ્યૂટીનું કલેક્શન ૨૦૧૯ના આજ સમયગાળાના ૧,૩૨,૮૯૯ કરોડ રૂપિયાથી વધીને ૧,૯૬,૩૪૨ કરોડ રૂપિયા થઈ ગયું છે. એક્સાઈઝ ડ્યૂટી કલેક્શનમાં આ વૃદ્ધી વર્તમાન નાણાંકીય વર્ષના ૮ મહિનાની મુદ્દત દરમિયાન ડીઝલના વેચાણમાં એક કરોડ ટનથી વધુની કમી છતાં થઈ છે. ડીઝલ ભારતમાં સૌથી વધુ વપરાતું ઈંધણ છે. પેટ્રોલિયમ મંત્રાલયના પેટ્રોલિયમ પ્લાનિંગ એન્ડ એનાલિસીસ સેલના આંકડા અનુસાર, એપ્રિલથી નવેમ્બર ૨૦૨૦ દરમિયાન ડીઝલનું વેચાણ ગત વર્ષના ૫.૫૪ કરોડ ટનથી ઘટીને ૪.૪૯ કરોડ ટન રહ્યું છે.

# મ.પ્ર.માં રક્ષક જ બની ભક્ષક : રસ્તા પર સુવડાવી માતાએ બાળકનું ગળુ કાપ્યું

મધ્યપ્રદેશ,તા.૧૮

મધ્યપ્રદેશના ચુરારી ગામમાં ૮ માસની એક છોકરાની તેની માતાએ કુહાડી મારીને હત્યા કરી છે. ઘરથી લગભગ ૮૦ ફૂટ દૂર આવેલા રસ્તા પર તેને માતા લઈ ગઈ અને રસ્તા પર સુવડાવીને ડોકમાં કુહાડી મારી દીધી. શનિવારે સવારે ૧૧ વાગ્યે થયેલી ઘટનાની માહિતી પોલીસને ન મળી. આ સિવાય તેની માહિતી પરિવારે પણ પોલીસને આપી ન હતી.

જોકે મૃતકની નાની તેને કપડામાં લપેટીને ચંદેર હોસ્પિટલ લઈને પહોંચી હતી, જ્યાં ડોક્ટર પાસે છોકરી છત પરથી પડી ગઈ હોવાનું કહીને



તપાસ કરાવવામાં આવી. તેને જોઈને ડોક્ટરે તેન મૃત જાહેર કરી દીધી. આખી રાત કપડામાં શબને લપેટીને ઘરે રાખી મૂક્યું. પોલીસનું કહેવું છે કે માતાની મેન્ટલ સ્થિતિ સારી નથી. શનિવારે પોતાની બહેન પાસેથી પોતાના પુત્રને લઈને રસ્તા પર લઈ ગઈ અને તેની હત્યા કરી દીધી.

# ૭૨ વર્ષ બાદ પણ વેરાવળ પાટણમાં કંગાળ વર્તમાનનો અહેસાસ કરતા શહેરીજનો



વેરાવળ પાટણ સંયુકત નગરપાલિકા આજે તા.૧૯ મી જાન્યુ. એ ૨૦૨૧ ના રોજ ૭૧ વર્ષ પુરા કરી ૭૨ માં વર્ષમાં પ્રવેશ કરી રહી છે. ત્યારે ભવ્ય ભુતકાળ સાથે કંગળા વર્તમાનનો અહેસાસ કરતા શહેરીજનો આજે પણ પૂર્ણ પ્રાથમિક સુવિધા માટે ઝંખી રહયા છે. પાલિકાની સ્થાપનાથી લઈ આજ સુધીની સાત દાયકાના સફર દરમ્યાન જોડીયા શહેરનો વ્યાપ અને વસતિ જે ગોકળગતિએ વધી તે મુજબની પણ પ્રાથમિક સુવિધાઓ વધી નથી. જેના કારણે આજે પણ જોડીયા શહેરમાં નિયમિત પીવાના પાણીનો અભાવ, સફાઈનો અભાવ અને ઉબડ-ખાબડ રસ્તાઓના કારણે બહારગામથી આવતા લોકો ગામડીયુ શહેર હોવાની ઉપમા આપી રહયા છે. એક સમયએ વિશ્વમાં વેપારક્ષેત્રે પ્રખ્યાત વેરાવળ-સોમનાથ જોડીયુ શહેર ભવ્ય સોનેરી ભુતકાળ ધરાવતુ હોવાની સાથે વર્તમાનમાં દિશાવહીન શાસનના કારણે પછાતપણા તરફ ધકેલાય ગયુ છે. આજે પણ જોડીયુ શહેર એટલી બધી વિશેષતા ધરાવે છે કે, જો સરકાર અને પાલિકા તંત્ર આયોજનબધ્ધ રીતે વાસ્તવીક નકકર કામગીરી કરે તો જોડીયા શહેરમાં પ્રાથમિક સુવિધા પરીપૂર્ણ થઈ શકવાની સાથે સાથે ટુરીઝમ વિકસાવી વેપારક્ષેત્રમાં ફરી અવ્વલ આવી શકે તેમ છે. તા.૧૯ જાન્યુઆરી ૧૯૫૦ ના રોજ વેરાવળ શહેર સુધરાઈની રચના થયેલ તે સમયે શહેરના ૪ ચો. કી.મી. વિસ્તારમાં વસતા ૪૦ હજાર જેટલા શહેરીજનોને પ્રાથમિક સુવિધા પુરી પાડવાની જવાબદારી પાલિકાના શીરે હતી. સને.૧૯૬૫ માં નજીકની પ્રભાસપાટણ સુધરાઈનો વેરાવળમાં સમાવીષ્ટ કરતા વેરાવળ-પાટણ સંયુકત નગરપાલિકા અસ્તીત્વમાં આવેલ અને ૮ ચો.કી.મી. વિસ્તારમાં વસતા ૭૦ હજાર શહેરીજનોને પ્રાથમિક સુવિધા પુરી પાડવાની જવાબદારી સંયુકત પાલિકાની હતી. આજે તા.૧૯ જાન્યુઆરી ૨૦૨૧ સાત દાયકાની સફર બાદ વેરાવળ-પાટણ સંયુકત નગરપાલિકા ૭૨ વર્ષમાં પ્રવેશ કરી રહી છે. આજની સ્થાતિએ પાલિકાની ૨૭ ચો.કી.મી. વિસ્તારમાં વસેલા ૨ લાખ શહેરીજનોને પ્રાથમિક સુવિધા પુરી પાડવાની જવાબદારી પાલિકાની છે. જે પાલિકા પરીપૂર્ણ કરવામાં નિષ્ફળ જતી હોવાનો અહેસાસ શહેરીજનો કરી રહ્યા છે. પાલિકાના સ્થાપના દિન અંગે શિક્ષક રસેશ જોષીએ જણાવેલ કે, નગરપાલિકાની સ્થાપના થયાને સાત સાત દાયકાઓ વિતી ગયા હોવા છતાં આજે વેરાવળ શહેરની હાલત એક મેટ્રો વિલેજ જેવી છે. રસ્તા, પીવાનું પાણી, લાઈટ, ગટર વગેરે જેવી પાયાની સુવિધાઓની બાબતમાં શહેર ઠેરનું ઠેર છે. અહીં કામ નથી થતું એવું કહેવાનો આશય બિલકુલ નથી પણ જે ગતિએ આગળ વધવું જોઈએ, વેરાવળ શહેર જેવું હોવું જોઈએ એવું તો નથી જ. સૌ કોઈએ એ વિચારવાનું કે શા માટે કોઈ વેરાવળમાં રહેવા નથી માંગતું, શા માટે શહેરમાંથી ધીમેધીમે લોકો અન્ય શહેરોમાં સ્થળાંતર કરી રહ્યા છે ? પક્ષાપક્ષીના સંકુચિત રાજકારણથી ઉપર ઉઠીને શહેરને વધુ બહેતર બનાવવાના ઉપાયો હજુ પણ સૌ કોઈએ શોધવાના બાકી છે. વરીષ્ઠ પત્રકાર મહેન્દ્રભાઈ રાજાના જણાવ્યા મુજબ પાલિકા ભવ્ય ભુતકાળ ધરાવવાની સાથે વર્તમાન જોડીયા શહેરની કંગાળ જેવી સ્થતિ પાલિકાની કામગીરીની ગવાહી આપી રહી છે. સાત દાયકાની સફર દરમ્યાન ૧૯૭૧ થી ૯૮ સુધી જોડીયા શહેરની પ્રજા પાણી આપવાં માટે પણ ફિશરીઝ અને પોર્ટ વિભાગના સહારે હતુ.

## વાયરલ ફોટો ઓફ ધ ડે.....




# ઊના વાડી વિસ્તારમાં દિવસે ખેડૂત પર દિપડાનો હુમલો



ચક્રવાત ટીમ ઊના, તા.૧૮

ઊના ગીરગઢડા નજીક ગીર જંગલના વન્યપ્રાણીઓ ગ્રામ્ય વાડી વિસ્તાર સુધી પહોચી પશુઓ પર તેમજ માનવ જીંદગી પર હુમલાઓ કરી ગંભીર ઈજા પહોંચાડે છે. થોડા દિવસ પહેલા ઉગલા ગામે ચાર વર્ષના બાળકને દીપડાએ ફાડી ખાતા મોત નિપજેલ હતું. ત્યાં આજે ઉના વાડી વિસ્તારમાં ખેતીમાં પાકને પાણી વાળતા ખેડૂત પર અચાનક દીપડાએ હુમલો કરી મોઢાના ભાગે ગંભીર ઈજા પહોચતા સારવાર માટે હોસ્પીટલે ખસેડાયેલ છે. સંજવાપુર ગામે રહેતા અરજણભાઈ છનુભાઈ ભાલીયા ઉ.વ.૨૯ તેવો ઊના ભાવનગર રોડ પર આવેલ હરભોલે હોટલ પાછળના ભાગે વાડી ધરાવતા આલમભાઈ મમદભાઈ કુરેશી સાથે ભાગીયુ રાખી ખેતીમાં પાકનું વાવેતર કરેલ હોય જે પાકમાં અરજણભાઈ સવારે સાડા અગીયાર વાગ્યાની આસપાસ ખેતી પાકમાં પાણી વાળવા હતા. આ વખતે અચાનક દીપડો આવી ચડતા અરજણભાઈ પર હુમલો કરી દીધેલ હતો. અને રાડારાડ કરવા લાગતા દીપડો હુમલો કરી નાશી છુટ્યો હતો. જોકે આજુબાજુના લોકોને જાણ થતા તાત્કાલીક દોડી ગયેલા હતા. દીપડાએ હુમલો કરી જમણા ગાલે, ખંભા તેમજ કોણીના ભાગે નોર દ્વારા ગંભીર ઈજા પહોચતા લોહીલોહાણ હાલતમાં તાત્કાલીક ખાનગી હોસ્પીટલે સારવાર અર્થે ખસેડવામાં આવેલ હતા.

# માંગરોળ તાલુકાના માનખેત્રા ગામના દલિત પરિવારો દ્વારા જૂનાગઢ કલેકટરને આવેદન



ચક્રવાત ટીમ વેરાવળ, તા.૧૮

ગીરસોમનાથનાં મુખ્ય મથક વેરાવળમાં સોમનાથ ટોકીઝ વિસ્તારની ગરીબનવાઝ કોલોનીના એક રહેણાંક મકાનમાંથી ૩૦૦ કીલો ગૌમાંસના જથ્થા સાથે મકાન માલિક સહિત ત્રણ શખ્સોને અડધો લાખના મુદામાલ સાથે પોલીસે ઝડપી લઈ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસમાંથી પ્રાપ્ત વિગતો મુજબ વેરાવળમાં સોમનાથ ટોકીઝ વિસ્તારની ગરીબનવાઝ કોલોનીમાં નુરી મસ્જીદ પાસે એક રહેણાંક મકાનમાં ગૌમાંસ વેંચાતુ હોવાની પોલીસને બાતમી મળેલ હતી. જેના આધારે સ્ટાફએ ઉપરોકત બાતમીના સ્થળે એક રહેણાંક મકાન પર દરોડો પાડી તપાસ હાથ ધરતા ત્રણ શખ્સો હાજર મળી આવ્યા હતા. તપાસમાં મકાનની અંદર સીડી નીચે માસ મટનનો જથ્થો ભરેલા ચાર બાંચકા ઉપરાંત કુહાડી, વજન કાંટો-છાબડા, વજનીયા અને મકાનની બહારથી રીયલ ઓટો રીક્ષા મળી આવેલ હતી. ચાર બાંચકામાં શું છે તેની ખરાઈ માટે વેટેનરી તબીબને બોલાવવામાં આવ્યા હતા. જેમને બાચકામાં રહેલ જથ્થાની ચકાસણી કરી ગૌવંશનું મટનનો જથ્થો હોવાનો અભિપ્રાય આપેલ હતો. ત્યારબાદ ચોકકસ ખાત્રી માટે કાઉ-મીટ વાન એફએસએસ-રાજકોટ પાસે પરીક્ષણ કરાવેલ જેના રીપોર્ટમાં બાંચકામાં રહેલ જથ્થો ગૌવંશ માસ મટનનો હોવાનું જણાવ્યું હતું. ઉપરોકત બન્ને અભિપ્રાય બાદ બાંચકામા અંદાજે ૩૦૦ કીલો ગૌવંશ માંસ મટનના જથ્થા સાથે કુહાડી સહિતના સાધનો, રીક્ષા મળી કુલ રૂ.૫૬,૪૫૦ના મુદામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. આ સાથે મકાન માલિક હાજી ઈબ્રાહીમ કેસરીયા, જીબ્રાન અહમદ પંજા રહે.મતવા શેરી બહારકોટ, અલ્ફાજ આમદ સુમરા રહે. સેન્ટ કૌશર સ્કુલ સામે બન્ને રહે. પોલીસે ત્રણેય શખ્સો સામે આઈપીસી કલમ ૪૨૯, ૨૯૫(એ), ૧૨૦ બી તથા પશુ ઘાતકી કરપ અને ઘી પ્રાણી ક્રુરતાની કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# નહેરૂ યુવા કેન્દ્ર દ્વારા સ્વછતા જાગૃતિ કાર્યક્રમ યોજાયો



ચક્રવાત ટીમ વઢવાણ, તા.૧૮

સુરેન્દ્રનગરમાં નહેરૂ યુવા કેન્દ્ર દ્વારા સ્વચ્છતા અંતર્ગત સફાઈનો કાર્યક્રમ કરવામાં આવ્યો. આ કાર્યક્રમ મા વિશાલ પરમાર, ધવલ રાઠોડ, ભાવેશ સોયા, ગૌતમ રાઠોડ, વાઘેલા લલિત, પરમાર ભરત, જીતિયા વિનોદ વગેરે દ્વારા આ કાર્યક્રમ કરવામાં આવ્યો.

# ભાયાવદર શહેરમાં ગુજરાત કિસાન સંઘર્ષ સમીતી દ્વારા ખેડૂતોની જાહેરસભા

ચક્રવાત ટીમ વિજય રાડીયા, તા.૧૮



ભાયાવદર પટેલ સમાજ માં ગુજરાત કિસાન સંધર્ષ સમીતી દ્વારા આયોજિત એક સભાનુ આયોજન કરવામાં આવ્યું હતું આ સભામાં ગુજરાત કિસાન સંધર્ષ સમીતીના અને ખેડૂત નેતા એવા પાલ આંબલીયા ડાયાભાઈ ગજેરા એ આખાં દેશમાં છેલ્લા સાઈઠ દિવસ થી આઝાદી પછી નુ આ સૈથી મોટુ ખેડૂત આંદોલન ચાલુ છે કેન્દ્ર સરકાર દ્વારા ખેડૂતોની ઉપર જે ત્રણ કાયદા ઓ ઠોકી બેસાડતા આ ખેડૂતની વીરોધના હોય આ કાયદા પાછાં ખેંચી લેવામાં આવે તે બાબતે ખેડૂત મિત્રો ને જાગૃત કરી ને આહવાન કર્યુ છે કે આ દેશના ખેડૂતો જયારે દિલ્હી બોર્ડર પર આવી હાડ ભીડવતી ઠંડી મા છેલ્લા સાઈઠ દિવસ થી બેઠાં છે અને આ સહેદન હીન સરકાર મીટીંગ પર મીટીંગ કરી સમય બગાડે છે અને આ આંદોલન મા સહભાગી ખેડૂત મિત્રો એ જે સહાદત વોરી છે તેની સહાદત એડે ન જાય અને આ કાળા કાયદા પાછાં ખેંચી લેવામાં આવે તેનાં ભાગ રૂપે ગુજરાત ના ખેડૂત મિત્રોને જાગૃત કરવા માટે આજે ભાયાવદર શહેરમાંથી ખેડૂત સભા બોલાવીને આ કાળા કાયદાઓ કેવી રીતે ખેડૂતને નુકસાન કરે છે તેની વીગતવાર માહિતી આપી હતી આ સભામાં પાલ આંબલીયા ડાયાભાઈ ગજેરા ની આગેવાનીમાં અતુલ ભાઈ કમાણી વેપારી એસોસિયેશન ના પ્રમુખ ધોરાજીના ધારાસભ્ય લલીતભાઈ વસોયા વગેરેએ જરૂર પડે દિલ્હી સુધી જવાની ખાતરી આપેલ હતી.

# ઊનાના સનખડા ગામમાં આર્મી જવાનોનો સન્માન સમારોહ યોજાયો



ચક્રવાત ટીમ ઊના, તા.૧૮

ઊનાના સનખડા ગામે આર્મી જવાનોનુ સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો. ગામમાં આવેલ મેઈન બજાર ખાતે કાર્યક્રમ યોજાયેલ જેમાં જીલ્લા પંચાયત પૂર્વ સદસ્ય વિરાભાઈ ઝાલા, પૂર્વ ધારાસભ્ય કે.સી. રાઠોડ તેમજ ગામના આગેવાનો દ્વારા સન્માન કરવામાં આવ્યુ હતું. અને જે આર્મી જવાનો ફરજ ઉપર હોય તેવોના ઘરના સભ્યનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. હાલ આર્મીની ભરતીમાં જવા માટે તૈયારી કરી રહ્યા છે. તેવોને આગેવાનોએ માર્ગદર્શન પુરૂ પાડેલ હતું. અને સનખડા ગામમાં જવાનોને તૈયારી કરવા માટે ગ્રાઉન્ડ મળે તે જરૂરી છે. જોકે આ ગામમાં ૨૮ થી વધુ યુવાનો આર્મીમાં ફરજ નિભાવી રહ્યા હોય તે સનખડા ગામ માટે ગૌરવની વાત કહી શકાય છે.

# માંગરોળ તાલુકાના માનખેત્રા ગામના દલિત પરિવારો દ્વારા જૂનાગઢ કલેકટરને આવેદન

ચક્રવાત ટીમ જૂનાગઢ, તા.૧૮

વર્ષો થી પીડિત અને સોશિત સમાજ આજે પણ છેવાડાના ગામો મા પોતાના હકો વંચિત છે ત્યારે આજે માનખેત્રા ગામના દલિત પરિવારો વર્ષો થી એક જ ગામ માં રહે છે .પોતાની આજીવિકા માટે બીજો કોઈ રસ્તો નથી ત્યારે નથી કોઈ જમીન ને નથી રહેવા માટે ની પૂરી સુવિધા વારંવાર રજૂઆત છતાં સરકાર તરફથી ૧૦૦ વારના પ્લોટ યોજના હેઠળ ફાળવવામાં આવેલ નથી .. પંચાયત દ્વારા ૨૦૧૪નાં નિયમ મુજબની દરખાસ્ત કરવામાં આવેલ છે.તેમ છતાં વહીવટીતંત્ર દ્વારા કોઈ પ્રકારે આ દસ્તાવેજ ને આજદિન સુધી મંજુર કરેલ નથી. માનખેત્રા ગામના દલિત પરિવારના એક મકાનમાં ત્રણ-ત્રણ પરિવારો આજે ગીચતા અને અસગવડતા ભર્યું જીવન જીવી રહ્યા છે.

અવાર નવાર રજૂઆત કરવા છતાં આજદિન સુધી આ ગામના અનુસૂચિત જાતિના પરિવારોને ૧૦૦ વારના પ્લોટ મળવા માટે કોઈ કાર્યવાહી વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવી નથી. ત્યારે આજે જૂનાગઢ કલેકટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. આ પરિવારો એ વધુ મા જણાવ્યું હતું કે આગામી ૩૦ દિવસમાં યોગ્ય કાર્યવાહી કરવામાં નહીં આવે તો તમામ પરિવારો અચોક્કસ મુદતના પ્રતિક ઉપવાસ આંદોલન ઉપર જૂનાગઢ કલેકટર કચેરીની સામે જઈશું અને આ બાબતે તમામ જવાબદારી સરકાર અને તંત્રની રહેશે. સમાજ ના હિત માં બહુજન વિકાસ ફોજ તથા સૌરાષ્ટ્ર દલિત સંગઠનની આગેવાની રહી હતી જેમાં bvfના સંયોજક નિખિલભાઈ ચૌહાણ તથા sds ના બાબુભાઈ ચૌહાણ સૂર્યકાંત મકડીયા પંકજભાઈ બોરીચા અને માનખેત્રા ગામના સમસ્ત અનુજાતી સમાંજની મહિલાઓ તથા વડીલો યુવાનો વગેરે ઉપસ્થિત રહ્યાં હતા. આ તકે બી.વી.એફ.સંયોજક નિખિલભાઈ ચૌહાણ એ તંત્ર ને ચીમકી પણ ઉચ્ચારી હતી કે જો આ બાબતે વ્હેલી તકે તંત્ર કાયદેસર પગલાં ભરી અનુ જાતિના લોકોને ન્યાય નહિ આપે તો આગામી સમયમાં બહુજન વિકાસ ફોજ ના માધ્યમથી સમસ્ત જુનાગઢ જિલ્લાના અનુ જાતિ સમાજ ને સાથે રાખી ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

# ગોમતીપુરમાં સામાન્ય બોલાચાલીમાં આડેધની હત્યા : ત્રણની અટક કરાઈ

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૧૮

અમદાવાદમાં દિનપ્રતિ દિન હત્યાની ઘટનાઓ સતત વધી રહી છે. સામાન્ય બોલાચાલીમાં લોકો હત્યા કરતા પર ઉતરી આવે છે. ત્યારે આવું જ કંઈક શહેરના ગોમતીપુર વિસ્તારમાં થયું છે. જ્યાં સામાન્ય કચરો નાખવા જેવી બાબતે પાડોશીએ આડેધની હત્યા કરી નાખતા ચરચાર મચી જવા પામી છે. આ મામલે પોલીસે ત્રણ લોકોની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે. મળતી માહિતી અનુસાર, શહેરના ગોમતીપુર વિસ્તારમાં રહેતા ઈર્શાદ શેખે પોલીસ ફરિયાદ આપી છે કે ૧૬મી જાન્યુઆરીએ સવારે સાડા નવ વાગ્યાની આસપાસ તેમની ભાભીને તેની પાડોશમાં રહેતી પરવીના બાનુ સાથે કચરો નાખવા જેવી બાબતને લઈને સામાન્ય ઝઘડો થયો હતો.

આ ઝગડામાં પરવીના બાનુનું ઉપરાણું લઈને તેનો દીકરો આદિલ પણ ઝઘડામાં વચ્ચે પડ્યો હતો અને ગંદી ગાળો બોલવા લાગ્યો હતો. જેથી ફરિયાદીના મોટાભાઈ મોહમ્મદ હુસેન શેખએ આદિલને કહ્યું હતુ કે 'તું ઔરતો કે ઝઘડો મેં ક્યુ ગંદી ગાલી બોલતા હૈ, એમ કહેતા આદિલ તેનો ભાઈ ફેસલ, પિતા રઈશ ખાન અને અન્ય બે લોકો એમ તમામ લોકો એક સંપ થઈને મોહમ્મદ હુસૈન શેખને ગડદાપાટુનો માર મારવા લાગ્યા હતા. એટલું જ નહીં આદિલ ત્યાંથી લોખંડનો સળિયો લઈ આવ્યો હતો અને ફરિયાદીના ભાઈને માથાનાં ભાગે બે ત્રણ ફટકા મારી દીધા હતા. બાદમાં ફરિયાદી અને તેનો ભાઈ વચ્ચે પડતા તેઓને પણ આરોપીઓએ માર માર્યો હતો. જો કે આસપાસના લોકો મોટી સંખ્યામાં એકઠા થઈ જતાં આરોપીઓ ત્યાંથી ફરાર થઈ ગયા હતા. જો કે આરોપીઓ જતા જતા પણ મોહમ્મદ અને તેના પરિવારને ધમકી આપતા ગયા હતા.

# લખતર તાલુકાના અણીયાળી અને સાકર ગામે ખેડૂત જાગૃતિ અભિયાન અંતર્ગત ખેડૂત સભા



ચક્રવાત ટીમ લખતર, તા.૧૩

લખતર તાલુકાના અણિયાળી અને સાકર ગામે ખેડૂત જાગૃતિ અંતર્ગત ખેડૂત સભા નું આયોજન કરવામાં આવ્યું છે જેમાં છેલ્લા ૫૧ દિવસ થી દિલ્હી બોર્ડર ઉપર ચાલતાં ખેડુત આંદોલન ને સહયોગ કરવા માટે અને ખેડૂતો ને સમજ અને જાગૃતિ માટે કૃષિ બિલનાં કાયદાઓ થી થતા નુકસાન બાબતે જાણકારી સરળ રીતે ખેડૂતો સમજી શકે તે માટે અને સુરેન્દ્રનગર જિલ્લામાં પાક વિમા ની રકમ અને લાભ શા માટે નથી મળ્યો અને તેમાં કંપનીઓ અને સરકાર ની સાંઠગાંઠ ની રીત રસમ થી વાકેફ કરવામાં આવશે અને ખેડૂતો ને સહાય ની યોજના હેઠળ પડતી મુશ્કેલીઓ બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવશે અને ખેડૂતો ને દિલ્હી આંદોલન માં સહકાર અને જરૂર પડ્યે દિલ્હી ખાતે હાજર રહેવા માટે હાંકલ કરવામાં આવશે સુરેન્દ્રનગર જિલ્લામાં ખેડૂતો ની સહાય યોજના માં સતત કૌભાંડ થતાં હોય છે તેમાં ખેડૂતો જાગૃત બની સંગઠીત થઈ કૌભાંડ ન થાય તે માટે વાકેફ કરવામાં આવશે આ ખેડૂત સભા બિન રાજકીય હોય ફક્ત ખેડૂત હોય તેવા તમામ ને હાજરી આપવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે માટે પક્ષ થી પર રહી ખેડૂત તરીકે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે આ તકે ખેડૂત એકતા મંચ સુરેન્દ્રનગર જીલ્લા પ્રમુખ રાજુભાઈ કરપડા,કીશાન કોંગ્રેસ પ્રમુખ રામકુભાઈ કરપડા, ખેડૂત આગેવાનો પ્રતિકસિહ રાણા અને ખેડૂત આગેવાનો હાજર રહેશે તેમ ખેડુત એકતા મંચ લખતર તાલુકાના પ્રમુખ મુકેશભાઈ ડાભી એ જણાવ્યું હતું ખેડૂત સભા તા.૧૭-૧-૨૦૨૧ નાં સાંજે ૫ કલાકે અણીયાળી ગામે અને સાંજે ૭ કલાકે સાકર ગામે યોજાઈ હતી ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ઊના પોલીસે દારૂ તેમજ અકસ્માતના ગુન્હાનો નાસતો ફરતો આરોપીને ઝબ્બે



ચક્રવાત ટીમ ઊના, તા.૧૮

ગીરસોમનાથ જીલ્લા મરીન પોલીસ તેમજ દિવ પોલીસ સ્ટેશનમાં દારૂના ગુન્હામાં તેમજ અકસ્માતના ગુન્હામાં સંડોવાયેલ શખ્સ વિરૂધ્ધ ફરીયાદ નોધાયેલ હોય જે આરોપી જાવિદ ઉર્ફે જોન હબીબભાઈ શેખ છેલ્લા ધણા સમયથી નાસતો ફરતો હોય ઊના પોલીસે આરોપી જાવિદ ઉર્ફે જોન હબીબભાઈ શેખ ધંધો.ડ્રાઈવીંગ રહે, નલીયા માંડવી તા. ઉના હાલ. ઉના અનમોલ સોસાયટી વાળાને પોતાના રહેણાંક મકાને અનમોલ સોસાયટી માંથી ઊના પોલીસે ઝડપી પાડી જીલ્લા મરીન પોલીસ તેમજ દિવ પોલીસને જાણ કરવામાં આવેલ હતી.


ટેલીકોલર
જોઈએ છે
જીગરભાઈ : ૮૨૦૦૨ ૬૭૫૯૩

# સંસ્થાકીય સમાચારો

### શિયાળામાં ગરમીની હૂંફ

## મેંગોપીપલ પરિવારનાં બાળકોને નવા બ્લેન્કેટનું વિતરણ




ચક્રવાત ટીમ રાજકોટ, તા.૧૮

તાજેતરમાં નિર્મલરાજ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલીત મેંગોપીપલ પરીવારના સ્લમ વિસ્તારોના બાળકોને પૂજાબેન પટેલ દ્વારા તેમના જન્મદિવસ નિમિતે બ્લેન્કેટ વિતરણ કરવામાં આવેલા. શ્રીમતી પૂજાબેન માનસિક વિકલાંગ બાળકો માટેની સંસ્થા પ્રયાસમાં કાર્યરત છે અને નિયમિત રીતે પોતાનો જન્મદિવસ મેંગોપીપલ પરીવારના બાળકો સંગ ઉજવે છે. આ વખતે કડકડતી ઠંડીમાં સ્લમ વિસ્તારોના બાળકોને હુંફ મળી રહે તેવા આશયથી અંદાજે ૫૧ બાળકો અને તેમના પરિવારોને નવા બ્લેન્કેટ વિતરણ કરવામાં આવેલ. આટલી ઠંડીમાં નવા સરસ મજાના બ્લેન્કેટ મેળવી સ્લમ વિસ્તારોના બાળકોના ચહેરા પર સ્મિત આવેલ જેનો શ્રેય મેંગોપીપલ પરીવારની ટીમ ને મળેલ. આ સુંદર સતકર્મ સાથે જન્મદિવસની ઉજવણીને સાર્થક કરવા માટે મનીષભાઈ રાઠોડ, રૂપલબેન રાઠોડ, નિલેશભાઈ જોશી, ઉષાબેન રાવત તથા સમગ્ર મેંગોપીપલ પરીવારની ટીમે સુંદર જહેમત ઉઠાવેલી. અત્રે ઉલ્લેખનીય છે કે મેંગોપીપલ પરીવાર ઝુપડપટ્ટી અને સ્લમ વિસ્તારોના બાળકો માટે છેલ્લા સાત વર્ષથી સતત કાર્યશીલ સંસ્થા છે. સંસ્થા આ બાળકો માટે રાજકોટ તથા જામનગરમાં ફ્રી એજ્યુકેશન ક્લાસ ચલાવે છે. બાળકો માટે અનુદાન આપવા અને સંસ્થાની વધુ માહિતી માટે પ્રમુખશ્રી મનીષભાઈ રાઠોડ (મોં. ૯૨૭૬૦૦૭૭૮૬) પર સંપર્ક કરવા અનુરોધ છે.

## ઉપલેટામાં કડવા પટેલ સોશિયલ ગ્રુપ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો




ચક્રવાત ટીમ ઈમરાનભાઈ, તા.૧૮

હાલ સમગ્ર વિશ્વ કોરોનાવાયરસની વૈશ્વિક મહામારીનો સામનો કરી રહ્યો છે ત્યારે આ વૈશ્વિક મહામારીને પગલે આવેલ lockdown દરમિયાન બ્લડ ડોનેટની એટલે કે બ્લડની ખુબ અછત ઉભી થયેલ હોય અને હવે હર્ઙ્ઘ્ષા ની પ્રક્રિયા શરૂ છે ત્યારે બ્લડની અછતને પૂરી કરવા માટે ઉપલેટા શહેર અને તાલુકાના સૌ નાગરિકોને કડવા પટેલ સોશિયલ ગ્રૂપ દ્વારા બ્લડ ડોનેશન કરવા આવાહન પણ કરેલ. ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવે છે અને આ આવાહાનને પગલે ઉપલેટામાં કંટેસરીયા વાડી કોટેજ હોસ્પિટલ સામે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવા આવેલ હતું જેમાં દાતાઓ દ્વારા બ્લડ ડોનેટ કરવામાં આવ્યું હતું અને બ્લડની અછતને પૂરતી કરવા માટેના પ્રયત્નો કરાયા હતા સ્વ. હર્ષ પ્રભુદાશભાઈ ભાલાની ના સ્મરણાર્થે આ બ્લડ ડોનેશન કેમ્પની અંદર કુલ ૩૩૨ બોટલ બોટલ એકત્ર થઇ હતી અને આ બોટલને બ્લડ બેંકને સોંપી અને બ્લડ જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચે અને તેમને મદદરૂપ થાય તેવા પ્રયાસ અર્થે આ બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરાયું હતું.

દરેક સંસ્થાના સદ્દકાર્યો નિયમીત રીતે વાંચો
હવે ચક્રવાતના માધ્યમથી..
આપના સેવાકીય કાર્યો
લોકો સુધી પહોચાડીશું અમે..
આપની વિગત ફોટોગ્રાફ સહિત અમને મેસેજ કરો
ધ્રુવ સંચાણીયા : ડેસ્ક એડિટર : ચક્રવાત મીડિયા ગ્રુપ
મો. ૭૦૯૬૬૯૪૨૯૪

## સમગ્ર શિક્ષાના એડીશનલ સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરે માનવ મંદિરની મુલાકાતે



ચક્રવાત ટીમ વઢવાણ, તા.૧૮

સુરેન્દ્રનગરના મુલચંદ નજીક આવેલ માનવ મંદિર એટલે કે મૈત્રી વિદ્યાલયની તા. ૧૬-૦૧-૨૦૨૧ ના રોજ બપોરે સમગ્ર શિક્ષાના સ્ટેટ કચેરીના એડીશન લ સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટ શ્રી જયશ્રી બેન દેવાંગન મુલાકાત આવેલ, તેમની સાથે સ્ટેટ ઓફિસર ઈન્ચાર્જ એ. આર એન્ડ વી ઈ ડો. હિતેન્દ્રભાઈ જોશી, સ્ટેટ ઓફિસર ઈન્ચાર્જ ગર્લ્સ એજ્યુકેશન શ્રી દર્શનાબેન સુથાર પણ જોડાયા હતાં.

## ખંભોળજ સાહિત્ય સેવા સંસ્થા દ્વારા કવિ સંમેલનનું આયોજન



ચક્રવાત ટીમ આણંદ, મુંબઈ, ૧૮

આજ રોજ સવારે ૮.૩૦ થી બપોરે ૨.૦૦ કલાકે સુધી કવિ સંમેલન કાર્યક્રમ અંતર્ગત આવકાર રેવ. ફાધર અરૂલ દ્વારા, મુખ્ય મહેમાન ડોક્ટર ગુલાબચંદ પટેલ ગાંધીનગર સાહિત્ય સેવા સંસ્થા(રાષ્ટ્રીય અધ્યક્ષ), અતિથિ વિશેષ દિનેશ એમ. પરમાર ક્રાઈમ પડકાર ન્યુઝના તંત્રી દાહોદ ઉપસ્થિત રહ્યા. અમદાવાદ મંચના અધ્યક્ષ મહેશ આસોડિયા ગુજરાત, ફિલ્મ એકટર ડાયરેક્ટર સુનિલદત્ત મિશ્રા (છત્રીસગઢ) બધાં મહાનુભાવોનો પરિચય સંસ્થાના અધ્યક્ષ શૈલેષ વાણીયા 'શૈલ' દ્વારા ખંભોળજ સાહિત્ય સેવા સંસ્થાના અધ્યક્ષની જન્મ જયંતીની ઉજવણી કરી રહ્યું છે. ત્યારે સાહિત્ય વિકાસ સતત ગતિશીલ રહે તે હેતુસર ઓનલાઈન કવિ સંમેલનનું આયોજન કરવામાં આવેલ છે અને વોટશોપ મંચ ૨૫૭થી ભરેલ રહ્યો હતો, કાર્યક્રમની રૂપરેખામા આવકાર, દીપ પ્રાગટ્ય, પ્રાર્થના આરતી તિવારી સનત દિલ્હી દ્વારા મહેમાનોનો પરિચય, ફુલહાર વિધી સંસ્થા દ્વારા, મનુષ્ય જન્મ જયંતીનો મર્મ નિલેશ રાઠોડ નીલ દ્વારા, મહેમાનશ્રીઓનું પ્રવચન તેઓ જણાવે છે. કે કોરોના મહામારી માં ઓફ લાઈન એકત્ર થઈ શકતા નથી, ત્યારે ઘરની અંદર રહી સમાજ,દેશ માટે ઓનલાઈન એક સાચો માર્ગ છે. કુલ (૧૧૧) એકસો અગિયાર કવિ મિત્રો એ પોતાની કૃતિ રજૂકરી, દિલ્હી, મુંબઈ, રાજસ્થાન, બિહાર, ઓરિસ્સા, હરિયાણા, પંજાબ, અને ગુજરાતના કવિ મિત્રોએ ભાગ લીધો, બે વાગે પ્રમાણપત્રનું વિતરણ મહેમાનના હસ્તે કરવામાં આવ્યું હતું પ્રીતિ પરમાર આભાર વિધિમાં કરવામાં આવી અને કાર્યક્રમની અંતમાં રાષ્ટ્રગીતના ગાન સાથે પૂર્ણ કરવામાં આવ્યો.

## ધ્રાંગધ્રાના ચાર સુધરાઈ સભ્ય સહિત છ કોંગી આગેવાનોના સામુહિક રાજીનામા

ચક્રવાત ટીમ ધ્રાંગધ્રા, તા.૧૮

ગુજરાત રાજ્યમા આવતા એકાદ મહિનામા જીલ્લા તથા તાલુકા પંચાયત અને સ્થાનિક સ્વરાજની ચુંટણી જાહેર થવાના એંધાણ વર્ષિય રહ્યા છે ત્યારે ફરી એક વખત ભાજપ દ્વારા તોડ-છોડની નીતિનું શસ્ત્ર ઉગામ્યું છે. જેમા ધ્રાંગધ્રા શહેરના ચાર સુધરાઈ સભ્ય સહિત કુલ છ કોંગ્રેસી આગેવાનો દ્વારા સામુહીક રાજીનામા ધરતા ધ્રાગધ્રા શહેરના રાજકારણમાં ભરશિયાળે ગરમાવો આવ્યો છે. ચુંટણીના પુવૅ જ અચાનક ચાર સુધરાઈ સભ્ય, માઈનોરીટી પ્રમુખ સહિત છ જેટલા કોંગ્રેસી આગેવાનોને રાજીનામા પડતા કોંગ્રેસને મોટો ફટકો પડ્યો હોય તેવુ માની શકાય ત્યારે આવતા સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીમા રાજીનામા ધરેલ સુધરાઈ સભ્ય અને આગેવાનો કોગ્રેસ માટે મુશ્કેલી ઉભી કરી શકે છે. જોકે હાલ રાજીનામુ ધરતા તમામ કોંગ્રેસી આગેવાન દ્વારા અગામી રણનિતી તો આર નહિ કરી હોવાની વાત કરી રહ્ય છે પરંતુ ટુંક સમયમા ચાર સુધરાઈ સભ્ય સહિત અન્ય બે કોગ્રેસ આગેવાનો ટુંક સમયમા ભારતીય જનતા પાર્ટી સાથે જોડાય તેવી પ્રબળ શક્યતાઓ સેવાઈ રહી છે. તેવામાં જો ખરેખર આ તમામ આગેવાનો ભાજપમાં જોડાશે તો ધ્રાગધ્રા કોગ્રેસના સૌથી મોટો ફટકો અને ઐતિહાસીક સમય ગણવામાં આવશે કારણ કે વોડૅ નંબર ૨ના સુધરાઈ સભ્ય કુળદિપસિંહ પરાક્રમસિંહ ઝાલા સહિત અન્ય બે સુધરાઈ સભ્ય તેઓની પેનલના જ છે સાથે જ પરાક્રમસિંહ ઝાલાના ભાણુભા ગંભીરસિંહ જાડેજા પણ રાજીનામુ આર્પણ કરેલ છે આ ચાર સુધરાઈ સભ્યોની સાથે વધુ બે આગેવાન જેમા એક માઈનોરીટી સેલના પ્રમુખ તથા એક જીલ્લા મહામંત્રી રહી ચુકેલા આગેવાન પણ સાથે જ જોડાશે જેથી કોંગ્રેસનો છેડો ફાડી ભાજપના જોડાનાર ટુકડી ધ્રાંગધ્રા શહેર કોંગ્રેસને લગભગ વેરવિખેર કરી નાખે તેવા એંધાણ છે. ત્યારે હાલ તો આ તમામના રાજીનામા બાદ ધ્રાંગધ્રા શહેરના રાજકારણમાં તરહ-તરેહની વાતો અને ચર્ચાઓએ જોર પકડ્યું છે. કોંગી નેતાઓ કુળદિપસિંહ પરાક્રમસિંહ ઝાલા, ડી.કે.મકવાણા, ગુલશનબેન લોલાડીયા, ગજેન્દ્રસિંહ જાડેજા, મહમદભાઈ હુશેનભાઈ લોલાડીયા, અજયભાઈ ભટ્ટ એ રાજીનામા આપ્યા હતા.

## 'વસંતોત્સવ' વિષય પર મોરબી જિલ્લામાં ચિત્ર સ્પર્ધા યોજાશે

ચક્રવાત ટીમ, તા.૧૮

ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા તા.૦૧/૧૦/૨૦૨૦ ના રોજ ગુજરાતના યુવાધનને યોગ તથા શારીરિક સશક્ત બનાવાના વર્તમાન મોબાઈલ ટેકનોલોજીના વપરાશ સાથેના અભિગમથી 'મોબાઈલ ટૂ સ્પોર્ટ્સ' ના અભિયાનની નવતર પહેલ કરી છે. હાલના કોરોના મહામારીના વિષમ સંજોગોમાં (કોવિડ-૧૯)ની ફેસબૂક, વ્હોટ્સ એપ, ઈન્સ્ટાગ્રામ તથા વીડીઓ ગેઈમ્સ જેવી પ્રવૃત્તિઓમાં અત્યંત કીમતી સમય વેડફાતા યુવાધનને હકારાત્મક રીતે ક્રિયાશીલ કરવા રમતગમતની પ્રવૃત્તિઓ તરફ આકર્ષિત કરવા એ સમયની તાતી જરૂરિયાત છે. યુવાધનનો શારીરિક અને માનસિક વિકાસ ઉત્તમ રીતે થાય તે હેતુથી સરકારે વર્ષ-૨૦૨૦-૨૧ દરમિયાન **MOBILE TO SPORTS** ની નવી યોજના મંજૂર કરેલ છે. આ હેતુને સુચારુ રૂપે પાર પાડવા રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકની ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીની કચેરી તથા જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરીઓ દ્વારા સંયુક્ત રીતે 'વસંતોત્સવ' કાર્યક્રમ અંતર્ગત એક ચિત્ર સ્પર્ધાનું આયોજન કરેલ છે. જેમાં ૮ થી ૧૩ વર્ષના (જન્મ તા.૩૧/૧૨/૨૦૨૦ને ગણવાની રહેશે.) બાળકો ભાગ લઈ શકશે. સ્પર્ધકે ૭૪ સાઈઝના ડ્રોઈંગ પેપર પર 'વસંતોત્સવ' વિષય પર પોતાની કૃતિ તૈયાર કરી ચિત્રને માઉન્ટીંગ કરી કૃતિની પાછળ નામ, સરનામું, મોબાઈલ નંબર લખી તા.૨૮થી તા.૧૪ના બપોરે ૧૨ વાગ્યા સુધીમાં જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી, રૂમ નં.૨૩૬, બીજો માળ, તાલુકા સેવા સદન, લાલબાગ, મોરબી ખાતે મોકલવાની રહેશે. રાજ્યકક્ષાની ચિત્રસ્પર્ધામાંથી ૧૦ વિજેતા કલાકારોની પસંદગી થશે, તેઓ પૈકી પ્રથમ વિજેતાને રૂ.૨૫,૦૦૦/, દ્વિતીય વિજેતાને રૂ.૧૫,૦૦૦/-, તૃતીય વિજેતાને રૂ. ૧૦,૦૦૦/- એમ ત્રણ ઈનામો અને બાકીના અન્ય સાત વિજેતાઓને રૂ.૫,૦૦૦/-(પ્રત્યેકને) મુજબ આશ્વાસન ઈનામો આપવામાં આવશે. તમામ વિજેતાઓને ચિત્રકામ કીટ (ડ્રોઈંગ કીટ) આપવામાં આવશે. આ અંગેની વધુ માહિતી ''મોબાઈલ ટૂ સ્પોર્ટ્સ'' યોજના અંતર્ગત ફેસબુક પેજ તેમજ યુ ટ્યુબચેનલ પરથી મળી શકશે.

## સિધ્ધિ સિમેન્ટ સામે વાવડી ગ્રામજનોના આંદોલનને ગ્રામ પંચાયતના સાત સભ્યોએ ટેકો જાહેર કર્યો




ચક્રવાત ટીમ વેરાવળ, તા.૧૮

ગીર સોમનાથના મોરાસા ખાતે આવેલી સિદ્ધિ સિમેન્ટ કંપની સામે છેલ્લાં ૭ દિવસથી વાવડી ગામની ગૌસરની જમીનમાં ગેરકાયદેસર ખોડકામને લઈને આંદોલન કરી રહ્યા છે ત્યારે વાવડી ગામના ગ્રામ પંચાયતના ૭ સભ્યોએ પોતાનો ટેકો જાહેર કર્યો છે અને આગમી સમયમાં ઉગ્ર આંદોલન બનવાની માગ કરી છે. સુત્રાપાડા તાલુકાના વાવડી ગામે ગૌચર અને ખેડૂતોની માલિકીની જમીનનો કુલ વિસ્તાર ૯૩.૧૪૦૭ હેક્ટર જમીન લાઈમ સ્ટોન ખનીજના માઈનિંગ કરવા માટે આપતા સ્થાનિકોએ વિરોધ નોંધાવ્યો છે. સિધ્ધિ સિમેન્ટ કંપનીએ ખનીજ સંપત્તિને લૂંટવા માટે કાયદાકીય નિયમોની સદંતર અવગણના કરી. વર્ષ ૧૯૮૩ માં ફાળવેલી જમીન સામે ખેડૂતોએ વિરોધ નોંધાવતા વર્ષ ૨૦૧૩માં માઈનિંગ મુદ્દત પૂર્ણ થયા બાદ કંપનીએ લૂચ્ચાઈ વાપરી સરકારી અધિકારીઓને લાલચ આપી માઈનિંગ માટે ફરીથી મંજૂરી લઈ લીધી. સિધ્ધિ સિમેન્ટ કંપની દ્વાર ગેરકાયદેસર ખનન સામે વાવડીના ગ્રામજનો આંદોલન ચાલુ કરાયું છે જેમાં કંપની સામે ગેરકાયદેસર ખનન કરવામાં આવી રહ્યું છે જેને લઈને વાવડી ગામના ગ્રામજનો ધરણા પર બેઠા છે. સુત્રાપાડાના વાવડી ગામે સિધ્ધિ સિમેન્ટ કંપની દ્વારા કોઈ પણ નીતિ અને શરતો પાડ્યા વગર ખનીજ ખોદકામ ચાલુ કરી દીધું છે. જેને લઈને ગ્રામજનો રોષે ભરાયેલા છે ગ્રામજનો તેને લઈને સિધ્ધિ સિમેન્ટ કંપની સામે ગાંધી માર્ગે આંદોલન ચાલુ કર્યુ છે. વાવડી ગામમાં ખનીજ વિભાગના અધિકારીઓ નિરીક્ષણ કર્યુ હતું પણ કોઈ પણ નિરરાંકરણ ના આવતાં ગ્રામજનો દ્વારાથી આંદોલન ચાલુ કરાયું જેમાં ગ્રામ પંચાયતના સભ્યોએ પોતાનો ટેકો જાહેર કર્યો.

સમર્થનમાં આવેલા પંચાયતના સભ્યો રામસીંગભાઈ નારણભાઈ બારડ ઉપ સરપંચ, દેવાભાઈ તેજા વાળા, ધીરુભાઈ હાજાભાઈ જાખોત્રા, પ્રતાપ ભાઈ નારણભાઈ બારડ, રખમણબેન નાથાભાઈ જાદવ, પુનીબેન પુંજા ભાઈ ચભાડ, જવીબેન રાણાભાઈ વાઢેરે સમર્થન જાહેર કર્યું.

## મહીસાગર જિલ્લાના લુણાવાડા ખાતે કોંગ્રેસ પ્રેરિત કિસાન જ્યોત યાત્રાનું ભવ્ય સ્વાગત



ચક્રવાત ટીમ મહીસાગર, તા.૧૮

મહીસાગર જિલ્લામાં કિસાન જ્યોત યાત્રા જે પુણે થી દિલ્હી ૧૨ જાન્યુઆરી થી ૨૬ જાન્યુઆરી સુધી જન આંદોલન માટે રાષ્ટ્રીય સમન્વય અર્થે આયોજન કરેલ છે. જે કિસાન જ્યોત યાત્રાને મહીસાગર જિલ્લા કોંગ્રેસ સમિતિ એ લુણાવાડામાં ભવ્ય સ્વાગત કર્યું હતું. આ જ્યોત યાત્રા મહારાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન, હરિયાણા થઈ દિલ્હી પહોંચવાની છે. આ કિસાન જ્યોત યાત્રામાં રાખેલા કળશમાં દરેક રાજ્યોની માટી લય ને રાજઘાટ પહોંચશે. મુખ્ય હેતુ કિસાનો ને એકઠા કરી સંગઠિત કરવાનો છે.

## રાજકોટમાં કુંવારી યુવતી બની માતા : સમાધાનથી સુખદ અંત

(જી.એન.એસ.)રાજકોટ,તા.૧૮

શહેરની ભાગોળે આવેલા એક ગામની કુંવારી યુવતીએ રવિવારે બપોરે હોસ્પિટલમાં અધૂરા માસે પુત્રને જન્મ આપ્યો હતો. યુવતી પર દુષ્કર્મ થયાની શંકાએ પોલીસ અધિકારીઓ દોડ્યા હતા, પરંતુ પોલીસ પણ ત્યાં માહોલ જોઈને આશ્ચર્યચકિત થઈ ગઈ હતી. પુત્રના જન્મ સાથે જ યુવતી અને યુવકના પરિવારજનોએ બંનેનું વેવિશાળ નક્કી કરી નાખ્યું હતું, તો યુવકના પરિવારજનોએ પણ બાળકને અપનાવવાની ખાતરી આપી હતી. કોઠારિયા રોડ પર આવેલા એક ગામમાં રહેતી ૧૯ વર્ષની યુવતીને રવિવારે સવારે પેટમાં દુખાવો ઉપડતાં તેના પરિવારજનોએ તેને તાકીદે હોસ્પિટલમાં ખસેડી હતી. અને બપોરે યુવતીએ અધૂરા માસે પુત્રને જન્મ આપ્યો હતો. બાળકની તબિયત લથડતાં તેને કે.ટી.ચિલ્ડ્રન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યું હતું. કુંવારી યુવતીએ બાળકને જન્મ આપ્યાની જાણ થતાં આજી ડેમ પોલીસ સ્ટેશનના પીઆઈ ચાવડા સહિતની ટીમ દોડી ગઈ હતી. યુવતી દુષ્કર્મનો ભોગ બની હશે અને તે બાળકનો જન્મ થયો હશે તેવી અનેક શંકાઓ પોલીસના માનસમાં ઘુમરાતી હતી, પરંતુ પોલીસ જ્યારે હોસ્પિટલમાં યુવતી પાસે પહોંચી ત્યારે યુવતી કે તેના પરિવારજનોના ચહેરા પર સહેજ પણ ચિંતા કે ફરિયાદ દેખાતી નહોતી. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, ૧૯ વર્ષની કાજલ (નામ બદલાવેલ છે)ને તેની જ જ્ઞાતિના યુવક જિગ્નેશ (નામ બદલાવેલ છે) સાથે પ્રેમસંબંધ હતો. આ પ્રેમસંબંધની બંનેના પરિવારજનોને જાણ હતી અને બંનેના વેવિશાળ અંગે વિચારણા પણ ચાલતી હતી, ત્યાં જ રવિવારે કાજલે પુત્રને જન્મ આપ્યો હતો.

## રાજકોટમાં વોર્ડ નં.૧૧માં "આપ"ના કાર્યાલયનો પ્રારંભ



આમ આદમી પાર્ટી વોર્ડ નં ૧૧ રાજકોટ દ્વારા ભીમનગર વિસ્તાર માં બીજા જનસંપર્ક કાર્યાલય નો શુભારંભ. આ પ્રસંગે રાજકોટ શહેર ઉપાધ્યક્ષ શિવલાલભાઈ બરાસીયા, પૂર્વ શહેર પ્રમુખ કે કે પરમાર, શહેર મંત્રી દિલીપસિંહ વાઘેલા, વોર્ડ પ્રભારી મનોજભાઈ અઘેરાં, વોર્ડ પ્રમુખ રાજદીપસિંહ વાઘેલા, વોર્ડ ૧૧ ના ઉમેદવાર ઝછ ચેતનભાઈ કમાણી અને પંકજભાઈ વાઘેલા અને વોર્ડ ના અન્ય પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ મોટી સંખ્યા માં ઉપસ્થિત રહ્યા. બધા પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ નો ખુબ ખુબ આભાર.

## કુખ્યાત ડ્રગ વેપારી નઝમાની ૬૩ લાખ રૂપિયાના ડ્રગ્સ સહિત અટક

### મુંબઈ એન્ટી નાર્કોટિક્સ સેલ (ઘાટકોપર યુનિટ) ની કાર્યવાહી



ચક્રવાત ટીમ, મુંબઈ ૧૮

મુંબઈના મહીમ, બાંદ્રા, ખાર અને કુર્લા વિસ્તારોમાં ડ્રગ્સનો વેપાર કરતી નઝમા આખરે પોલીસના હાથમાં આવી ગઈ છે. પોલીસે તેની પાસેથી ૬૩ લાખની કિંમતનું ડ્રગ્સ મળી આવ્યુ છે. મુંબઈ એન્ટી નાર્કોટિક્સ સેલના ઘાટકોપર યુનિટ ઘણા દિવસોથી નજમા નામની ડ્રગ વેપારીની શોધમાં હતી. ૧૫ જાન્યુઆરીએ પોલીસને બાતમી મળી હતી કે તે બાંદ્રા વિસ્તારમાં એમડી ડ્રગ્સ વેચવા આવવાની છે. આ માહિતીના આધારે પોલીસે છટકું ગોઠવ્યું હતું અને તેને બાન્દ્રા વેસ્ટના લિંકિંગ રોડથી પરથી તેને પકડવામા આવી હતી.. પોલીસને નજમા પાસેથી ૧૦ લાખ રૂપિયાનું એમડી અને રૂ .૨૦,૦૦૦ ની રોકડ મળી આવી હતી. પોલીસ કસ્ટડીમાં પૂછપરછ બાદ નજમાના કુર્લા વેસ્ટ ખાતે માનવવૃષ્ટિ બિલ્ડિંગના ફ્લેટ નંબર બી -૭૦૫ માં છાપો માર્યો હતો. છાપા દરમિયાન રૂ. ૫૪ લાખની કિંમતનો ૨,૨૭૦ કિલો ચરસનો જથ્થો મળી રૂ .૯,૪૫,૦૦૦ ની રોકડ રકમ પણ મળી આવી હતી. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. મદદનીશ પોલીસ કમિશનર (ક્રાઈમ) મિલિંદ ભારંબાની સૂચના મુજબ, એડિશનલ પોલીસ કમિશનર (ક્રાઈમ) એસ વિરેશ પ્રભુ, નાયબ પોલીસ કમિશનર (એએનસી / મુંબઈ) દત્તાત્રા નલવાડે, સહાયક પોલીસ કમિશનર રાજેન્દ્ર ચિખલે, એએનસી ઘાટકોપર યુનિટના પ્રભારી પોલીસ નિરીક્ષક લતા સુતારની ટીમ. કાર્યવાહી કરી છે.

## તંત્રીસ્થાનેથી......

# કોરોના રસીકરણથી થતી આડઅસરો માનવ આરોગ્ય માટે કેટલી જોખમી?

ભારતમાં ૧૬ જાન્યુઆરીથી કોરોના વાઈરસની રસી આપવાની શરૂઆત થઈ ગઈ છે. રસીકરણ બાદ કેટલાક લોકોને આડઅસર થઈ હોવાના અહેવાલો પણ આવી રહ્યા છે. રવિવારે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે જાણકારી આપી કે કોરોના વાઈરસની રસી આપ્યા બાદ ૧૬ અને ૧૭ જાન્યુઆરીએ ૪૪૭ એઈએફઆઈ (એડવર્ડ ઈવેન્ટ ફૉલોઈંગ ઈમ્યુનાઈઝેશન) કેસ નોંધાયા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય સચિવ ડૉક્ટર મનોહર અગનાનીએ જણાવ્યું કે મોટા ભાગના કેસમાં તેની અસર સામાન્ય સ્તરની હતી. રસીની આડઅસર અંગે સ્વાસ્થ્ય સચિવ ડૉક્ટર મનોહર અગનાનીએ જણાવ્યું કે મોટા ભાગના કેસમાં સામાન્ય તાવ, માથામાં દુખાવો અને ઊબકાની ફરિયાદ રહી છે. જો રસીકરણ બાદ કોઈને હૉસ્પિટલમાં દાખલ કરવા પડે તો તેને સિરિયસ એઈએફઆઈમાં નોંધ કરવામાં આવે છે. માત્ર ત્રણ એવા મામલા સામે આવ્યા છે, જેમાં લોકોને હૉસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હોય. ધ હિંદુના એક અહેવાલ મુજબ મોરાદાબાદમાં રસી લેનાર એક વ્યક્તિનું મૃત્યુ થયું છે. પરિવારજનોનો આરોપ છે કે રસીને કારણે મૃત્યુ થયું જોકે હૉસ્પિટલ તેમનું મૃત્યુ હાર્ટ ઍટેકને કારણે થયું હોવાનું કહે છે. રસીકરણ બાદ આડઅસર થતાં કેટલાક લોકોમાં ભય પણ જોવા મળી રહ્યો છે. ત્યારે સવાલ એ થાય કે આ આડઅસર કેટલી જોખમી છે, આડઅસર કેટલા સમય સુધી રહે છે ? વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન અનુસાર, રાષ્ટ્રીયસ્તરે રસીકરણના કાર્યક્રમમાં સૂચવેલા નિયમો પ્રમાણે જો રસી આપવામાં આવે તો તે રસીનાં



**યાકુબ બાદી**
**તંત્રી**

પરિણામો સુરક્ષિત અને અસરકારક હોય છે. ઉૐ અનુસાર, હકીકતમાં કોઈ પણ રસી સંપૂર્ણ રીતે આડઅસરથી મુક્ત હોતી નથી. અને કેટલાક પ્રતિકૂળ સંજોગોમાં રસીનું પરિણામ ગંભીર પણ આવી શકે છે. ગાંધીનગરસ્થિત 'ઇન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ પબ્લિક હેલ્થ'ના ડિરેક્ટર ડૉ. દિલીપ માવળંકર કહે છે કે રસીની આડઅસર દર્શાવે છે કે રસી કામ કરી રહી છે અને રસીની ટ્રાયલમાં પણ આડઅસર આવતી હોય છે. અમેરિકાના ડેટા છે, તેમાં ૧૦ લાખમાંથી ૧૧ લોકોને આડઅસર થઈ છે, જેમને હૉસ્પિટલમાં સારવાર લેવી પડી છે, પણ દાખલ કરવા પડ્યા હોય એવું નથી. તેમના મતે સામાન્ય આડઅસર તો અન્ય રસીઓની જેમ આમાં પણ થવાની છે. રસી લેવાથી જીવને કેટલું જોખમ હોઈ શકે એ સવાલના જવાબમાં તેઓ કહે છે, એક જ આડઅસર એવી છે, જેમાં જીવને જોખમ હોઈ શકે છે અને એ છે એનાફાયલેક્સિસ. જો આવું થાય તો તાત્કાલિક સારવાર લેવી પડે છે. તેમાં શ્વાસ લેવામાં તકલીફ પડે, શ્વાસ રૂંધાય એવું થતું હોય છે. જે જગ્યાએ ઈંજેક્શન લીધું હોય ત્યાં સામાન્ય દુખાવો થાય, થોડો થાક લાગે, ઝીણો તાવ આવે અને કેટલાકને સામાન્ય શરદી થાય છે. કેટલાકને પેટમાં ગરબડ પણ થઈ શકે છે. આના સિવાય મોટી આડઅસર જોવા મળતી નથી. આ રસી નવી છે એટલે લોકોમાં ભય જોવા મળે એ સ્વાભાવિક છે. એટલે લોકોને સમજાવીને એ ભય દૂર કરવો પડે. રસી આપ્યા બાદ સામાન્ય તાવ, માથામાં દુખાવો કે ઈંજેક્શન આપ્યું હોય એ જગ્યાએ દુખાવો થાય છે. જો કોઈ રસી ૫૦ ટકા સુધી અસરકારક રહે તો તેને સફળ માનવામાં આવે છે.

## ૨૧મી સદીના વિકસીત ચિતારને પ્રસ્તુત કરતી અદ્ભૂત ફ્યૂચર ફીક્શન નવલકથા.....

# 'Krossing ગર્લ'

ધ જર્ની ઓફ ક્રિએટીવ હાર્ટિસ્ટ

રવિ વિરપરીયા

## પ્રકરણ ૪૩

પ્રકરણ ૪૩

અમારી કાર ગ્રાન્ડ કદ્ઘ પાર્ક પાસે આવીને અટકી. રાહુલને આવી કોઈ સરપ્રાઈઝ મળશે એવો સ્વપ્નેય ખ્યાલ નહોતો. અમે પાર્કમાં દાખલ થયા.

પાર્કમાં વડીલો જાણે અમારી જ રાહ જોતાં હતા. દરરોજ વાહનોથી ધમધમતું કદ્ઘ સર્કલ આજે થોડું શાંત હતું. નંદિની રાહુલને ગાડીમાંથી ઉતારી બગીચાની વિશાળ લોન વચ્ચે ગોઠવેલા ટૅબલ પાસે લઈ ગઈ. હું પણ રાહુલની બાજુમાં ગોઠવાયો. જાણે અગાઉથી બર્થ ડે સેલિબ્રેશનનું પ્લાનીંગ થયું ગયું હતું. બૅન્ડ પાર્ટી સંગીતના સૂર રેલાવા માટે તૈયાર હતી. શરણાઈમાંથી અને બૅન્જોમાંથી હેપ્પી બર્થ ડે ની ધૂન રેલાઈ.

નંદિનીએ રાહુલની આંખો પરની પટ્ટી હટાવી. રાહુલના ચહેરા પર આ સરપ્રાઈઝની ખુશીઓ જોઈ શકાતી હતી. બધાએ તાળીઓ પાડી. હેપ્પી બર્થ ડે રાહુલ...હેપ્પી બર્થ ડે રાહુલ..... હેપ્પી બર્થ ડે ડિયર રાહુલ.....રાહુલે કેક કાપી. નંદિનીને અને મને ખવડાવી. બધા વડીલોની આંખમાં હરખ હતો. મ્યુઝિકના સૂરને પણ ઉજવણીના મૂડમાં હતાં. તેના બિટ્સ હરખથી વધઘટ રહ્યા હતા. એક માજી લંગડાતા લંગડાતા આગળ આવ્યા. રાહુલના દુઃખણાં લેતાં કહ્યું "ભગવાન તને સો કહે વરસનો કરે દીકરા.."

બધા હસવા લાગ્યા. ત્યાં એક જુવાન લાગતાં બેને રાહુલને ડાન્સની ઑફર કરી. રાહુલ આ ફૉર્માલિટીથી સારી રીતે પરિચીત હતો. તે હાઈફાઈ ક્લાસમાં ઉછેર્યો હતો. તેના માટે પાર્ટીઓમાં આ બધું સામાન્ય હતું.

"કમ ઓન રાહુલ. જોશના મેમની ઈચ્છાનું માન રાખ તે બહુ સારા ડાન્સર છે" નંદિની બોલી.

રાહુલે નંદિની સામે જોયું. હસીને જોશના મેમનો હાથ હાથમાં લઈને પ્રેમથી ચુમ્યો. વડીલોના બોખા મોં માંથી સિટીઓ વાગવા લાગી. રાહુલે જોશના મેમ સાથે ડાન્સ શરૂ કર્યો. થોડીવારમાં બીજા વૃદ્ધ કપલ પણ જોઈન થવા લાગ્યા. બધાના ચહેરા પર અનેરો આનંદ અને રોમાંચ હતો. નંદિનીએ મારો હાથ પકડ્યો. મારી નકાર છતાં એ મને પણ નૃત્યની મહેફીલ વચ્ચે ખેંચી ગઈ.

ઈશિતા સાથે નવરાત્રિ રમ્યા પછી હું ડાન્સ બાબતે સાવ સહજ થઈ ગયો હતો. હું પણ બીજા કપલની જેમ નંદિની કમરને ટેકો આપી તો ક્યારેક તેને રાઉન્ડ ફેરવી ડાન્સ કરી રહ્યો હતો. મસ્તીના માહોલમાં પાર્ટનર બદલાતા રહ્યા. વૃદ્ધ હૈયાઓ આજે યુવાન બની ગયા હતા. જાણે પોતાની જુવાની પાછી આવી હોય એવા રંગમાં નાચી રહ્યા હતા. મેં અને નંદિનીએ હવે વિરામ લીધો. અમને હવે એમને નિહાળવામાં વધુ મજા આવી રહી હતી.

થોડી વાર પછી ગરબા શરૂ થયા. માહોલે ઓર જમાવટ લીધી. એમાં પણ તને જાતાં જોઈ પનઘટની વાટ રે... મારું મન મોહી ગયું... તથા તારી બાંકી રે પાઘલડીનું ફૂમતું રે મને ગમતું રે... ગીત વખતે પરિસ્થિતિ જોવા જેવી હતી. શું થનગનાટ અને ઉત્સાહ હતો. એ બધાને જીવનની આથમતી સંધ્યાએ આનંદના હિલ્લોળે ચડેલાં જોઈ મારી આંખો ભીની થઈ ગઈ.. નંદિનીની પારખુ નજર આ પામી ગઈ.

એ મારા કાનમાં હળવેકથી બોલી."જોયું ને ક્રિષ્ના જેને જીવવું છે તેઓ કોઈ ઉંમર કે બહાનાનાં મોહતાજ નથી. ઘણીવાર સમાજના મોટા કહેવાતા લોકો કોઈ ખાસ પ્રસંગે ઉજવણી કરવા માટે અહીં આવતા હોય છે. પરંતુ આજ જેવો માહોલ મેં ક્યારેય નથી જોયો. આમાંથી ઘણા પોતાના દીકરા કે દીકરીના લગ્નવખતે પણ આટલું નહીં નાચ્યા હોય. મારા માટે આ જ મહત્વનું છે."

એટલામાં રોમેન્ટિક મ્યુઝિક ચાલુ થયું. બધા કપલ ડાન્સ કરવા લાગ્યા. રાહુલને જોશના મેમ સાથે સારું ફાવી ગયું હતું. નંદિની ફરીથી મને બધાની વચ્ચે ખેંચી ગઈ. હું તેની સાથે ડાન્સ કરવા લાગ્યો. અમારી વચ્ચે એક મર્યાદા રેખા અંકાઈ ગઈ હતી. સંબંધોના સન્માનની. એટલે જ હું કોઈ શરમ કે સંકોચ વિના તેની કંપની એન્જોય કરી રહ્યો હતો. ત્યાં મારી નજર રોડ પર બગીચાની રૅલિંગ પાસે સ્થિર થઈ. ઈશિતા પોતાની ફ્રેન્ડ સાથે ઉભી ઉભી મારો આ કપલ ડાન્સ જોઈ રહી હતી. અમારી નજર મળતાં તેને સખત ગુસ્સા સાથે મોઢું ફેરવી લીધું.

મારા હૈયામાં ફાળ પડી. "ઓહ શીટ યાર... આ પાછી કયારે આવી ? રિલેશનશીપના માંડ પાટે ચડેલી ગાડી પાછી પાટા પરથી ઉતરી જવાની હતી.

નંદિની એમારી આંખોની દિશા તરફ જોયું. તે પરિસ્થિતિ પામી ગઈ હોય એમ બોલી. "લાગે છે નેક્સ્ટ વિકમાં મારે ગ્રાન્ડ હ્લસ્માં ફર્સ્ટ બ્રેકઅપનું આયોજન કરવું પડશે ?

મારી પાસે જવાબ દેવા માટે કોઈ શબ્દો નહોતાં.

★ ★ ★

"સ્ટારવૉર જેવી મૂવી કે વિડીયો ગેમમાં તમે એલિયન સામેની લડાઈમાં થતો સંઘર્ષ જોયો જ હશે જીતવા માટેના દાવપેચ, એલિયનોની શરીરની રચના અને તેના આક્રમણની પૃથ્વીને બચાવવાનો ટાસ્ક આ બધું તમે લગભગ અનુભવ્યું હશે. લેકીન...કિન્તુ...પરંતુ..

આપણે એનાથી પણ વધુ ઈન્ટરેસ્ટિંગ મિશન પર જવાના છીએ. આજથી મહિના દિવસ સુધી આપણે એક સાવ અનોખા મિશન પર કામ કરીશું. મિશનનું નામ છે "આકાશગંગા". 'ફ્યુચર લૅબ' ના કોઈપણ ટાસ્કની જેમ તમારે આમાં એકલા કશું કરવાનું નથી. તમારા પાર્ટનર જોડે મળીને આખું મિશન કમ્પ્લિટ કરવાનું છે. તમને મીશનની રૂપરેખા સમજાવી દઉં.

બીજી આકાશગંગાના એલિયનો આપણા પર આક્રમણ કરવાની તૈયારી કરી રહ્યા છે. તેમને આપણી આકાશગંગાના મુખ્ય પ્રવેશદ્વાર સુધી પહોંચતા ૨૦ દિવસ થાય એમ છે. આપણી યુનિવર્સલ ફોર્સ તેની સામેની લડાઈ વધુમાં વધુ ૧૦ દિવસ ટકી શકે તેમ છે. આપણે તેના આક્રમણથી બચવું હોય તો એક જ ઉપાય છે. કી લૉક સિક્યોરિટી સિસ્ટમ. આપણી સૂર્યમાળાના દરેક ગ્રહ પર એક ચાવી છૂપાયેલી છે. તમારે એ બધી ચાવી તેની ડિફેન્સ ફોર્સને હરાવી તેના સિક્યુરિટી લેયર્સ તોડીને ભેગી કરવાની છે. એ બધી ચાવી એકસાથે મળીને એક સિક્યોરિટી સિસ્ટમ ક્રિએટ કરે છે. આ સિસ્ટમ એટલે કી લોક. જે આપણી આકાશગંગાને કોઈપણ આક્રમણથી બચાવવા સક્ષમ છે. આ લડાઈ બહુ બુદ્ધિપૂર્વકની છે. તમે દરેક મોરચે શ્રેષ્ઠ પરર્ફોમન્સ આપી શકતો તો જ જીતી શકશો.

તમને ધો. ૧ થી ૧૦ નું ગણિત અને વિજ્ઞાન આવડવું જરૂરી છે. સાથે આવર્ષોના ઈતિહાસનું જ્ઞાન હોવું અનિવાર્ય છે. જેનું આપણે પ્રથમ ત્રણ મહિનામાં વાર્તા અને ગેમ સ્વરૂપે રિવિઝન કરેલું. આ ટાસ્કમાં તમારે તમારી નોટબુકમાં સફરમાં આવતાં આંકડાઓ અને જગ્યાઓ વિશેની ઈન્ફોર્મેશન નોટ્સ કરતાં જવું પડશે. બધી કી ના જવાબ તમારી ટેસ્ટબુકમાં પઝલ કોડ તરીકે છુપાયેલા હશે. બોનસ પોઈન્ટ અને માઈન્સ પોઈન્ટની સિસ્ટમ છે. ખાલી ટાસ્ક પૂરો કરવો જ અગત્યનો નથી. પરંતુ સાથે ટાસ્કનું ટાઈમિંગ અને માર્કસ પણ ઈમ્પોર્ટન્ટ છે.

સર, અમે એક મહિનામાં ટાસ્ક પૂરો ના કરી શક્યા તો ?" એક છોકરાઓ સવાલ પૂછ્યો.

"શા માટે આવું વિચારો છો ? શરૂઆત કર્યા પહેલાં આટલી નેગેટીવીટી શા માટે ? તમે આ ગેમ ફ્રી પિરીયડમાં પણ રમી શકો છો. પરંતુ બંને પાર્ટનરોએ ભેગા મળીને રમવી ફરજિયાત છે. દર છ મહિને લેવાતી એકઝામ પછી આપણે આવી એક ગેમ રમીશું. તમને એકઝામના સ્ટ્રેસમાંથી દૂર કરી તાજામાજા બનાવવા તથા રિવિઝન કરવા માટે." સર બોલ્યા.

"સર કોઈ પાર્ટનર બીમાર પડ્યું કે બહારગામ જવાનું થયું તો ?" એક છોકરી એ પૂછ્યું.

"સરે હસીને કહ્યું" ઈન્ડિયન મૅન્ટાલિટી કેવી છે ખબર છે ! સમસ્યાના જવાબ શોધતાં પહેલા તો તેનો જવાબ મળશે તો શું પ્રશ્નો ઉભા થશે એના વિશે વિચારવા માંડે. તેને જવાબ શોધતાં બીજી કઈ કઈ મુશ્કેલી આવી શકે છે તેનું એનાલિસિસ કરવું પણ બહુ ગમે. બીજા નકામા વિચારો છોડી આ ટાસ્કની તૈયારીમાં લાગી જાવ.

સર, ગેમ... આઈ મીન ટાસ્ક ફર્સ્ટ કમ્પ્લીટ કરે કે કોઈ રૅકોર્ડ સાથે પૂરું કરો તેને કોઈ ઈનામ મળશે ?" મીરાએ પૂછ્યું

"વાહ કોઈને તો આ માટે અંદરથી ઉત્સાહ છે. યસ, તમે ફક્ત ૫૦ પોઈન્ટ સાથે ગેમ પુરી કરી દો એટલે મારા તરફથી આખો કલાસ માંગે એ ટ્રીટ મળશે" રોબો સર બોલ્યા.

મે રુલ્સ વાંચ્યા. પોઈન્ટની સિસ્ટમ જોઈ. "મીરા, રેકોર્ડ સાથે પૂરુંકરવું બહુ ટફ છે...પોઈન્ટ માટે ગેમ મેક્સિમમ ૧૦ % ભૂલો સાથે ૨૦ દિવસમાં પૂરી કરવી પડે. આપણે જુદા જુદા સબજેક્ટના ઘણા ટાસ્ક કર્યા છે. આ ગેમ આપણે ધારીએ એટલી સહેલી નથી." મેં કહ્યું.

"પહેલેથી હાર માની લેવા કરતાં પ્રયત્ન કરવામાં શું ખોટું છે. આપણી પાસે ૧૦ દિવસ એક્ટ્રા છે. મને લાગે છે આપણે નવો રેકોર્ડ ક્રિએટ કરી બતાવીશું." તે બોલી.

મીરા જેટલું આશાવાદી મે હજુ સુધી જોયું નહોતું. તેની કાબેલિયત કે મહેનત વિશે કોઈ શંકા નહોતી. પરંતુ હું સાગર કે ઈશિતા દ્વારા વારંવાર મળતાં સરપ્રાઈઝને લીધે માનસિક રીતે સતત કન્ફ્યુઝ રહેતો. ઘણીવાર કલાસમાં પણ એના વિચારોમાં ખોવાયેલો રહેતો ત્યારે મીરા મને ટોકતી રહેતી. 'ફ્યુચર લૅબ'ના દરેક ટાસ્ક ગેમ આ પદ્ઘ ટૅકનૉલૉજીના કમાલને લીધે સુપર એકસાઈટેડ બની રહેતી. બહુ અઘરા ના હોય પરંતુ ક્રિએટિવ હોય. દિમાગને સતત એકટિવ રાખવું પડે તેવી અવનવી પઝલના કોયડામાં ગૂંથાયેલા હોય.

એમાં પણ આ રોબો સરનો ટાસ્ક હતો. રોહિત બારોટ. તેઓ મૅથેમેટિક્સનાં ફિલ્ડમાં 'મૅટ્રિક્સ માઈન્ડ'તરીકે પ્રખ્યાત હતા. અમને ફિઝિક્સ શીખવતાં હજુ સુધી ડિજિટલ બ્લૅકબૉર્ડ પર સૂચના કે નોટ્સ તરીકે એકેય અક્ષર લખ્યો નહોતો અને આખું વર્ષ લખવાના પણ નહોતા. તેમના ગતિના નિયમો કે થર્મોડાયનેમિક્સના નિયમોની પ્રેક્ટિકસ અમારે ટેકનોલોજી એ સર્જેલા જંગલના પ્રાણીઓ વચ્ચે કરવી પડતી. તેમને માનવીના ચંચળ મન કરતાં પ્રાણીઓની વફાદારી પર પૂરતો ભરોસો હતો. એમના અપાયેલાં ટાસ્કમાં અમે આ હકીકત અનુભવી શકતાં. રોબો સર ૧૫મી ઓગસ્ટ અને ૨૬મી જાન્યુઆરીએ મિસાઈલ અને મીની હેલિકૉપ્ટરથી ધ્વજ પર પુષ્પવર્ષા કરાવતાં. તેમને સ્ટડી વિથ ટાસ્કમાં રસ હતો. અમારે બે વર્ષમાં ક્લાસમાં ક્યારેય પણ ફિઝિક્સને ટેસ્ટબુકને ટચ પણ કરવાનો નહોતો. છતાં પણ પરિક્ષામાં બધા સવાલો આવડતાં હશે એની ખુલ્લી ગેરેંટી આપતાં.

"મીરા આપણે સેમ્પલ ટાસ્ક ચેક કરી લઈએ એટલે ટાસ્કનું પાણી મપાય જાય. આપણને આગળની તૈયારી કરવાનો આઈડીયા આવે" મેં મારો મત રજૂ કર્યો.

"તું ચેક કરી લે. આગળના બધા ટાસ્કની જેમ બધું સાવ ડિફરન્ટ હશે. સાથે કંઈક સરપ્રાઈઝ એલિમેન્ટ્સ પણ હશે. તું ધાર એમ કોઈ એક જ માઈન્ડ સેટ કે કોઈ કોમન મૅટર મેં આજ સુધી એક પણ ટાસ્કમાં નથી જોઈ. અહીંયા કશું રિપીટ નથી થતું. બેટર છે આપણે પ્રિપેરેશનમાં ટાઈમ વેસ્ટ કરવાને બદલે કાલથી જ સ્ટાર્ટ કરીએ." મીરાએ કહ્યું.

(ક્રમશઃ)

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઇસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૧૯-૦૧-૨૦૨૧, મંગળવાર, પોષ સુદ-૬, સૂર્યોદય-૭-૧૪, સૂર્યાસ્ત-૫-૪૯, જૈન નવકારશી-૮-૧૮, આજની રાશિ : મીન (દચ.ઝ.થ.), નક્ષત્રઃ રેવતી

**- શુભ ચોઘડીયા -**

૧૨-૩૪થી અભિજીત-૧૩-૧૮ સુધી,૭-૩૦થી શુભ-૮-૫૨ સુધી, ૧૧-૩૫ થી ચલ-લાભ-અમૃત-૧૫-૩૯ સુધી, ૧૭-૦૧થી શુભ-અમૃત-ચલ-૨૧-૩૯ સુધી

**- શુભ હોરા-**

૭-૩૦થી ૮-૨૪ સુધી, ૧૦-૧૩થી ૧૨-૫૬ સુધી, ૧૩-૫૦થી ૧૪-૪૫ સુધી, ૨૬-૩૩ થી ૧૯-૨૮ સુધી

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

## રાશીફળ

» મેષ (અ.લ.ઈ.) :- ઈષ્ટદેવની કૃપાથી રાહત ધાર્મિક ઉપાસનાથી લાભ, વાતાવરણ સુમેળભર્યું રહે. માનસિક ચિંતા હળવી બને.

» વૃષભ (બ.વ.ઉ.) :- ધર્મઆધ્યાત્મિક ક્ષેત્રે રુચિ વધતી જણાય. યાત્રા પ્રવાસનું આયોજન થાય. આરોગ્ય સંભાળવું.

» મિથુન (ક.છ.ઘ.) :- જમીન-મકાન, વાહનનોયોગ, આરોગ્ય સુખાકારી વેપાર અર્થે થયેલો પ્રવાસ લાભદાયી બને.

» કર્ક (ડ.હ.) :- આકસ્મિક ધનલાભ થાય. સ્વાસ્થ્ય સારુ રહે. આવકમાં વધારો થાય. વડીલોનું માર્ગદર્શન મળી રહે.

» સિંહ (મ.ટ.) :- સટ્ટાકિય બાબતોથી સંભાળવું નાણાંકીય સ્થિતિ મજબૂત બને. આવકનું પ્રમઆમ જળવાઈ રહે.

» કન્યા (પ.ઠ.ણ.) :- રોજગારીની નવી તકો મળે. માનસિક ચિંતા હળવી બને. આવકનું પ્રમાણ જળવારી રહે. આકસ્મિક ધન લાભ થાય.

» તુલા (ર.ત.) :- નોકરિયાતવર્ગને ઉપરી અધિકારીનું માર્ગદર્શન મળે. પ્રમોશન મલે. આવકનું પ્રમાણ જળવાયેલું રહે.

» વૃશ્ચિક (ન.ય.) :- દિવસ આનંદમય પસાર થાય. કૌટુંબિક વાતાવરણ સુમેળ ભર્યું રહે. યાત્રા-પ્રવાસ શક્ય બની રહે.

» ધન (ભ.ધ.ફ.ઢ.) :- માનસિક ચિંતા હળવી બને. રાજકીય ક્ષેત્રે લાભ થશે, પરંતુ જવાબદારીમાં વધારો થઈ શકે છે.

» મકર (ખ.જ.) :- કાયદાકીય પ્રશ્નો હલ થાય. માનસિક ચિંતા ઓછી થાય. નોકરીમાં ફાયદો. આવકનું પ્રમાણ જળવાઈ રહે.

» કુંભ (ગ.શ.સ.) :- વારસાગત મિલકતના પ્રશ્નો હલ થાય. આરોગ્ય સાચવવું, અભ્યાસમાં પ્રગતિ. લગ્નઉત્સુકો માટે ઉત્તમ સમય.

» મીન (દ.ચ.ઝ.) :- નોકરી ધંધામાં પ્રગતિ. ધંધાનું આયોજન સફળ બને. માનસિક ચિંતા હળવી બને. સમય શુભ.

# જનતાની માનસીકતાનો એકસ રે કાઢતી સ્થાનિક ચૂંટણીનો બ્યુગલ

લોકશાહીમાં લોકમતની ચૂંટણીથી પ્રતિનિધિ ચૂંટવાની પ્રજાસતાક વ્યવસ્થાનો પાયો એટલે પંચાયત અને સ્થાનિક વોર્ડની ચૂંટણી હોય છે,

નજીક દિવસોમાં ગુજરાતના મહાનગરો, નગરપાલીકાઓ, જીલ્લા પંચાયતો, તાલુકા પંચાયતોની ચૂંટણી આવશે અને જનતાને મતદાન કરવાનું હશે પરંતુ સ્થાનિક ચૂંટણીના મતદાનના પાયા ઉપર ભવિષ્યની વિધાનસભા અને લોકસભાની ચૂંટણીઓની પાયાની ઈંટો મુકાશે,

નોટબંધી, બમણો જી.એસ.ટી., ૧૦૦% એફ.ડી.આઇ., શિક્ષણ ઉદ્યોગ, બેંકો ફડચામાં જવી, જનતાની બચતના કરોડો રૂપિયા ડુબી જવા, ૨૩ જેટલી સરકારી કંપનીઓનું સંચાલન અને વેચાણ, અસહ્ય મોંઘવારી, કરોડો શિક્ષિતોની બેરોગખારી, ખેડૂતોને પાક વિમો ચુકવવામાં નાદારી, ખેડૂતોનું દેવુ માફ કરવામાં નાદારી અને ઉદ્યોગપતિઓને ૨,૬૦,૦૦૦ કરોડની લોન માફી, અનેક અવનવા તખલખી કાયદાઓ, કંપનીઓની તરફેણમાં નવા કૃષિ સુધારણા અધિનિયમ સુધારાઓ, દેશભરમાં કિસાન આંદોલન, જેવા દેશ અને આપણા પરીવારને નુકસાન કરતાં, શોષણ કરતા તઘલખી શાસનના અનુભવ પછી એના એજ શાસક પક્ષના સ્થાનિક ઉમેદવારોને મતદાન આપીને અથવા બહિષ્કાર કરીને જનતાએ પોતાની માનસીકતા અને શાસન પસંદગી પ્રગટ કરવાની રહેશે,

સ્થાનિક ચૂંટણીઓમાં નજીકના જાણીતા પરીચિત ઉમેદવારો ચૂંટણી લડતા હોય છે સગા સગપણ, મિત્રતા, પડોશી, નાત જાત વગેરેની સાથે આંખની શરમથી પણ મતદાન કરવામાં આવે છે પરંતુ સરવાળે તે બધા ઉમેદવારો પક્ષ તરફથી ઉભેલા ઉમેદવાર હોય છે તે કોઈ મતદાર વિચારતા નથી,

સ્થાનિક ચૂંટણીનું મતદાન પણ ખરેખર તો રાજકીય પક્ષને આપવાનું મતદાન છે જે શાસનમાં તાનાશાહી લાદવામાં આવી છે એ શાસક પક્ષની તરફેણ કરવા તે પક્ષના ઉમેદવારને સ્થાનિક ચૂંટણીમાં મત આપીને જનતાએ સરમુખત્યારશાહીને ખુલ્લુ સમર્થન કર્યુ ગણાય,

સામાન્ય રીતે લોકો એમ સમજે છે કે તાલુકા, જીલ્લા કે વોર્ડની ચૂંટણીના મતદાનની કોઇ કિંમત નથી પણ જીલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલીકા, કોર્પોરેશનમાં છેલ્લા પાંચ વર્ષમાં જનતાના કરવેરાના કેટલા રૂપિયાની ગ્રાન્ટ ખર્ચવામાં આવી તેનો હિસાબ પણ જનતાએ મેળવવો જોઈએ તે પછી લોકોને સ્થાનિક ચૂંટણીના મતદાનની કિંમત સમજાશે,

પંચાયતી રાજ ગણાતી લોકશાહીમાં તાલુકા અને જીલ્લા પંચાયતના મતદાનનું મુલ્ય લોકસભા ચૂંટણીના મતદાન કરતા બમણુ માનવામાં આવે છે,

ગ્રામ્ય યોજનાઓ, જળ, સિંચાઈ, કૃષિ, વનીકરણ, પશુપાલનનો સીધો સંબંધ તાલુકા, જીલ્લા પંચાયતોની ચૂંટણી સાથે છે રાજય અને દેશના બજેટની ૪૦-૪૨ ટકા રકમ ગ્રામ્ય વિકાસ, કૃષિ વિકાસ, વન વિકાસ, પ્રર્યાવરણ, જળ અને સિંચાઈ વ્યવસ્થા માટે વપરાય છે, ગામડાઓ અને શહેરોના ઘર ઘર સુધી પાણી, વિજળી, અનાજ, શિક્ષણ, આરોગ્ય, રોડ રસ્તા, રોજગારની વ્યવસ્થા ઉભી કરવા માટે અબજો રૂપીયા ખર્ચાય છે એટલે સ્થાનિક ચૂંટણીમાં મતદાન કરનારા મતદારે ખુબ ગંભીરતાથી વિચાર કરવો જોઇએ,

દેશમાં રાષ્ટ્રપતિની ચૂંટણીમાં સામાન્ય મતદારને સીધુ મતદાન કરવાની તક મળતી નથી પરંતુ વોર્ડ અને તાલુકા તથા જીલ્લા પંચાયતની ચૂંટણીઓનું મતદાનની ગણના રાષ્ટ્રપતિશ્રીની ચૂંટણી જેવી છે,

દેશભરમાં અને ગુજરાતમાં કરોડો ખેડૂતો પાક વિમા,



**રાજ પ્રજાપતિ**
**બ્રહ્માસ્ત્ર**

દેવા માફી અને ટેકાના ભાવ તથા નવા કૃષિ સુધારા કાયદાઓ સામે આંદોલન ચલાવી રહ્યા છે ત્યારે પાક વિમાનું પ્રિમિયમ ભર્યા પછી ૫૫,૦૦,૦૦૦ પીડિત ખેડૂતોને પાક વિમાની રકમ ચુકવવામાં આવતી નથી ૫૫ લાખ ખેડૂતોના ૨,૩૦,૦૦,૦૦૦ મતદારો પૈકી દોઢ કરોડ ખેડૂત પરીવારના મતદારો માટે ગુજરાતની સ્થાનિક ચૂંટણી દરેક માંગણીઓના અન્યાયનો બદલો લેવાની સુવર્ણ તક આપનાર છે,

ગુજરાતમાં ખાનગી શિક્ષણ ઉદ્યોગના ગ્રાહક વાલીઓ પાસેથી શિક્ષણ આપ્યા વિના ૭૫% ટકા ફી વસુલવામાં આવી રહી છે, ઓનલાઈન દોઢ કલાકના એટલે કે ૧૫ ટકા શિક્ષણ આપીને ૭૫ ટકા ફી વસૂલવામાં આવી છે તેનો હિસાબ કરવાની નગરપાલીકાઓ અને કોર્પોરેશનોની ચૂંટણીના મતદારોને પણ સુવર્ણ તક આપશે,

મતદાન નો દિવસ દરેક અન્યાયનો બદલો લેવાનો દિવસ હોય છે, ક્યાં પક્ષના શાસનમાં મતદારોને માતબાર નુકસાન થયુ છે, વેપારીઓ કયા પક્ષના શાસનમાં બરબાદ થયા ? ખેડૂતો ક્યાં પક્ષના શાસનમાં પીડાય રહ્યા છે ? વાલીઓનું શોષણ ક્યાં પક્ષના શાસનમાં થઈ રહ્યું છે, સૌથી વધુ મોંઘવારી ક્યાં પક્ષના શાસનમાં ભોગવવી પડે છે ? બેરોજગારીથી ગરીબો ક્યા પક્ષના શાસનમાં દુઃખી થયા છે ? આ બધાનો હિસાબ મતદારોએ કરવાનો સમય છે,

નાતજાત, ધર્મ અને સંપ્રદાયની વાતોથી છેતરાયને મતદારો અન્યાય અને બધી પીડાઓને ભુલીને અન્યાય કરનારા, દંડ કરનારા, પક્ષપાત કરનારા, જોહુકમી કરનારા, પક્ષના ઉમેદવારોને મતદાન આપશે તો વધુને વધુ અત્યાચાર વધશે કારણે પ્રજા મતદાન કરીને એ પક્ષના શાસનને સમર્થન આપે એટલે અનેક ગણો ભ્રષ્ટાચાર અને અત્યાચાર વધશે,

ભ્રષ્ટાચાર અને બીજા બધા દુષણો, બધા અન્યાયોનો બદલો લેવાનો અવસર આપતી સ્થાનિક ચૂંટણીમાં શાસક પક્ષ વિરોધી મતદાન શાસકોને મતદારો, ખેડૂતો, વાલીઓ, બેરોજગારીનું ભાન કરાવનારુ મતદાન બની રહેશે,

ધારાસભા અને લોકસભામાં જે પક્ષ સતામાં હોય તેના બદલે નગરપાલીકા, કોર્પોરેશન, તાલુકા, જીલ્લાની ચૂંટણીઓમાં તેના વિરોધ પક્ષને મતદાન કરવાથી ભ્રષ્ટાચાર અને અન્યાય કરવાની કોઇ પક્ષની હિંમત કે તાનાશાહી રહેશે નહી,

ગુજરાતમાં આગામી સ્થાનિક ચૂંટણી ગુજરાતના ખેડૂતો, વાલીઓ, વેપારીઓ, શિક્ષિત બેરોજગારોની માનસિકતા અને પ્રજા કેવું શાસન ઈચ્છે છે તેનો એકસ રે રીપોર્ટ બની રહેશે..

જોઇએ પ્રજા જાતીવાદ અને ધર્મવાદના નામે ભ્રષ્ટાચાર અને અત્યાચાર તથા અનેક અન્યાયને સ્વિકારે છે કે અન્યાયનો બદલો લેવા ખેડૂતો અને વાલીઓ તથા બેરોજગારો તેમજ નાના વેપારીઓ આત્માનો અવાજ સાંભળીને પવિત્ર મતદાન કરશે તે સમય સાથે સૌ જાણીશું.

## જીવનમાં હંમેશા નિશાન તો ઊંચું જ રાખવું..

આપણે જ્યારે પણ કોઈ પરિવર્તન લાવવા ઈચ્છીએ, ત્યારે જીવન પાસેથી આપણી અપેક્ષાઓ નક્કી કરવામાં કે ધ્યેય નિશ્ચિત કરવામાં ક્યારેય મોડા પડવું નહીં. આપણા હાલના જીવનધોરણ કરતા આપણી અપેક્ષાઓનો માપદંડ ઊંચો રાખવામાં બિલકુલ અચકાવું નહિ. એકવાર નિશાન તાકવા બેઠા જ છીએ તો નીચું નિશાન શા માટે પસંદ કરવું ? તેના માટે ચાલશે અને ફાવશે નો ઢીલોઢાલો અભિગમ રાખવાનું છોડી અને આક્રમક બનીને મન સાથે દ્રઢપણે નક્કી કરી લેવું કે જીવનની આ બાબતો અંગે આપણે ક્યારેય સમાધાન નહિ કરીએ. ભલે ગમે તે પરિણામ આવે,અમુક બાબતો અંગે બિલકુલ સાંખી નહીં લેવાય અને અનિશ્ચિત પરિસ્થિતિને સહન કરતા ચૂપચાપ બેસી નહિ જ રહીએ. સૌ પ્રથમ તો આપણે શું મેળવવા ઈચ્છીએ છીએ તેની એક યાદી બનાવી ઈતિહાસ પર નજર ફેરવવી.





**શાહ ધ્વનિ**
**ધ્વનિના સથવારે**

પોતાની હાલની પરિસ્થિતિને મુંગે મોઢે સ્વીકારી લેનારા લોકોથી આ દુનિયા સહેજ પણ બદલી નથી.

દુનિયા તો બદલાઈ છે લિયોનાર્ડો દ વિન્ચીની દ્દષ્ટિના પ્રભાવે, હેલન કેલરની મનોચક્ષુના પ્રતાપે અને અબ્રાહમ લિંકન,મહાત્મા ગાંધી કે માર્ટિન લ્યુથર કિંગ ( જુનિયર ) ના આભ ઊંચા સપનાને સહારે. આ બધી હસ્તીઓએ નવી અને વધુ સારી પરિસ્થિતિનું સપનું જોયું અને પછી તેને સાકાર કરી બતાવ્યું. તેમને તેમના જીવનમાં અપેક્ષાઓ જ એવી ઊંચી રાખી કે તેને મેળવવાના પ્રયત્નોમાં તેઓ સામાન્યથી ઉપર ઉઠીને અસામાન્ય બની શક્યા તો આપણે કેમ નહિ ? અખૂટ શક્તિનો ભંડાર જે તેમની પાસે હતો એ તો આપણી બધાની પાસે પણ છે જ. એકવાર પરિવર્તન લાવવા માટે આપણે યોગ્ય રીતે સજ્જ થઈ જઈશું, પછી આપણા પગલે ચાલીને દુનિયા પણ બદલાઈ જશે.

અંતિમ બિંદુ

નિશાન ચૂક માફ નહિ માફ નીચું નિશાન.

speakdhwani@gmail.com
9426690753

# લૂંટ કરતા પહેલા પ્લાન ફેલ : ક્રાઈમ બ્રાંચની સર્તકતાએ લૂંટ પહેલા જ ધરપકડ

ચક્રવાત ટીમ, મુંબઈ ૧૮

હિન્દી ફિલ્મોમાં આપણે હંમેશા ગુનો બન્યા પછી પોલીસ મોડેથી પહોંચતી જોવા મળે છે. જોકે, મુંબઈ પોલીસની ક્રાઈમ બ્રાંચે તેની અનોખી કામગીરીથી બધાને આશ્ચર્યચકિત કર્યા છે. લૂંટની કાર્યવાહી કરતા પહેલા ક્રાઈમ બ્રાંચે ચાર આરોપીઓને પકડી પાડ્યા છે. આ ગેંગ દ્વારા ૮૦ લાખની લૂંટ કરવાનો પ્લાન ઘડી કાઢવામા અવ્યો હતો.. આ ગેંગ વિરુદ્ધ મુંબઈના વિવિધ પોલીસ સ્ટેશનમાં અનેક કેસ નોંધાયા છે. મુંબઈ પોલીસ ક્રાઈમ બ્રાંચ બે એ વૈશ્વિક તપાસમાં મુંબઈ પોલીસ કેમ બીજા સ્થાને છે તેનું કાર્રણ લોકોની સામે સમજાતો દાખલો બેસાડ્યો છે.. જ્યારે કોઈ ગુનો થાય છે ત્યારે અન્ય સમયે



પોલીસ ત્યાં જઈને તપાસ કરે છે. જો કે, આ કેસમાં પોલીસે ગુનો કરતા પહેલા ગુનેગારોને પકડ્યા હતા અને ચોરી કરતા પહેલા કોઈની જીંદગી બચાવી હતી. મુંબઈ પોલીસ ક્રાઈમ બ્રાંચ ૨ ને તેમને માહિતી મળી હતી કે વિકી ઓટો પાર્ટ્સની દુકાનની સામે સંત રોહિદાસ ફ્લાયઓવર હેઠળ નજીકમાં આવેલી બિલ્ડિંગમાં કેટલાક ગુનેગારો ફ્લેટમા લૂંટ કરવાના છે.. ત્યારબાદ તે માહિતીના આધારે પોલીસે લૂંટ ચલાવતા પહેલા લૂંટારુઓને પકડવાની યોજના બનાવી હતી. તેણે છટકું ગોઠવ્યું અને ગેંગને પકડી. પકડાયેલા આરોપીઓ પાસેથી પોલીસે બનાવટી બંદૂક, દારૂગોળો, મરચું પાવડર, સ્ટીકરો વગેરે કબજે કર્યા છે. આ બધી ચીજો લૂંટ માટે વાપરવાની હતી. ધરપકડ કરાયેલ ટોળકી રીઢામ ગુનેગારોની ગેંગ છે. આ ગેંગ પર મુંબઈના વિવિધ પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યા છે.. અગાઉ પણ આ ગેંગના સભ્યોની ધરપકડ કરવામાં આવી હતી. પરંતુ થોડા દિવસો પહેલા જ તેઓ જામીન પર છૂટી ગયા હતા પોલીસે પકડેલા આરોપીઓમાં ત્રણ પુરુષ અને એક મહિલા શામેલ છે. આરોપીઓની ઓળખ રાફિયાલી કુતુબાલી (૩૦), મોહમ્મદ સુહેલ મૈનુદ્દીન અન્સારી (૨૨) અને નાસિર આલમ અલીમુદ્દીન (૨૫) છે. મુંબઈ પોલીસની કામગીરીની દરેક જગ્યાએ પ્રશંસા થઈ રહી છે અને વરિષ્ઠોએ પણ બિરદાવ્યા છે.

# નવજાત શિશુઓ વેચતી ગેંગનો પર્દાફાશ કરતી ક્રાઈમ બ્રાંચ : ૬ મહિલા સહિત ૮ જણની ધરપકડ

## ૬૦ હજારમા બાળક અને દોઢ લાખમા બાળકી વેચવાનું કૌભાંડ

ચક્વાત ટીમ, મુંબઈ,૧૮

મહારાષ્ટ્રની રાજધાની મુંબઈની ક્રાઈમ બ્રાંચે નવજાત શિશુઓ વેચતી ગેંગનો પર્દાફાશ કર્યો છે. ક્રાઈમ બ્રાંચે ૬ મહિલાઓ સહિત ૮ લોકોની ધરપકડ કરી છે. આ ગેંગ નવજાત શિશુને ૬૦,૦૦૦ રૂપિયામાં અને એક છોકરાને દોઢ લાખમાં વેચવામા આવતુ હતુ..

તપાસમા છ મહિનામાં ૪ બાળકો વેચાયા હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. પરંતુ પોલીસને શંકા છે કે વેચવામા આવેલ બાળકોની સંખ્યા વધારે હોઈ શકે છે. શનિવારે ક્રાઈમ બ્રાંચ શાખાએ આરતી હિરામણી સિંહ, રૂકસર શેખ, રૂપાલી વર્મા, નિશા આહિર, ગીતાજલી ગાયકવાડ અને સંજય પદમની ધરપકડ કરી હતી. આરતી એક પેથોલોજી લેબ ટેકનિશિયન છે અને તે ગેંગનુમ સંચાલન કરતી હતી.. પકડાયેલા આરોપીઓ સામે આઈપીસી અને જુવેનાઈલ જસ્ટિસ એક્ટ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. પોલીસે ૮ મોબાઈલ ફોન કબજે કર્યા છે. આ ફોનમાં બાળકોના ફોટા અને વોટ્સએપ ચેટ મળી આવી છે. જેના પરથી જાણવા મળશે કે કેટલા બાળકો તેઓની ટોળકી દ્વારા વેચાયા છે. પોલીસ એએસઆઈ યોગેશ ચવ્હાણ અને ક્રાઈમ બ્રાંચ ૧ ના મનીષા પવારને ગેંગ મહિલા વિશે માહિતી મળી હતી. બાન્દ્રા પૂર્વમાં એક મહિલા બાળકોના વેચવામા તેની સંડોવણી હોવાનું જાણવા મળ્યુ હતુ. જ્યારે માહિતી તપાસવામાં આવી ત્યારે જાણવા મળ્યું કે રુકસર શેખ નામની મહિલા છે જેણે તાજેતરમાં એક બાળકી વેચી છે.

રુકસર શેખની પુછપરછ કરવામાં આવી હતી અને બીજી મહિલા વિશે જાણવા મળ્યું હતું. રુકસર શેખે કહ્યું કે શાહજહાં જોગિલકરે રૂપાલી વર્મા દ્વારા તેમના બાળકને પુણેમાં એક પરિવારને વેચી દીધો હતો. શાહજહાંનું આ બીજું બાળક છે, જે વર્મા દ્વારા વેચાયું હતું.

૧૪ મી જાન્યુઆરીએ પોલીસ ટીમે રુકસર, શાહજહાં અને રૂપાલીને તાબામા લીધી હતી. પૂછપરછમાં તેણે પોતાનો અપરાધ સ્વીકાર્યો. રુક્સર શેખે પોલીસને જણાવ્યું હતુ કે, ૨૦૧૯માં તેણે પોતાની પુત્રીને રૂપાળી દ્વારા ૬૦,૦૦૦ રૂપિયામાં અને તેના પુત્રને દોઢ લાખમાં વેચ્યા હતા.

શાહજહાંએ કહ્યું કે, ૨૦૧૯ માં તેણે પોતાના પુત્રને ધારાવીમાં એક પરિવારને ૬૦,૦૦૦ રૂપિયામાં વેચી દીધો હતો. રૂપાળીએ ખુલાસો કર્યો કે હીના ખાન અને નિશા આહિર સબ એજન્ટ તરીકે કામ કરતા હતા.

# પ્લાસ્ટિક વર્ચ્યુઅલ પ્રદર્શન પ્લાસ્ટીવર્લ્ડ ૧૯ જાન્યુઆરીથી પાંચ દિવસ સુધી ચાલુ રહેશે

ચક્વાત ટીમ, મુંબઈ ૧૮

૯૮ દેશોમાંથી ૧૨,૦૦૦થી વધુ મુલાકાતીઓની નોંધણી અને રૂ. ૧૦૦૦ કરોડથી વધુ વેપાર ઊપજાવવાના લક્ષ્ય સાથે સૌથી ભવ્ય વર્ચ્યુઅલ પ્લાસ્ટિક પેકેજિંગ પ્રદર્શન પ્લાસ્ટીવર્લ્ડનું આયોજન ૧૯ જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ યોજાશે. આ ભવ્ય પ્રદર્શનની સંકલ્પના ભારતભરમાં ૨૦,૦૦૦થી વધુ સભ્યો ધરાવતા પ્લાસ્ટિક ઉદ્યોગનું સૌથી જૂનું અને પ્રાચીન સર્વોચ્ચ સંગઠન ઓલ ઈન્ડિયા પ્લાસ્ટિકસ મેન્યુફેક્ચરર્સ એસોસિયેશન (એઆઈપીએમએ)ની સંકલ્પના છે. આ સભ્યો ઉદ્યોગના વિવિધ સેગમેન્ટમાં ૧૭૫થી વધુ શહેરોનું પ્રતિનિધિત્વ કરે છે. પ્લાસ્ટીવર્લ્ડ



ફિનિશ્ડ પ્લાસ્ટિક પ્રોડક્ટ ઉત્પાદકો અને ખરીદદારો માટે ભારતનો અવ્વલ ટ્રેડ શો છે,વર્ચ્યુઅલ પ્રદર્શન અને બીટુબી ઈવેન્ટનો મુખ્ય હેતુ ભારતમાંથી પ્લાસ્ટિકનાં ઉત્પાદનોની નિકાસ વધારવાનો અને આવાં ઉત્પાદનોની આયાત ઘટાડીને ઉદ્યોગને આત્મનિર્ભર બનવામાં મદદરૂપ થઈ શખે છે. આ ભવ્ય ઈવેન્ટને ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના રસાયણો અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, સીઆઈપીઈટી અને દેશનાં ૧૫ મોટા સંગઠનો અને સંસ્થાઓનો ટેકો છે. ૯૮ દેશોના વેપાર મુલાકાતીઓ અને ખરીદદારોમાં યુએસએ, સિંગાપોર, મલેશિયા, ઈટાલી, જર્મની, કોરિયા, ઈન્ડોનેશિયા, તાઈવાન, ટર્કી, થાઈલેન્ડ, બેન્ગકોક, વિયેટનામ વગેરે વર્ચ્યુઅલ ઈવેન્ટમાં તેમની હાજરી મહેસૂસ કરાવવા માટે સુસજ્જ છે. એઆઈપીએમએના પ્રેસિડેન્ટ ચંદ્રકાંત તુરખિયાએ જણાવ્યું હતું કે તેઓનું નેટર્વકિંગ, ઉત્તમ સોદા, બ્રાન્ડિંગ અને પેકેજિંગ નવીનતાની ખોજની દષ્ટિએ પેકેજિંગ ખરીદદારો અને પ્લાસ્ટિક પેકેજિંગ ઉત્પાદકો માટે અમર્યાદિત તકો નિર્માણ કરવાનું લક્ષ્ય છે.

# ચંદ્રપુરમા પતિ અને પત્નીના મૃતદેહ એક ખેતરમાંથી મળ્યા

ચક્વાત ટીમ, મુંબઈ ૧૮

ચંદ્રપુર જિલ્લાના ઘુગુસસ નગર નજીક શાંતિનગર વિસ્તારમાં આવેલા ખેતરમાં દંપતીની લાશ મળી હતી. પ્રાથમિક અંદાજ સૂચવે છે કે બંનેનું મોત ઈલેક્ટ્રિક આંચકાથી થયું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર, મૃતકોનાં નામ સંદેશ તક્કલા અને ઉમેશ્વરી તક્કલા છે. સંદેશ અને ઉમેશ્વરી બંને શાંતિનગર વિસ્તારમાં રહેતા હતા. શનિવારની રાતથી બંને ઘરે આવ્યા ન હતા. બંનેની લાશ શહેરની બાજુમાં આવેલા શાંતિનગરમાં અન્ય વ્યક્તિના ખેતરમાં મળી આવી છે. ઈલેકટ્રીક શોકને કારણે બંનેનું મોત નીપજ્યું હોવાનું પ્રાથમિક માહિતી બહાર આવી છે. એવું માનવામાં આવે છે કે પ્રાણીઓથી બચાવવા માટે રોપાયેલા તારાને સ્પર્શ કર્યા પછી બંનેનું મોત નીપજ્યું હશે.



બંનેના મૃતદેહ અન્ય વ્યક્તિના ખેતરમાં મળી આવ્યા હોવાનું પોલીસે જણાવ્યું હતું. પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને બંને લાશને ખેતરમાથી બહાર કાઢી હતી .બંનેના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે. આ અકસ્માત મોત છે કે કેમ તે અંગે પોલીસ તપાસ કરી રહી છે. યુગલના દુઃ ખદ અંતને કારણે વિસ્તારમાં શોક છવાય ગયો છે.

# શેમારુ લઈ આવ્યુ ઈસ્લામિક પ્રાર્થના એપ 'ઈબાદત'

ચક્વાત ટીમ, મુંબઈ ૧૮

ઘણા દેશોમાં લોકડાઉનને કારણે મસ્જિદમાં જવું મુશ્કેલ હતું. નવા વર્ષમાં બધું ડિજિટલ થઈ જતા શેમારુએ આ મૂંઝવણના સમાધાન સાથે આગળ આવીને શેમારૂ એંટરટૅમેન્ટે તેની ઈસ્લામિક પ્રાર્થના એપ્લિકેશનનું એક નવું, આધુનિક ઈબાદત એપ રજૂ કર્યું છે જે લોકોની મૂળભૂત જરૂરિયાતોને પૂરી કરે છે - ઈસ્લામિક વ્યક્તિની દૈનિક ધાર્મિક પ્રવૃત્તિઓ, ઉપયોગમાં સરળતા, બધી જરૂરી માહિતી અને સામગ્રીની વિસ્તૃ ત માહિતી, એપ્લિકેશનનું નવું ફોર્મેટ એક વિશેષતાને ધ્યાનમાં રાખીને સંપૂર્ણ એપ્લિકેશનને ફરીથી ડિઝાઈન કરવામાં આવી છે. અલ્લાહમાં વિશ્વાસ દર્શાવવા અને જીવનમાં ખુશહાલી મેળવવા માટે, એપ્લિકેશનના નવા અને સુધારેલા સંસ્કરણમાં સર્વશક્તિમાન સાથે ખૂબ જ સરળતાથી અને તુરંત જોડાવાની સુવિધા છે. આ એપ્લિકેશનના વિશેષ ટેબ દ્વારા કુરાનના પવિત્ર ઉપદેશો જુદી જુદી ભાષાઓમાં આપવામાં આવ્યા છે, જેથી દરેક વપરાશકર્તા આ એપ્લિકેશનમાં વ્યક્તિગત અને અનુકૂળ પ્રક્રિયાનો ઉપયોગ કરી શકે. આ ઉપરાંત, કુરાન શરીફ વિડીયો અને ઓડિઓ ફોર્મેટ્સમાં ઉપલબ્ધ છે, આ એપમાં યુઝર્સ અરબી, હિન્દી અને ઉર્દૂમાં પવિત્ર કુરાન વાંચી શકે છે. એપ્લિકેશનના નવા સંસ્કરણમાં ભાષા અનુસાર સુલભતાને વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. સર્વશક્તિમાન સાથે જોડાવા માટે આ એપ્લિકેશનમાં હિન્દી, અરબી, ઉર્દૂ, અંગ્રેજી અને બંગાળી ૫ ભાષાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. આ એપ્લિકેશનને મફતમાં ઈન્સ્ટોલ કરી શકવામા આવે છે.. આ એપ્લિકેશન ભક્તોને દરેક ધાર્મિક કાર્ય કરવા અને ફક્ત એક જ બટન દ્વારા અલ્લાહ સાથે જોડાવાનો અનુભવ મેળવવામાં મદદ કરે છે. આ એપ્લિકેશનમાં ઘણી વધુ સુવિધાઓ છે, જેમ કે, મસ્જિદનું સ્થાન, હલાલ લોકેટર, સમુદાય, કિબલા હોકાયંત્ર વગેરે. પવિત્ર કુરાન લખાણની સાથે, તેમાં ઘણાં ઈ-પુસ્તકો પણ છે જે ધાર્મિક, સમજ અને શિક્ષણ પ્રાપ્ત કરવામાં મદદ કરે છે. એપ્લિકેશનના વપરાશકર્તાઓને એક બીજા સાથે કનેક્ટ થવા અને સારા વિચારોની આપલે કરવાની મંજૂરી આપે છે. જ્યારે તેઓ સાથે મળીને પ્રાર્થના કરે ત્યારે એકતાની સાંપ્રદાયિક ભાવનાનો અનુભવ એપ્લિકેશનના આ મુખ્ય ભાગ દ્વારા થઈ શકે છે.. આ એક એપ્લિકેશનમાં ૩૫૦૦૦ મિનિટથી વધુની સામગ્રી, ૭૫૦ થી વધુ વિડિઓઝ અને ૧૧૦૦ થી વધુ ઓડિઓ સામગ્રી છે.

# નાગપુરમા એક કુંટૂંબની ચાર મહિલાઓને હવસનો શિકાર બનાવનાર ભોંદુ બાબાની ધરપકડ

## ભુતપ્રેતની ધમકી આપી સગીર વયની પુત્રી, માતા, મામી અને દાદી પર બળાત્કાર

ચક્વાત તીમ, મુંબઈ,૧૮

નાગપુરમા ભુતપ્રેતની ધાક ધમકી આપીને ઉપચારને બહાને ભોંદુ બાબાએ એલ સગીર વયની પુત્રી, તેની માતા, મામી અને દાદી તેમ ચારેય મહિલાઓ પર સાત મહિનાથી બળાત્કાર ગુજાર્યાની ઘટના બહાર આવતા ખળભળ મચી ગઈ છે.પોલિસે ધર્મેન્દ્ર વિઠોબા નિનાવે ઉર્ફ દુલેવાલે બાબા (૫૦) નામના તાંત્રિકની અટક કરી છે. આરોપી નિનાવે તે નાગપુરમા આવેલ પારડીતમા રહે છે. તે વિસ્તારમા રહેતા પિડીત ૧૭ વર્ષની સગીરા હોવાનુ અને ૧૧મા ધોરણમા ભણતી હોવાનું જાણવા મળે છે. તેના વડિલની આરોપી નિનાવે સાથે ૨૦૧૮થી ઓળખાણ હતી.જેને લઈને તે કુંટુબીઓ પાસે ધુપ તેમજ અન્ય વિધી કરાવતો હતો. કોરોનાની મહામારી વધતા તે દરમિયાન મે ૨૦૨૦મા પિડીત છોકરીની પ્રકૃતી વારંવાર બગડતી હતીજેને લઈને તાંત્રિક નિનાવે એ તેને પોતાને ત્યાં લઈ અવવા તેઓને જણાવ્યુ હતુ. તેને તે છોકરીના શરીરમા ભયંકર ભુતથી બાધિત થઈ હોવાનું જણાવી ધુપ લગાડી તેમજ ઉંઘની દવા પિવડાવી એક નિર્જન સ્થળે વિધીને બહાને લઈ ગયો હતો. ત્યાં તે છોકરી પર બળાત્કાર ગુજાર્યો હતો. એક દિવસ તે છોકરીની માતા પર પણ બળાત્કાર ગુજાર્યો હતો. એક દિવસ પૂજાને બહાને પિડીતા છોકરીના મામીના ઘરે જઈને તેના પર પણ બળાત્કાર ગુજાર્યો હતો. ત્યાર બાદ તે છોકરીના દાદી સાથે પણ દુષ્કૃત્ય કર્યુ હતુ.

આ પ્રમાણે તે તાંત્રિક ભુતપ્રેતની ધમકી અને ડર બતાવી ડિસેમ્બર સુધી બળાત્કાર કરતો હતો. ચારેય જણ એકબીજાને અ બાબતે જણાવતા ન હતા. પરંતુ એક દિવસ તે બળાત્કાર કરતા બીજીએ જોતા તેણીએ સઘળી હકિકત જણાવતા ચારેય જણા સાથે આરોપીએ આ દુષ્કૃત્ય કર્યાની જાણ થઈ હતી, ગયા અઠવાડિયે પિડીત પરિવારે પારડી પોલિસ સ્ટેશને આરોપી વિરુધ્ધ ફરિયાદ કરી હતી. પોલિસે આરોપીની અટક કર્યાને ૮ દિવસ વિતી ગયા બાદ પણ પોલિસે આ વાત છુપાવી આરોપીને બચાવવાનો પ્રયત્ન કરી રહી હોવાનું જાણવા મળે છે.

# બનાવટી દસ્તાવેજોથી જાતિનું પ્રમાણપત્ર મેળવવાનો પ્રયાસ, દસ લોકો વિરુદ્ધ ગુનો

ચક્વાત ટીમ, મુંબઈ,૧૮

મહારાષ્ટ્રના થાણે શહેરમાં બનાવટી દસ્તાવેજોના આધારે જાતિનું પ્રમાણપત્ર મેળવવાનો પ્રયાસ કરતો એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. પોલીસે ઈ-સેવા કેન્દ્રના ચાર કર્મચારીઓ સહિત દસ લોકો વિરુદ્ધ ગુનો નોંધ્યો છે. એક અધિકારીએ રવિવારે જણાવ્યું હતું કે કેટલાક લોકોએ ગત વર્ષે શહેરના ઈ-સર્વિસ સેન્ટરમાં તેમના બાળકો માટે જાતિના પ્રમાણપત્રો માટે અરજી કરી હતી. જો કે તેમણે અરજી સાથે જે દસ્તાવેજો આપ્યા હતા તે નકલી હોવાનું બહાર આવ્યું છે. થાણે નગર પોલીસ સ્ટેશનના એક અધિકારીએ જણાવ્યું હતું કે, ઈ-સેવા કેન્દ્રના કર્મચારીઓને અરજીઓ સાથે જોડાયેલા દસ્તાવેજો નકલી હોવાની જાણકારી હોવા.તેમ છતાં, તેમણે આ અરજીઓ અહીંના સબ ડિવિઝન વિભાગના અધિકારીને મોકલી આપી. તેમણે કહ્યું કે ચકાસણી પર અધિકારીને ખબર પડી કે અરજીઓ સાથે જોડાયેલા દસ્તાવેજો નકલી છે, ત્યારબાદ તેણે પોલીસને આ અંગે માહિતી આપી હતી. પોલીસ અધિકારીએ જણાવ્યું કે, શુક્રવારે ભારતીય દંડ સંહિતાની સંબંધિત કલમો હેઠળ એફઆઈઆર નોંધવામાં આવી હતી. જો કે, હજુ સુધી કોઈ ધરપકડ થઈ નથી.

# નાશિકમા બે કંટેનર સહિત દોઢ કરોડની કિંમતનો ગુટકા જપ્ત : ચાર આરોપીઓની ધરપકડ

ચક્વાત ટીમ, મુંબઈ ૧૮

નાશિક જિલ્લા પોલીસ અધિક્ષક સચિન પાટિલ દ્વારા મળેલી ગુપ્ત માહિતીના આધારે. ૧૬ જાન્યુઆરીની રાત્રે, નાશિકથી સાપુતારા હાઈવે પર, રાજસ્થાનથી મહારાષ્ટ્ર રાજ્યમાં પ્રતિબંધિત ગુટખા અને સુગંધિત તમાકુ લઈ જતા બે કન્ટેનર નાસિક તરફ આવી રહ્યા હતા.

સમાચાર મળ્યા હતા. તદનુસાર, પોલીસ ટીમે કરજખેડ ફાટા, તા ડિંડોરી વિસ્તારમાં છટકું ગોઠવી બે કન્ટેનર કબજે કર્યા હતા. બંને કન્ટેનરની તલાશી લેતાં રૂ. ૧,૨૪,૩૪,૭૩૦/-કિમતનો મીરાજ કંપનીનો પ્રતિબંધિત ગુટખા અને સુગંધિત તમાકુનો જથ્થો મળી આવ્યો હતો.આ ગેરકાયદેસર સ્ટોક ધરાવતા ૪ વ્યક્તિના નામ મહેન્દ્રસિંહ



શંભુસિંઘની સોલંકી, રહેવાસી. ઉદેપુર, રાજસ્થાન,,શમસિંહ ચતુરસિંહજી રાવ, રા. બિદસર, ચિત્તોડગ,, રાજસ્થાન,,અર્જુનસિંહ જસવંતસિંહ રાણાવાત, રા. ચિતોડગઢ્દ્ધ, રાજસ્થાન,,લોગલજી મેહવાલ, રા. ઉદયપુર, રાજસ્થાન પાસેથી કબજે કરવામાં આવ્યું છે અને તેમના કબજામાંથી પ્રતિબંધિત ગુટખાના સુગંધિત તમાકુનો સ્ટોક અને બે કન્ટેનર મળી ૧,૬૪,૩૪,૭૩૦/-નો મુદ્દામાલ કબજે કરાયા છે. વાની પોલીસ થાણાના અધિકારીઓ આ મામલે તપાસ કરી રહ્યા છે.

# મુંબઈમાં માંજા કારણે પોલીસ અધિકારીનું ગળું ચીરાયુ : સારવાર સમયસર મળતા જીવ બચી ગયો

ચક્વાત ટીમ, મુંબઈ,૧૮

છેલ્લા કેટલાક દિવસોમાં પતંગના માંજાને લઈને ગળુ ચિરાયાના કેટલાક કિસ્સા પ્રકાશમાં આવ્યા છે. આ ઉપરાંત માંજાને કારણે મુંબઈ પોલીસ અધિકારીના ગળુ ચિરાય ગયુ હતુ. ,મુંબઈના વરલી પોલીસ સ્ટેશનમાં કાર્યરત સહાયક પોલીસ નિરીક્ષક (એપીઆઈ) રાકેશ ગવળી આ કિસ્સામાં, તેઓ બચી ગયા છે. ૧૬ જાન્યુઆરીના રોજ વરલી પોલીસ સ્ટેશનમાં મદદનીશ પોલીસ ઈન્સ્પેક્ટર રાકેશ ગવળી પોતાની ટુ-વ્હીલર પર સેશન્સ કોર્ટમાં જતા હતા. જો કે જે.જે. જંકશન પર પહોંચતા જ પતંગાનો માંજો અચાનક રાકેશ ગવલીની ગળામાં અટકી ગયો હતો. અને તેનું ગળું કાપી નાખ્યું



હતું. ત્યાં હાજર ટ્રાફિક કોન્સ્ટેબલ શિંદેએ તાત્કાલિક વરિષ્ઠને જાણ કરી તેમને નજીકની જેજે હોસ્પિટલમાં લઈ ગયા. સર્કલ ૩ ના ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ પરમજીતસિંહ દહિયાએ ગવળીને તાત્કાલિક સારવાર માટે વોકહાર્ટ હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. અને પ્લાસ્ટિક સર્જનને બોલાવી તાત્કાલિક સારવાર શરૂ કરી દીધી છે. રાકેશ ગવળીએ જીવ બચાવવા સર્જરી કરાવતા ગળા પર ૧૦ ટાંકા વડે ટૂંક સમયમાં બચાવવામાં આવ્યા હતા અને તેનો અવાજ ટૂંક સમયમાં બચાવી લેવામાં આવ્યો છે. નાયલોનના માંજા વડે પતંગ ઉડાવવા પર! પ્રતિબંધ હોવા છતા તેનો ઉપયોગ કરવામા આવતા ભોગ લેવાયાના નાગપુરમાં ૧૫ દિવસમાં ૫ ઘટના તેમજ નાશિકમા પણ બની છે. સર્કલ ૩ ના પોલીસ ડેપ્યુટી કમિશનર પરમજીતસિંહ ડાહિયાએ જાતે સારવારની સંભાળ લીધી હતી અને રાકેશ ગવળીની સ્થિતિ વિશે પૂછપરછ માટે હંમેશા ડોકટરોના સંપર્કમાં રહેતા હતા. રાકેશ ગવળીની સમયસર હોસ્પિટલમાં દાખલ થવાથી તેમનો જીવ બચાવવામાં મદદ મળી. તેથી તેના અવાજની નસ પણ બચી ગઈ હતી, આ ઘટના એમઆરએ પોલીસ મથક હેઠળ બની છે અને આ અંગે કેસ નોંધાય તેવી સંભાવના છે. જો કે, ડોકટરોએ રાકેશ ગવલીને થોડા દિવસો વાતચિત કરવા બોલવાની મનાઈ કરી છે અને તેમને આરામ કરવાની સલાહ આપવામાં આવી છે. આવી ઘટનાઓ વારંવાર થતી હોવાને લીધે, પતંગ ઉડનારાઓને કાબૂમાં રાખવા કડક નિયમો બનાવવાની જરૂર છે.

# ભૂકંપથી પાલઘર ફરી ધ્રુજી ઉઠ્યુઃ ભૂકંપથી વિસ્તાર હચમચી ઉઠ્તા નાગરિકોમાં ભયનો માહોલ સર્જાયો

ચક્વાત ટીમ, મુંબઈ ૧૮

પાલઘર જિલ્લામાં ફરી દહાણ તલાસરી તાલુકામાં ભૂકંપના જોરદાર આંચકા લાગ્યા હતા.. દહાણુ તલાસરી તાલુકામાં ભૂકંપની સંખ્યામાં અમુક અંશે ઘટાડો થયો હતો. પરંતુ રવિવારે રાત્રે ફરીથી ભૂકંપના આંચકાથી આ વિસ્તારમાં હચમચી મચી ગઈ હતી. રવિવારે રાત્રે ૧૦:૦૦ વાગ્યે ભૂકંપનો ૩.૨ મેગ્નીટ્યૂડ્નો આંચકો લાગ્યો હોવાની માહિતી, સ્થાનિકોએ આપી હતી.

ભૂકંપની અસર તલાસરીમાં અચ્છાડ ધુંડલવાડી અંબોલી બહારે અને દહાણુ તાલુકાના કાસા સૂર્યનગર ધાનાવરી ઉર્સ જોવા મળી હતી. થોડા દિવસો પહેલા માત્ર પાલઘર જ નહીં ઉત્તર પ્રદેશના નોઈડામાં પણ તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. આંચકો દિલ્હી એનસીઆર વિસ્તારમાં પણ લાગ્યો હતો. ભૂકંપનું કેન્દ્ર નોઈડાના ઉત્તર-પૂર્વ દિશામાં ૩૭ કિલોમીટર નોંધાયું હતું.

# કપાસ, કોટન, સીપીઓ, મેન્થા તેલના વાયદાના ભાવમાં સાર્વત્રિક નરમાઈનો માહોલ

ચક્વાત ટીમ, મુંબઈ, ૧૮

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૧૮૧૭૫૮ સોદામાં રૂ.૧૧૫૦૫.૬૦ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીમાં નવા સપ્તાહનાં કામકાજનો પ્રારંભ વાયદાના ભાવમાં તેજી સાથે થયો હતો. સોનાનો વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૩ અને ચાંદીનો વાયદો કિલોદીઠ રૂ.૪૭૭ વધી આવ્યો હતો, જ્યારે બિનલોહ ધાતુઓમાં મિશ્ર વલણ વાયદાના ભાવમાં હતું. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલમાં વૃદ્ધિ સામે નેચરલ ગેસ ઢીલું હતું. કૃષિ કોમોડિટીઝમાં કપાસ, કોટન, સીપીઓ, મેન્થા તેલના વાયદાના ભાવમાં સાર્વત્રિક નરમાઈનો માહોલ હતો, જ્યારે રબરમાં સુધારાનો સંચાર થયો હતો. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૦૪૮૯૧ સોદાઓમાં રૂ.૫૫૦૬.૪૮ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૮૬૬૯ ખૂલી, ઊપરમાં રૂ.૪૮૯૯૫ અને નીચામાં રૂ.૪૮૬૦૮ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૪૩ વધીને રૂ.૪૮૮૪૫ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની જાન્યુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૭૦ વધીને ૮ ગ્રામદીઠ રૂ.૩૯૩૬૭ અને ગોલ્ડ-પેટલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૪ વધીને ૧ ગ્રામદીઠ રૂ.૪૮૭૬ થયા હતા, જ્યારે સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૯ વધીને બંધમાં રૂ.૪૮૮૮૪ ના ભાવ રહ્યા હતા. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૬૫૦૫૫ ખૂલી, ઊપરમાં રૂ.૬૫૭૦૩ અને નીચામાં રૂ.૬૪૮૮૦ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ.૪૭૭ વધીને રૂ.૬૫૨૪૧ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૫૦૦ વધીને રૂ.૬૫૨૩૭ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી રૂ.૫૦૬ વધીને રૂ.૬૫૨૫૧ બંધ રહ્યા હતા. એનર્જી સેગમેન્ટમાં કુલ ૫૩૪૪૯ સોદાઓમાં રૂ.૨૩૩૧.૩૭ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૩૮૧૯ ખૂલી, ઊપરમાં રૂ.૩૮૫૨ અને નીચામાં રૂ.૩૮૦૧ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૨ વધીને રૂ.૩૮૪૭ બંધ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝમાં ૩૫૭૪ સોદાઓમાં કુલ રૂ.૪૦૬.૬૨ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન જાન્યુઆરી વાયદો ગાંસડીદીઠ રૂ.૨૧૧૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૧૧૬૦ અને નીચામાં રૂ.૨૧૦૨૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૭૦ ઘટીને રૂ.૨૧૦૩૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૯૪૩ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૨.૮ ઘટીને બંધમાં રૂ.૯૪૧.૯ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ જાન્યુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૮૬ ખૂલી, ઊપરમાં રૂ.૧૦૧૪ અને નીચામાં રૂ.૯૭૬ રહી, અંતે રૂ.૯૭૭.૮ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧૧૯૪ ખૂલી, ઊપરમાં રૂ.૧૧૯૭ અને નીચામાં રૂ.૧૧૮૭ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૭ ઘટીને રૂ.૧૧૮૯.૫ ના સ્તરે બંધ રહ્યો હતો. રબરનો જાન્યુઆરી વાયદો ૧૦૦ કિલોદીઠ રૂ.૧૫,૬૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૫,૬૬૦ અને નીચામાં રૂ.૧૫,૫૫૦ બોલાઈ, અંતે રૂ.૭૧ વધી રૂ.૧૫,૬૩૪ના સ્તરે બંધ થયો હતો.

# રાજકોટમાં સરકારી જમીનનાં બોગસ ડોક્યુમેન્ટ બનાવીને વેંચી દેનાર બે શખ્સો ઝડપાયા

(જી.એન.એસ.)રાજકોટ,તા.૧૮

રાજકોટમાં સરકારી જમીન બોગસ ડોક્યુમેન્ટના આધારે વેંચી દેવાનું કૌંભાડ સામે આવ્યું છે. મોટા મવાની ૫ એકર અને ૯ ગુંઠા સરકારી જમીનનાં બોગસ ડોક્યુમેન્ટ બનાવીને વેંચી દેનાર બે શખ્સોને પોલીસે દબોચી લીધા છે. બન્ને આરોપીઓ સામે પોલીસે લેન્ડ ગ્રેબિંગનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે. રાજકોટ પોલીસનાં સકંજામાં બહાદુરસિંહ માનસિંહ ચૌહાણ અને કેતન વોરા આવી ગયા છે. આ બંને શખ્સો પર આરોપ છે સરકારી જમીનનાં બોગસ દસ્તાવેજો ઉભા કરીને જમીન વેચી દેવાનો. સમગ્ર ઘટના પર નજર કરીએ તો મોટા મવા ગામની સર્વે નં.૧૩૫/૧ની ૫ એકર અને ૯ ગુંઠા જમીનને અડીને આવેલી સરકારી ખરાબાની સર્વે નં.૧૮૦ જમીન મામલતદારના નામે ખોટા સહી સિક્કા બનાવી ખોટો દસ્તાવેજ બનાવ્યો હતો. આ જમીન ૭૩ લાખમાં બારોબાર તંત્રને ગંધ પણ ન આવી અને વેચી નાંખી હતી. પરંતુ ખરીદનારને કૌભાંડ અંગે જાણ થતા કલેક્ટર કચેરીમાં અરજી કરી હતી.

પ્રાંત અધિકારી ચરણસિંહ ગોહિલ અને તાલુકા મામલતદારે તપાસ કરતા સ્ફોટક વિગત બહાર આવી અને તાલુકા પોલીસે લેન્ડ ગ્રેબીંગના કાયદા હેઠળ બંને શખ્સ તથા તપાસમાં ખુલે તે આરોપીઓ વિરૂદ્ધ ગુનો નોંધી ધરપકડ કરી છે. પોલીસનાં કહેવા મુજબ, ૧૭ જાન્યુઆરી ૨૦૨૦નાં ફરીયાદી અશ્વિનભાઈએ મોટા મવા ગામની સર્વે નં.૧૮૦ પૈકીની જમીન મેળવવા આરોપી કેતન વોરાનો સંપર્ક કર્યો હતો. કેતને તેની મુલાકાત બહાદુરસિંહ નામના વ્યકિત સાથે કરાવી હતી. કેતન અને બહાદૂરસિંહે અશ્વિનભાઈને છેતરવાનો પ્લાન બનાવ્યો અને આ સરકારી જમીન ખેતીના હેતુ માટે અપાવી દેવાની લાલચ આપી હતી.

બાદમાં મહેસુલ વિભાગ, કલેકટરના હુકમો, ગામ નમૂના નંબર, મામલતદાર કચેરીના કાગળો, નેશનલ ઈન્ફરમેટિક સેન્ટરના ખોટા દસ્તાવેજો બનાવી ટૂકડે ટૂકડે અશ્વિનભાઈ પાસેથી રૂ.૭૩ લાખ જેવી રકમ પડાવી લીધી હતી. રાજકોટમાં સરકારી જમીનો પર હાલમાં પણ ભૂ માફિયાઓના દબાણ થયેલા છે. પોલીસને પણ અનેક સરકારી લગડી જેવી જમીનનોની અરજીઓ મળે છે.

# ગીર સોમનાથ જીલ્લાની બુહદ કારોબારી તથા ITSMની મિટીંગનું કોડીનારમાં આયોજન



ચક્વાત ટીમ પારૂલ સોલંકી, તા.૧૮

કોડીનાર ખાતે ગીર સોમનાથ જીલ્લા ભારતીય જનતા યુવા મોરચા ગીર સોમનાથ જીલ્લા ની બુહદ કારોબારી તથા ITSM ની મિટીંગનું આયોજન લોહાણા મહાજન વંડી કોડીનાર મુકામે કરવામાં આવ્યું હતું. જેમા જીલ્લા યુવા મોરચાના અધ્યક્ષ વિશાલ ભાઈ વોરા, કોડીનાર તાલુકા ભાજપ પ્રમુખ સુભાષ ભાઈ ડોડીયા, પ્રતાપ ભાઈ ડોડીયા, દિલીપભાઈ મોરી ,જીસ જીલ્લા કન્વીનર નંદુબેન ભમ્મર, પ્રદેશ લઘુમતી મોરચાના ઉપાધ્યક્ષ, મહામંત્રી હરીભાઈ વાળા, મીલીનભાઈ જાદવ,શહેર યુવા મોરચા પ્રમુખ અજય પરમાર તેમજ વોર્ડ નં.૨ નાં નગરપાલિકા નાં સભ્ય નારણ ભાઈ બારડ અને તેની પુરી ટીમ દ્વારા વોર્ડ નં ૨ માં બુથ નં.૧૧૧ ની પેજ કમિટી ની યાદી ભાજપ કાર્યાલય એ સુપરત કરેલ છે. ભારતીય જનતા પાર્ટી દ્વારા પેજ કમિટીની કોડીનાર શહેરમાં નોંધનીય કામગીરી થઈ રહી છે.

## કુદરતના ખોળે અદ્ભૂત નજારો



આધુનિક સમયમાં મોબાઈલ અથવા કોમ્પ્યુટરની મદદથી ફોટો એડીટ કરી શકાય છે. પરંતુ કુદરતી એડીટીંગની કંઈક મજા જ અલગ હોય છે. એ અદ્ભુત દ્રશ્ય પણ કુદરતના ખોળે જ પથરાય છે. આવું જ નયનરમ્ય સંધ્યા સમયનું દ્રોણેશ્વર મહાદેવના સાનિધ્યમાં વહેતી મચ્છુન્દ્રી નદી કિનારે સર્જાયું.

# જામનગર નજીક સુવરડા માર્ગ પર ટ્રકમાં આગ લાગતા ફાયર બ્રિગેડ દોડી



ચક્રવાત ટીમ જામનગર, તા.૧૮

જામનગર નજીક કાલાવડ રોડ પર થાવરીયા નજીક સુવરડા માર્ગ પર કડબનો જથ્થો ભરેલા એકટ્રકમાં આગ ભભુકતા ફાયર બ્રિગેડની ટીમ દોડી ગઈ હતી અને ચારેક કલાક સુધી જુદા જુદા બે ટેન્કર વડે પાંચ ગાડીનુ ફાયરીંગ કર્યા બાદ આગ ઓલવાઈ હતી.વિજતારનો તણખો ટ્રકમાં કડબના જથ્થા પર પડતા આગ લાગી હોવાનુ જાહેર થયુ છે. જામનગરની ભાગોળે કાલાવડ ધોરીમાર્ગ પર થાવરીયા પાસે સુવરડા માર્ગ પર શનિવારે બપોરે કડબનો જથ્થો ભરેલા ટ્રકમાં આગ ભભુકયાની જાણ ચિરાગભાઈ નંદાએ કરતા ફાયર શાખાની ટીમ ત્વરીત દોડી ગઈ હતી.ત્યારબાદ વધુ એક ટીમ પણ વિકરાળ આગને કાબુમાં લેવા માટે રવાના કરાઈ હતી. જુદી જુદી બે ટીમના પુષ્પરાજસિંહ, બ્રિજરાજસિંહ, વિપુલભાઈ ભરતભાઈ વગેરેએ પાંચ ટેન્કર વડે પાણીનો મારો ચલાવ્યો હતો.જેમાં લગભગ ચારેક કલાક બાદ આગ સંપુર્ણપણે કાબુમાં આવી હતી. આગના પગલે ટ્રકની કેબીન,મોરામાં નુકશાન થયુ હોવાનુ બહાર આવ્યુ છે.જયારે કડબનો મોટાભાગનો જથ્થો બળીને ખાખ થયાનુ સામે આવ્યુ છે. વિજ તારનો તણખો ટ્રક પર પડતા કબડનો જથ્થો સળગયો હોવાનુ જાહેર થયુ છે.

# કૃષિમંત્રી આર.સી.ફળદુના હસ્તે કાલાવડ તાલુકાના ખેડૂત પરિવારોને અકસ્માત વીમા યોજના હેઠળ ચેક અર્પણ કરાયા

ચક્વાત ટીમ જામનગર, તા.૧૭

કૃષિ અને વાહનવ્યવહાર મંત્રી આર. સી. ફળદુના હસ્તે કાલાવડ તાલુકાના નિકાવા અને કાલાવડના નવા એ.પી.એમ.સી. ખાતે કાલાવડ તાલુકાના ૭ ગામના ખેડૂત પરિવારોને ખેડૂત અકસ્માત વીમા યોજના અંતર્ગત રૂ.૫ લાખના ચેક અર્પણ કરાયા હતા. એ.પી.એમ.સી.કાલાવડ દ્વારા કાલાવડ તાલુકાના અંદાજિત ૭૮૦૦૦ જેટલા ખેડૂત ખાતેદારો, માર્કેટીંગ યાર્ડના વેપારીઓ, મજૂરો, કર્મચારીઓ અને સભ્યઓ માટે અકસ્માત વીમા યોજના હેઠળ પ્રતિ વ્યક્તિ ૫ લાખની વીમા પોલીસી લેવામાં આવેલ છે. જો કોઈ ખેડૂતનું અકસ્માતમાં મૃત્યુ થાય તો વિમાની રકમ દ્વારા ખેડૂત



પરિવારનો આધાર બની શકાય તે સંવેદના સાથે એ.પી.એમ.સી દ્વારા આ પોલીસી કાર્યરત છે. ખેડૂત અકસ્માત વીમા યોજના અંતર્ગત નિકાવા ખાતે પાતામેઘપર, નાના વડાળા અને નિકાવા ગામના ૩ લાભાર્થીઓને તેમજ કાલાવાડ નવા એ.પી.એમ.સી ખાતે નાનીવાવડી, શનાળા, વજીર ખાખરિયા અને બાંગા ગામના ૪ લાભાર્થીઓને કેબિનેટ મંત્રી આર.સી.ફળદુના હસ્તે રૂ.૫ લાખના ચેક અર્પણ કરવામાં આવ્યા હતા. આમ, કાલાવડ તાલુકાના કુલ ૭ ખેડૂત લાભાર્થી પરિવારોને કુલ રૂ.૩૫ લાખની રકમના ચેક આપવામાં આવ્યા હતા.આ પ્રસંગે પુર્વ ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ ગાંડુભાઈ ડાંગરિયા, એસ.ટી. નિગમના પૂર્વ ડાયરેક્ટર વલ્લભભાઈ સાંગાણી, એ.પી.એમ.સી. કાલાવાડના ચેરમેન યુવરાજસિંહ જાડેજા, એ.પી. એમ.સી.કાલાવડના ડાયરેક્ટર નરેશભાઈ સિંગલ, સભ્ય અને તાલુકા ભાજપ પ્રમુખ કશ્યપભાઈ વૈષ્ણવ, જિલ્લા ભાજપ મંત્રી મનોજભાઈ જાની, એ.પી.એમ.સી.ના સભ્ય જમનભાઈ તારપરા, સેક્રેટરી રમણીકભાઈ ગધેથરીયા, કાલાવડ નગરપાલિકા પ્રમુખ અજમલભાઈ ગઢવી, ઉપપ્રમુખ ભુપતભાઈ વિરાણી, સરપંચ નિકાવા રાજુભાઈ મારવીયા, ભાજપ અગ્રણી પી. ડી.જાડેજા તથા પાતામેઘપર, નાના વડાળા, બાંગા, શનાળા, નાનીવાવડી, વજીર ખાખરીયા ગામના સરપંચઓ અને બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગરમાં ફાયર સેફ્ટી મુદ્દે હોસ્પિટલો સીલ કરવા સામે આઈએમએનો વિરોધ

ચક્વાત ટીમ જામનગર, તા.૧૮

જામનગરમાં ફાયર સેફટી મુદ્દે હોસ્પિટલ સીલની કાર્યવાહી સામે ઈન્ડિયન મેડીકલ એસોસીએશને વિરોધ વ્યકત કર્યો છે. તાકીદની અસરથી હોસ્પિટલની ઈમારતના માળખામાં ફેરફાર કરવો અશકય હોય પ્રશ્નો ન ઉકેલાય ત્યાં સુધી હોસ્પિટલ સીલ ન કરવા માંગણી કરી છે. અન્યથા કડક પગલાંની ચિમકી પણ ઉચ્ચારી છે.

તાજેતરમાં જામ્યુકો દ્વારા ફાયર સેફટીના સાધનોની પૂર્તતા, બિલ્ડીંગમાં તોડફોડ કરી એનઓસી મેળવવા માટે હોસ્પિટલોને નોટીસ ફટકારવામાં આવી રહી છે. આટલું જ નહીં હોસ્પિટલ સીલ કરવાની કાર્યવાહી પણ શરૂ કરી છે. બે દિવસ પહેલાં ડો.પાઢની હોસ્પિટલ ફાયર સેફટીના મુદ્દે તંત્ર દ્વારા સીલ કરવામાં આવી છે.આ કાર્યવાહી સામે જામનગર ઈન્ડિયન મેડીકલ એસો. એ વિરોધ વ્યકત કર્યો છે.

આ મુદ્દે આઈએમએની તાકીદની મીટીંગ મળી હતી. જેમાં મોટા ભાગના તબીબોએ ફાયર સેફટીના એનઓસી મેળવવા અરજી કરી છે. વળી, તાકીદની અસરથી હોસ્પિટલની ઈમારતોના માળખામાં ફેરફાર કરવો અશકય છે. આ અંગે સંબધિત તંત્ર અને રાજકીય આગેવાનોને રજૂઆત કરી છે. ત્યારે જામનગરના તબીબોના પ્રશ્નોનું નિરાકરણ ન આવે ત્યાં સુધી હોસ્પિટલ સીલ ન કરવા માંગણી કરી છે. અન્યથા કડક પગલાંની ચિમકી પણ એસો. એ ઉચ્ચારી છે.

# દેવભૂમિ દ્વારકા ખાતે સૈન્યમાં ભરતી માટે ફિઝિકલ ટ્રેનિંગ કેમ્પ યોજાયો



ચક્વાત ટીમ વઢવાણ, તા.૧૭

દ્વારકા મુકામે શિવપુરી ધામ, પ.પૂ. કાનદાસ બાપુની જગ્યામાં તાજેતરમાં થનાર ઈન્ડિયન આર્મી ભરતી માટે મહામંડલેશ્વર ૧૦૦૮ પ.પૂ. ઘનશ્યામ પુરી બાપુ તેમજ પ.પૂ. મુન્ના બાપુના સાથ સહકારથી ભરવાડ યુવા સંગઠન દ્વારા ફિઝિકલ ટ્રેનિંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. તેમજ ભરતી કેમ્પ ઓપન કરવમાં આવ્યો જેમાં પ.પૂ. મુન્નાબાપુ, મહંત શિવપુરી ધામ દ્વારકા, ભવાનભાઈ ભરવાડ (ચેરમેન ઘેટા અને ઊન નિગમ), દિનેશભાઈ ભરવાડ અમદાવાદ, દિલીપભાઈ ભરવાડ પ્રમુખ ભરવાડ યુવા સંગઠન ગુજરાત પ્રદેશ, વિક્રમભાઈ ભરવાડ અમદાવાદ, ભરતભાઈ એસ ભરવાડ, સુબેદાર સાહેબ (આર્મી) દિલ્લી, ભાનુભાઈ ભરવાડ (ASI મેહસાણા), મહામહિમ રાષ્ટ્રપતિ પોલીસ ચંદ્રક વિજેતા (ગુજરાતના મિલ્ખા સીંગ), હમીર ભાઈ ભરવાડ (ઈટ.અર્મિમેન), ખોડાભાઈ ભરવાડ (ઈટ.આર્મીમેન), અર્જુનભાઈ ચવાડીયા (ઈટ.અર્મિમેન), આવેલાં તમામ મહાનુભવોએ ઈન્ડિયન આર્મીની ફિઝિકલ ટ્રેનિગ લઈ રહેલા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી એમનો ઉત્સાહ વધાર્યો હતો.

# જામનગર મહાનગરપાલિકાની ચૂંટણી પૂર્વે રાજકીય ઉથલપાથલ શરૂ

ચક્વાત ટીમ જામનગર, તા.૧૮

જામનગર મહાનગરપાલિકાની ચૂંટણી પૂર્વે રાજકીય ઉથલપાથલ શરૂ થઈ ગઈ છે. ગઈ કાલે કોંગ્રેસે ભાજપના પૂર્વ નગરસેવકની વિકેટ પાડયા બાદ આજે ભાજપએ પણ કોંગ્રેસના ખેમાંમાંથી એક વિકેટ પાડી પૂર્વ નગરસેવીકાને પોતાનામાં સમાવી લીધા છે.

બીજી તરફ ભાજપમાં ભળેલા પૂર્વ નગરસેવીકાને કોંગ્રેસે તાત્કાલિક છ વર્ષ માટે સસ્પેન્ડ કરી દીધા છે. મહાનગરપાલિકાની ચૂંટણીના ભણકારા વાગી રહ્યા છે. ભાજપ કોંગ્રેસ સહિતના પક્ષ - અપક્ષ દ્વારા કંપેઈન પણ હાથ ધરી દેવામાં આવ્યું છે ત્યારે જામનગર કોંગ્રેસે ચૂંટણી પૂર્વે જ ભાજપમાં ભંગાણ પાડી કોંગ્રેસ છોડી ભાજપમાં ભળી ગયેલા કોર્પોરેટર રચના નંદાણીયાને ફરી કોંગ્રેસમાં સમાવી લીધા છે.

કોંગ્રેસના આ ઓપરેશનને લઈને ભાજપાએ પણ આજે કોંગ્રેસમાં ભંગાણ પાડી પૂર્વ નગરસેવીકા નીતા પરમારને પોતાના પક્ષમાં જોડી દીધા છે.

આજે શહેર ભાજપ કાર્યાલય ખાતે શહેર પ્રમુખ વિમલ કાગથરાએ ખેસ પહેરાવી પરમારનું સ્વાગત કર્યું હતું. પૂર્વ નગરસેવીકા નીતા પરમાર ભાજપમાં જોડાઈ જતા જ શહેર કોંગ્રેસ પ્રમુખ દિગુભા જાડેજાએ તેણીને છ વર્ષ માટે પક્ષમાંથી સસ્પેન્ડ કરી દીધા છે.બીજી તરફ ચૂંટણી પૂર્વે હજુ પણ બંને પક્ષમાંથી અમુક નેતાઓ પાટલી બદલે એવી શક્યતાઓ સેવાઈ રહી છે.

# ઊનામાં નશીલા પદાર્થના ભેળસેળ વાળી તાડીના કેમ્પ પર હિન્દુ યુવા સંગઠન દ્વારા જનતા રેડ



ચક્વાત ટીમ ઉના, તા.૧૮

ઊના તાલુકામાં બહારના હૈદરાબાદી લોકો શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં ઠેર ઠેર કેમ્પ બાંધી અંદર ગેરકાયદેસર તાડીનું વેચાણ કરતા હોય છે. અને આ તાડીમાં નશીલા પદાર્થ જેવા દ્રવ્યો ભેળસેળ કરી માનવ જીંદગી પર જોખમમાં મુકી રહ્યા હોય અગાઉ બે યુવાનો તાડી પીતા તેમના મોતની ઘટના પણ બનેલ આવી પ્રવૃતિને અટકાવવા આજે બપોરના હિન્દુ યુવા સંગઠનના મોટી સંખ્યામાં યુવાનો એકત્ર થઈ શહેરમાં ગે.કા.તાડીનું વેચાણ થતું હોય તે સ્થળ પર પહોચી જનતા રેડ કરવામાં આવી હતી. જેમાં ઉના ભાવનગર રોડ પર હૈદરાબાદના હિન્દીભાષી મહીલાએ કેમ્પમાં અંદર ગે.કા. તાડીનું વેચાણ કરતા ઝડપી પાડેલ જેમાં પ્લાસ્ટીના બાચકામાં ભરેલી નાની પ્લોસ્ટીકની કોથળીમાં તાડી ભરેલો જથ્થો મળી આવેલ અને ત્યાર બાદ યુવાનોએ સ્થાનિક પોલીસને જાણ કરતા પોલીસ પણ સ્થળ પર દોડી ગયેલ. ભાવનગર રોડ પર અને આનંદવાડી પાસેથી ગે.કા. તાડી ભરેલ કેન તેમજ કોથડીઓ મળી આવતા પોલીસને જાણ કરેલ હતી.

# જામનગર ૧૪ મહિલાઓ જુગાર રમતા ઝડપાઈ

ચક્વાત ટીમ જામનગર, તા.૧૮

જામનગરના હાથી કોલોનીમાં જુગાધામ ચાલતુ હોવાની બાતમી પોલીસને મળી હતી.

બનાવની વિગતો એવી છેકે, હાથી કોલોની શેરી નંબર-૧માં ઓમકાર એપાર્ટમેન્ટના બ્લોક નંબર ૧૦૨ના ફ્લેટમાં રહેતા દિવ્યાબેન કોરડિયાના ફ્લેટમાં જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમી એલસીબીને મળી હતી. એલસીબીની ટીમે ફ્લેટમાં જઈને દરોડો પાડતા દિવ્યા કોરડિયા સહિત ૧૪ મહિલાઓ જુગાર રમતી મળી આવી હતી. પોલીસે ૫૭ હજારની રોકડ, ૧.૨૦ લાખની કિંમતના ચાર બાઈક સહિત ૧.૭૭ લાખની કિંમતના મુદ્દામાલને જપ્ત કર્યો હતો. મહિલાઓને જામીન પર મુક્ત કરવામાં આવી હતી.

# ચાર રોડને રીકાર્પેટ કરવા રૂ. ૩૦ કરોડ મંજૂર, પીરઝાદા દ્વારા વધુ ત્રણ રોડના કામો મંજૂર કરવા માંગ



ચક્વાત ટીમ, તા.૧૮

૬૭-વાંકાનેર વિધાનસભા મત વિસ્તારમાં છેલ્લા સાત વર્ષથી રીસરફેસ ન થયેલા હોય તેવા સિંગલ પટ્ટી અને ડબલ પટ્ટી રોડ-રસ્તાને રીકાર્પેટ કરવા વાંકાનેર ધારાસભ્ય મહંમદજાવેદ પીરઝાદા દ્વારા માર્ગ અને વિભાગ મકાન વિભાગના મંત્રી તથા નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ સમક્ષ માંગ કરવામાં આવી હતી જેને અનુસંધાને રાજ્ય સરકાર દ્વારા ૩૦ કરોડ જેટલી માતબર રકમના ખર્ચે ચાર રોડના કામોને મંજૂરી આપવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા રૂપિયા ૩૦ કરોડના ખર્ચે ૧) વાંકાનેર-અમરસર-મિતાણા રોડ, ૨) વાંકાનેર-કુવાડવા રોડ, ૩) વાંકાનેર-દલડી-થાન રોડ, ૪) પલાસ-લુણસર-મંડણાસર રોડને રિકાર્પેટ કરવા મંજૂરી આપતા ધારાસભ્ય પીરજાદાએ વાંકાનેરની જનતા વતી આભાર વ્યક્ત કરતા વધુ ત્રણ રોડના કામો રિકાર્પેટ કરવા માંગ કરી છે. માર્ગ-મકાન વિભાગ મોરબી (રાજ્ય) હસ્તકના ૧) વાંકાનેર-પલાસ-માથક, ૨) વાંકાનેર-જડેશ્વર-લજાઈ, અને ૩) વાંકાનેર બાયપાસ રોડ રસ્તાઓને ખૂબ જ લાંબા સમયથી રિસર્ફેસીંગ ન કરેલ હોય જેથી હાલમાં આ રસ્તાઓ ખરાબ હાલતમાં હોય, બાબતે સાત વર્ષ કરતા વધુ સમયથી રિકાર્પેટ બાકી હોય તેવા રાજ્ય ધોરી માર્ગ રસ્તાઓ માટે ફાળવેલ ત્રીસ કરોડની ગ્રાન્ટ પૈકી બાકી રહેતી ગ્રાન્ટમાંથી ઉપરના રોડના કામોને મંજૂરી આપવા માંગ કરી હતી.

# ધ્રાંગધ્રા ખાતે કિસાન સૂર્યોદય યોજનાનો કાર્યક્રમ યોજાયો

ચક્વાત ટીમ ધ્રાંગધ્રા, તા.૧૮

સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા તાલુકાના સોલડી ખાતે સ્વર્ણિમ ગુજરાત ૫૦ મુદ્દા અમલીકરણ સમિતિ, ગુજરાત સરકાર, આઈ. કે.જાડેજાના અધ્યક્ષ સ્થાને કિસાન સૂર્યોદય યોજનાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં હળવદ-ધ્રાંગધ્રા વિસ્તાસરના ધારાસભ્ય પરસોત્તમભાઈ સાબરીયા, જિલ્લા ભાજપ પ્રમુખ જગદીશ ભાઈ મકવાણા અને જિલ્લા ભાજપ ઉપ પ્રમુખ કલ્પનાબેન રાવલ સહિત નાઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે પ્રાસંગિક ઉદબોધન કરતા આઈ.કે જાડેજા એ જણાવ્યું હતું કે, કિસાન સૂર્યોદય યોજના અંતર્ગત રાજ્ય સરકારે દરેક ખેડૂતોને સવારના પાંચ કલાકથી રાત્રિના નવ કલાક દરમિયાન વીજળી આપવાનો નિર્ધાર કર્યો છે. જે અન્વયે હાલમાં ધ્રાંગધ્રા તાલુકાના ૯ ગામોમાં ખેડૂતોને દિવસે વીજ પુરવઠો મળશે. આ યોજના અંતર્ગત આગામી ત્રણ વર્ષમાં રાજ્યના તમામ ખેડૂતોને દિવસે વીજ પુરવઠો ઉપલબ્ધ બનાવાશે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ખેડૂતો દ્વારા છેલ્લા કેટલાક



સમયથી દિવસે વીજળી આપવાની રજૂઆત હતી, ખેડૂતોની માંગને સંતોષવા ખેડૂતોને દિવસે વીજળી પૂરી પાડવા રાજ્ય સરકાર દ્વારા નવીન અભિગમ અપનાવી કિસાન સૂર્યોદય યોજના અમલમાં મુકવામાં આવી છે. જે યોજના હેઠળ કૃષિક્ષેત્રે દિવસ દરમિયાન સવારે પાંચ કલાકથી રાત્રિના નવ કલાક દરમિયાન વીજ પુરવઠો આપવામાં આવશે. આ યોજના થકી ખેડૂતોને દિવસે સિંચાઈ માટે વીજ પુરવઠો મળવાથી રાતના ઉજાગરા, વન્ય જીવ જંતુઓના ભય અને કડકડતી ઠંડી તથા ચોમાસામાં પડતી મુશ્કેલીઓમાંથી કાયમી મુક્તિ મળશે. તદુપરાંત આઈ.કે જાડેજા એ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોના કલ્યાણ માટે અનેકવિધ યોજનાઓ અમલી બનાવી છે. તેમ જણાવી આ યોજનાઓનો લાભ લેવા ઉપસ્થિત ખેડુતોને અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમમાં મંત્રીના હસ્તે ધ્રાંગધ્રા તાલુકાના ૯ ગામોને દિવસે વીજપુરવઠો આપવાની કિસાન સૂર્યોદય યોજનાનો ડિજિટલ માધ્યમથી શુભારંભ કરાયો હતો.આ કાર્યક્રમમાં અગ્રણીઓ તેમજ અધિકારીઓ અને પી.જી.વી.સી.એલ.ના કાર્યપાલક ઈજનેર સહિત મોટી સંખ્યામાં ખેડૂતો પણ ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગરના પણ ૪૦૦થી વધુ આરોગ્ય કર્મચારીઓ અચોક્કસ મુદતની હડતાલમાં જોડાયા



ચક્વાત ટીમ જામનગર, તા.૧૮

જામનગર સહિત રાજયભરના આરોગ્યના કર્મચારીઓ પોતાની વિવિધ પડતર માંગણીઓને લઈ વિરોધ પ્રદર્શન અને અચોક્કસ મુદતની હડતાલ કરી રહ્યા છે. ત્યારે જામનગરના પણ ૪૦૦થી વધુ આરોગ્ય કર્મચારીઓ અચોક્કસ મુદતની હડતાલમાં જોડાયા છે. શહેરના આરોગ્યના કર્મચારીઓએ વેક્સિન લેશું પણ નહીં અને વેક્સિન આપીશું પણ નહીં તેવો નિર્ણય કર્યો છે થોડા દિવસ પહેલા દેવભૂમિ દ્વારકામાં આરોગ્ય કર્મચારી મહાસંઘની બેઠક યોજાઈ હતી જેમાં વિવિધ પડતર માંગણીઓની ચર્ચા કરવામાં આવી હતી. જો કે રાજ્ય સરકાર સમક્ષ લેખિત અને મૌખિકમાં આરોગ્ય કર્મચારીઓ અનેક વખત રજૂઆત કરી હોવા છતાં પણ કોઈ ઉકેલ ન આવતા આખરે આ કર્મચારીઓ અચોક્કસ મુદતની હડતાળ પર ઉતર્યા છે અને વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. અગાઉ આરોગ્ય કર્મચારી મહાસંઘ અને રાજ્ય સરકાર વચ્ચે થયેલી બેઠકમાં ગ્રેડ પેનો પ્રશ્ન ઉકેલવામાં આવશે તેવી રાજ્ય સરકારે બાંહેધરી આપી હતી જોકે બાદમાં કોઈ ઉકેલ ન આવતા કર્મચારીઓમાં ભારે નિરાશા જોવા મળી રહી છે.

# બ્રિસબેન દિવસ ૪ : ઈન્ડિયાએ ટેસ્ટમાં વન-ડે ફોર્મેટ રમીને એક દિવસમાં ૩૨૪ રન કરવાની જરૂર

## શાર્દુલની પાંચ તો સિરાજની ચાર વિકેટ



(જી.એન.એસ.)બ્રિસ્બેન,તા.૧૮

ભારતે ઓસ્ટ્રેલિયા સામે ચાર ટેસ્ટ સીરિઝની અંતિમ મેચમાં બ્રિસ્બેન ખાતે ૩૨૮ રનનો પીછો કરતા વિના વિકેટે ૪ રન કર્યા છે. દિવસના અંતે રોહિત શર્મા ૪ અને શુભમન ગિલ ૦ રને ક્રિઝ પર ઊભા છે. આવતીકાલે ભારત પાસે ટાર્ગેટ ચેઝ કરવા ૯૮ ઓવર રહેશે. બ્રિસ્બેનમાં રમાઇ રહેલી આ ટેસ્ટ મેચ ભારત જીતશે તો સીરિઝ પર ૨-૧થી કબ્જો જમાવશે. જ્યારે મેચ ડ્રો થશે તો સીરિઝ ૧-૧થી બરાબર થશે. ઓસ્ટ્રેલિયા બીજી ઈનિંગ્સમાં ૨૯૪ રનમાં ઓલઆઉટ થયું છે. કાંગારુંને ફર્સ્ટ ઈનિંગ્સમાં ૩૩ રનની લીડ મળી હતી અને તેઓએ ભારતને મેચ જીતવા ૩૨૮ રનનો ટાર્ગેટ આપ્યો છે. ટીમ ઈન્ડિયા માટે મોહમ્મદ સિરાજે ૫, શાર્દુલ ઠાકુરે ૪ અને વી. સુંદરે ૧ વિકેટ લીધી. સિરાજે પોતાના ટેસ્ટ કરિયરમાં પહેલીવાર એક ઈનિંગ્સમાં પાંચ વિકેટ લીધી. ઓસ્ટ્રેલિયા માટે બીજી ઈનિંગ્સમાં સ્ટીવ સ્મિથે ૫૫, ડેવિડ વોર્નરે ૪૮, માર્કસ હેરિસે ૩૮ અને કેમરૂન ગ્રીને ૩૭ રનનું યોગદાન આપ્યું. ટિમ પેને ૨૭ અને પેટ કમિન્સે ૨૮ રન કરતા તેમણે છેલ્લી ૩ વિકેટ માટે ૫૨ રન ઉમેર્યા. સ્ટીવ સ્મિથે પોતાનું શાનદાર ફોર્મ ચાલુ રાખતા કરિયરની ૩૧મી ફિફટી મારી હતી. તેણે ૭૪ બોલમાં ૭ ફોરની મદદથી ૫૫ રન કર્યા હતા. તે સિરાજની બોલિંગમાં ગલીમાં રહાણે દ્વારા કેચ આઉટ થયો હતો. સ્મિથે રિવ્યૂ લીધો હતો પરંતુ તેને પેવેલિયન ભેગું જ થવું પડ્યું હતું. તે પછી કેમરૂન ગ્રીન ૩૭ રને શાર્દુલ ઠાકુરની બોલિંગમાં સેકન્ડ સ્લીપમાં રોહિત દ્વારા કેચ આઉટ થયો હતો. માર્નસ લબુશેન ૨૫ રને મોહમ્મદ સિરાજની બોલિંગમાં સેકન્ડ સ્લીપમાં રોહિતના હાથે કેચ આઉટ થયો હતો. તેના ૨ બોલ પછી જ મેથ્યુ વેડ સિરાજની બોલિંગમાં શૂન્ય રને ડાઉન ધ લેગ કીપર પંત દ્વારા કેચ આઉટ થયો હતો.

# દેવરાકોંડાની ફિલ્મ 'લાઈગર' ફર્સ્ટ લૂક રિલીઝ




(જી.એન.એસ.)મુંબઈ,તા.૧૮

છેલ્લાં ઘણાં સમયથી વિજય દેવરાકોંડા તથા અનન્યા પાંડેની ફિલ્મની ચર્ચા થતી હતી. ફાઈનલી આ ફિલ્મનું નામ તથા ફર્સ્ટ લુક રિલીઝ કરી દેવામાં આવ્યો છે. આ ફિલ્મ એક્શનથી ભરપૂર હશે. ફિલ્મનું નામ 'લાઈગરઃ સાલા ક્રોસબ્રીડ' છે. ધર્મા પ્રોડક્શન તથા વિજયે સોશિયલ મીડિયામાં ફિલ્મનો ફર્સ્ટ લુક શૅર કર્યો હતો. આ ફિલ્મથી વિજય બોલિવૂડ ડેબ્યૂ કરી રહ્યો છે. વિજયે સોશિયલ મીડિયામાં ફિલ્મનો ફર્સ્ટ લુક શૅર કરીને કહ્યું હતું, 'વિનમ્રતા સાથે ભારતમાં અમારા આગમનની ઘોષણા કરું છું. આખા દેશમાં ગાંડપણની ગેરંટી છે.' ફર્સ્ટ લુકમાં વિજયના બેકગ્રાઉન્ડમાં વાઘ તથા સિંહ જોવા મળે છે. વિજય ગુસ્સામાં છે અને તેણે બોક્સિંગ ગ્લવ્સ પહેર્યા છે. ફિલ્મને પુરી જગન્નાથે ડિરેક્ટ કરી છે.

વિજય ઉપરાંત ફિલ્મમાં અનન્યા પાંડે, રામ્યા કૃષ્ણન, રોનિત રોય, વિશુ રેડ્ડી જેવા કલાકારો છે. ફિલ્મને ધર્મા પ્રોડક્શન ઉપરાંત પુરી જગન્નાથ તથા ચાર્મી કૌરે પ્રોડ્યૂસ કરી છે. જ્યારે ફિલ્મનું શૂટિંગ શરૂ થયું ત્યારે ચર્ચા હતી કે આ ફિલ્મનું નામ 'ફાઈટર' રાખવામાં આવશે. જોકે, થોડાં સમય પહેલાં જ સિદ્ધાર્થ આનંદે 'ફાઈટર' ફિલ્મની જાહેરાત કરી હતી. આ ફિલ્મમાં દીપિકા પાદુકોણ તથા રીતિક રોશન લીડ રોલમાં છે. સિદ્ધાર્થે 'ફાઈટર' ટાઈટલ રાખી લેતા કરન જોહરે પોતાની ફિલ્મનું નામ 'લાઈગર' રાખ્યું છે. ઉલ્લેખનીય છે કે લાઈગર એવો મિક્સ્ડ સિંહ છે, જે મેલ સિંહ તથા ફીમેલ ટાઈગરના મિલનથી જન્મે છે. ફિલ્મ હિંદી, તેલુગુ, તમિળ, કન્નડ તથા મલયાલમ એમ પાંચ ભાષામાં રિલીઝ થશે. અનન્યાએ એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે જ્યારે તે પહેલી જ વાર વિજય દેવરાકોંડાને મળી ત્યારે તે ઘણો જ વિન્રમ લાગ્યો હતો. આટલો મોટો સ્ટાર હોવા છતાંય તે ઘણી જ સહજતાથી વાત કરે છે. અનન્યાએ પોતાના રોલ અંગે કહ્યું હતું કે તે ફિલ્મમાં એવો રોલ ભજવે છે, જે તે રિયલ લાઈફમાં છે. તે ક્યૂટ, ફન્ની તથા ચાર્મિંગ પર્સનાલિટીમાં જોવા મળશે. તેણે તેલુગુ ભાષા પણ શીખી છે.

# પીચ ઉપર જ સ્મિથની મીમીક્રી કરતો ઝડપાયો રોહીત શર્મા : સોશિયલ મીડિયામાં વાયરલ



(જી.એન.એસ.)બ્રિસ્બેન,તા.૧૮

બ્રિસ્બેનમાં ઓસ્ટ્રેલિયા અને ભારત વચ્ચે ચોથી અને છેલ્લી ટેસ્ટ મેચ ચાલી રહી છે. જેમાં ટેસ્ટ મેચના ચોથા દિવસે ભારતના ઓપનિંગ બેટ્સમેન રોહિત શર્માએ ઓસ્ટ્રેલિયાના બેટ્સમેન સ્ટીવ સ્મિથની કોપી કરવાની કોશિશ કરી હતી. સીરિઝની અંતિમ મેચના ચોથા દિવસે ઓસ્ટ્રેલિયાની બીજી ઈનિંગ દરમિયાન જ્યારે સ્ટીવ સ્મિથ ગ્રાઉન્ડ પર હતો, ત્યારે રોહિત શર્માએ તેની સામે તેના જ અંદાજમાં શેડો પ્રેક્ટીસ કરી હતી. મજાની વાત એ છે કે તે સમયે ક્રીઝ પર સ્ટીવ સ્મિથ બેટીંગ કરી રહ્યો હતો અને ઓવર ખતમ થયા પછી રોહિતે થોડીક સ્મિથની જેમ જ શેડો બેટીંગ શરૂ કરી દીધી હતી. હવે આ માત્ર અટકળો હશે કે શું રોહિત ખરેખરમાં શેડો બેટીંગ કરી રહ્યો હતો, અથવા માત્ર સ્ટીવની મજાક ઉડાવવા માટે આવું કર્યું હતું. જણાવી દઈએ કે ઓસ્ટ્રેલિયાના પૂર્વ કેપ્ટન સ્ટીવ સ્મિથે સિડની ટેસ્ટ મેચ પછી ઘણી આલોચના ઝેલવી પડી છે. ત્રીજી ટેસ્ટ દરમિયાન ઋષભ પંતના ગાર્ડના નિશાનને ઘસીને દૂર કરવાના આરોપનો તેણે સામનો કરવો પડ્યો હતો. સ્મિથ વીડિયોમાં જે કરતો જોવા મળી રહ્યો છે તેમાં કંઈ જ ખોટું નથી. પરંતુ ખેલના પૂર્વજ દિગ્ગજો દ્વારા તેની ઈમાનદારી અને ખેલ કૌશલ પર સવાલો ઉઠાવવામાં આવ્યા હતા.

# ૧૫૦ વર્ષ જૂનો રેકોર્ડ તોડતો વોશિંગ્ટન સુંદર

(જી.એન.એસ.)બ્રિસ્બેન,તા.૧૮

અહીં રમાઈ રહેલી ઑસ્ટ્રેલિયા સામેની ચોથી અને નિર્ણાયક ટૅસ્ટમાં વૉશિંગ્ટન સુંદર (૬૨ રન) અને શાર્દુલ ઠાકુર (૬૭ રન)એ સાતમી વિકેટની ભાગીદારીમાં ૧૨૩ રન નોંધાવ્યા હતા. સાતમા ક્રમે રમી ૬૨ રન બનાવનાર સુંદરે ૧૧૦ વર્ષ જૂનો રૅકોર્ડ તોડ્યા હતો. ઑસ્ટ્રેલિયા સામેની ચોથી ટૅસ્ટ મૅચથી ટૅસ્ટક્રિકેટમાં પદાર્પણ કરનાર સુંદરે બનાવેલા ૬૨ રન ઑસ્ટ્રેલિયાના પ્રવાસે આવેલી વિશ્ર્વની અન્ય કોઈપણ ટીમના સાતમા ક્રમે રમતા ખેલાડીએ બનાવેલા રન કરતા વધુ હતા.

આ વિક્રમ ઈંગ્લૅન્ડના ફૅક્ક ફૉસ્ટરના નામે હતો જેણે વર્ષ ૧૯૧૧માં ઑસ્ટ્રેલિયા સામે તેની કારકિર્દીની પ્રથમ ટૅસ્ટ મૅચમાં સાતમા ક્રમે રમતા ૫૬ રન બનાવ્યા હતા. સુંદર ત્રીજો એવો ભારતીય ખેલાડી બન્યો હતો જેણે કારકિર્દીની પ્રથમ જ ટૅસ્ટમાં અડધી સદી ફટકારવાની સાથેસાથે ત્રણ વિકેટ પણ ઝડપી હતી. અગાઉ દત્તુ ફડકે અને હનુમા વિહારીએ આ સિદ્ધિ મેળવી હતી.

પ્રથમ ઈનિંગમાં ૬૭ રન બનાવી ટીમના ટૉપ સ્કૉરર રહેલા શાર્દુલે પણ ઑસ્ટ્રેલિયા સામે આઠમા ક્રમે રમી ત્રીજા ક્રમાંકનો સર્વાધિક સ્કૉર (૬૭ રન) નોંધાવ્યો હતો.

# ફરી એક વાર સ્મિથની નાદારી : બોલને ગ્લવ્સને અડ્યો હોવા છતાં લીધો રિવ્યૂ

## થર્ડ અમ્પાયર દ્વારા અપાયો આઉટ

(જી.એન.એસ.)બ્રિસ્બેન,તા.૧૮

સ્ટીવ સ્મિથે ભારત સામે બ્રિસ્બેન ટેસ્ટની ત્રીજી ઈનિંગ્સમાં કરિયરની ૩૧મી ફિફટી મારીને ઓસ્ટ્રેલિયાને મજબૂત સ્થિતિમાં રાખી દીધું છે. તેણે ૭૪ બોલમાં ૫૫ રન કરીને કાંગારૂની લીડ સરળતાથી ૨૨૫ રનને પાર કરાવી દીધી હતી અને ત્યાંથી યજમાન ભારતને મિનિમમ ૩૦૦ આસપાસનો ટાર્ગેટ આપશે એવું સ્ટેજ સેટ કરી દીધું હતું.

જોકે સ્મિથ સિરાજની બોલિંગમાં કેચ આઉટ થયો, ત્યારે તેણે રિવ્યૂ લીધો હતો, ખાસ કરીને જ્યારે બોલ તેના ગ્લવ્સને વાગ્યો હતો એવી પ્રતિક્રિયા આપ્યા બાદ તેણે ડીઆરએસ લેતાં ફેન્સ આશ્ચર્યમાં મુકાયા હતા. ચાલો, જાણીએ કે સ્મિથે આવું કેમ કર્યું?

મોહમ્મદ સિરાજનો બોલ સ્મિથના ધાર્યા કરતાં વધુ ઊછળ્યો હતો અને સ્મિથના ગ્લવ્સને કિસ કરીને સીધો ગલીમાં રહાણેના હાથમાં ગયો હતો. ભારતીય કપ્તાને ક્લીન કેચ કર્યો હતો. તો પછી સ્મિથે રિવ્યૂ કેમ લીધો?

આ નિયમ અનુસાર બેટ્સમેને બેટ હાથમાં પકડ્યું હોય અને બોલ ત્યારે તેના ગ્લવ્સને અડે તો જ તે આઉટ ગણાય. ઉદાહરણ રૂપે, જો બોલ સ્મિથના જમણા ગ્લવને અડ્યો અને ત્યારે તેણે એક હાથથી બેટ છોડી દીધું, માત્ર ડાબા હાથે બેટ પકડેલું અને જમણા હાથના ગ્લવ્સમાં બોલ વાગ્યો તો તે આઉટ ન ગણાય.

સ્મિથને પણ લાગ્યું કે જ્યારે બોલ તેના ગ્લવ્સને અડ્યો ત્યારે એ હાથ બેટના સંપર્કમાં નહોતો, તેથી તેણે રિવ્યૂ લીધો. જોકે રિપ્લેમાં સ્પષ્ટ હતું કે ત્યારે ગ્લવ્સ અને બેટ ટચમાં હતા, તેથી તેણે પેવેલિયન ભેગું થવું પડ્યું હતું.

# તબુનું ઈન્સ્ટાગ્રામ અકાઉન્ટ હેક



મુંબઈ,તા.૧૮

બોલિવૂડ એક્ટ્રેસ તબુનું ઈન્સ્ટા અકાઉન્ટ હેક થઈ ગયું છે. આ વાતની જાણકારી તબુએ ખુદ રવિવારે તેના ઈન્સ્ટા અકાઉન્ટ પર સ્ટોરી શેર કરીને તેના ફેન્સને આપી છે. તબુએ જણાવ્યું કે તેના અકાઉન્ટ પર તેની જાણકારી વગર પ્રમોશનલ પોસ્ટ શેર થઈ છે. તેણે પોતાના ફેન્સને સાવધાન કર્યા કે તેના અકાઉન્ટથી શેર કરવામાં આવેલી કોઈપણ લિંક પર ક્લિક ન કરો. તબુએ ફેક પોસ્ટને ડિલીટ પણ કરી દીધી છે. આ ફેક પોસ્ટમાં એક કલાકમાં ૨થી ૫ હજાર રૂપિયા કમાવાની જાણકારી આપવામાં આવી હતી.

તબુએ સ્ટોરી શેર કરી લખ્યું, 'હેક અલર્ટ. મારું અકાઉન્ટ હેક થઈ ગયું છે. પ્લીઝ મારા અકાઉન્ટથી શેર કરવામાં આવેલી કોઈપણ લિંક પર ક્લિક ન કરો.' તબુ પહેલાં પણ બોલિવૂડમાં ઘણા સેલેબ્સ હેકિંગનો શિકાર થઈ ગયા છે. હાલમાં જ શરદ કેલકર, અમિષા પટેલ, ઈશા દેઓલ, ફરાહ ખાન, વિક્રાંત મેસી, સુષ્મિતા સેનની દીકરી રેને, ઉર્મિલા અને સુઝેન ખાન પણ સાયબર અટેકના શિકાર થઈ ગયા છે. વર્ક ફ્રન્ટની વાત કરીએ તો તબુ ટૂંક સમયમાં હોરર કોમેડી ફિલ્મ 'ભૂલ ભુલૈયા ૨'માં દેખાશે. ફિલ્મમાં તબુ સિવાય કાર્તિક આર્યન અને કિઆરા અડવાણી પણ લીડ રોલમાં છે. આ ફિલ્મને અનીસ બાઝમી ડિરેક્ટ કરી રહ્યા છે. તબુ છેલ્લે 'જવાની જાનેમન'માં જોવા મળી હતી. આ ફિલ્મમાં સૈફ અલી ખાન અને અલાયા ફર્નિચરવાલા પણ લીડ રોલમાં હતા. તબુએ પોતાના કરિયરની શરૂઆત ૧૯૮૫માં આવેલી ફિલ્મ 'હમ નૌજવાન'થી કરી હતી. આ ફિલ્મમાં તેણે ચાઈલ્ડ આર્ટિસ્ટ તરીકે કર્યું હતું.

# સુહાનાએ કેન્ડલ લાઈટ સાંજની તસવીર શેર કરતા ફેન્સમાં કુતુહલ

(જી.એન.એસ.)મુંબઈ,તા.૧૭

બોલિવૂડના બાદશાહ શાહરૂખની દીકરી જ્યારથી સોશિયલ મીડિયા પર એક્ટિવ થઈ છે, ત્યારથી તે તેમની પોસ્ટને લઈને ચર્ચામાં રહે છે. સુહાના સોશિયલ મીડિયાના માધ્યમથી તેમના ફેન્સને તેમની રૂટિન લાઈફથી અવગત કરાવતી રહે છે. આટલું જ નહીં તે સામાજિક મુદ્દા પર પણ પોતાના અભિપ્રાય વ્યક્ત કરે છે. સુહાનાએ હાલ તેમની કેન્ડલ લાઈટ સાંજની તસવીર શેર કરી હતી. આ તસવીરમાં સુહાનાના હાથમાં એક કાળી ડાયરી પણ જોવા મળે છે.

આ ડાયરીને જોતા યુઝર્સ વિચારી રહ્યાં છે કે, આ સ્ટાર કિડસ પણ ડાયરી લખી રહી છે. ફેન્સ જાણવા ઈચ્છે છે કે, સુહાનાએ તેમની પર્સનલ ડાયરીમાં શું લખ્યું છે. સુહાનાને વાંચવાનો ખૂબ જ શોખ છે. તે અમેરિકી દિવંગત એક્ટર જેમ્સ ડીનને ખૂબ પસંદ કરે છે. તેમણે જુલાઇ ૨૦૨૦માં જેમ્સ ડીનની બુક રીડ કરતી એક તસવીર પણ શેર કરી હતી.



# આલિયા ભટ્ટ એક દિવસ માટે હોસ્પિટલમાં એડમિટ



મુંબઈ,તા.૧૮

આલિયા ભટ્ટ હાલમાં સંજય લીલા ભણશાલીની ફિલ્મ 'ગંગુબાઈ કાઠિયાવાડી'નું શૂટિંગ કરી રહી છે. ગયા વર્ષે કોરોનાને કારણે ફિલ્મનું શૂટિંગ અધવચ્ચે પડતું મૂકવામાં આવ્યું હતું. ગયા વર્ષે ડિસેમ્બરથી ફરી પાછુ ફિલ્મનું શૂટિંગ શરૂ કરવામાં આવ્યું છે. જોકે, આલિયા સતત કામ કરતી હોવાને કારણે તેને એક દિવસ હોસ્પિટલમાં એડમિટ કરવામાં આવી હતી.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, આલિયા ભટ્ટ ડિસેમ્બર, ૨૦૨૦થી સતત કામ કરી રહી છે. ડિસેમ્બરમાં તેણે 'ગંગુબાઈ કાઠિયાવાડી'નું શૂટિંગ કર્યું. ત્યારબાદ હૈદરાબાદમાં 'ઈઈઈ'નું શૂટિંગ કર્યું હતું. બ્રેક દરમિયાન આલિયા ભટ્ટ પરિવાર તથા રણબીર કપૂર સાથે રણથંભોર ગઈ હતી. ત્યાંથી પરત આવ્યા બાદ ફરી પાછું તેણે શૂટિંગ શરૂ કરી દીધું હતું. સત કામને કારણે આલિયા ભટ્ટમાં એકદમ નબળાઈ આવી હતી. ૧૭ જાન્યુઆરી, રવિવારના રોજ આલિયા ભટ્ટને એડમિટ કરવામાં આવી હતી. આલિયાને એચ એન રિલાયન્સ હોસ્પિટલમાં એક દિવસ માટે દાખલ કરવામાં આવી હતી. તેને એ જ દિવસે ડિસ્ચાર્જ આપી દેવામાં આવ્યો હતો. આલિયાએ હોસ્પિટલમાંથી આવીને આરામ કરવાને બદલે બીજા દિવસે એટલે કે ૧૮ જાન્યુઆરીના રોજ શૂટિંગ ચાલુ કરી દીધું હતું. આલિયા ભટ્ટ પરિવાર અને રણબીર કપૂર સાથે રણથંભોર ગઈ હતી. રણબીર કપૂર તથા આલિયા ભટ્ટ સાથે હોવાથી ચર્ચા થવા લાગી હતી કે બંને નવા વર્ષે સગાઈ કરશે, કારણ કે કપૂર તથા ભટ્ટ પરિવાર અને નિકટના સાથીઓ પણ રણથંભોરમાં હતા. જોકે, આ વાત માત્ર અફવા જ સાબિત થઈ હતી. અહીંયા રણબીર-આલિયાએ સગાઈ કરી નહોતી. ઉલ્લેખનીય છે કે લૉકડાઉનમાં રણબીર કપૂર તથા આલિયા ભટ્ટે સાથે ટાઈમ સ્પેન્ડ કર્યો હતો. એક ઈન્ટરવ્યૂમાં રણબીર કપૂરે લગ્ન અંગે કહ્યું હતું કે જો કોરોનાવાઈરસ ના હોત તો તે ક્યારનો આલિયા ભટ્ટને પરણી ગયો હોત. આલિયા ભટ્ટ પ્રેમી રણબીર કપૂર સાથે ફિલ્મ 'બ્રહ્માસ્ત્ર'માં જોવા મળશે. આ ફિલ્મ છેલ્લાં ઘણાં સમયથી બની રહી છે. આલિયા ભટ્ટ ડિરેક્ટર સંજય લીલા ભણસાલીની ફિલ્મ 'હીરા મંડી'માં કામ કરે તેવી શક્યતા છે. આ ફિલ્મમાં ઐશ્વર્યા રાય, માધુરી દીક્ષિત, દીપિકા પાદુકોણ, પરિણીતી ચોપરા, વિદ્યા બાલન પણ કામ કરે તેવી શક્યતા છે. આ ફિલ્મ થિયેટરને નેટફ્લિક્સ પર સ્ટ્રીમ થાય તેવી શક્યતા છે.

# ખંભાળિયા-દ્વારકા ધોરીમાર્ગ પર સોનારડી નજીક કાર અકસ્માત : ત્રણના મોત, છને ઈજા



ચક્રવાત ટીમ મહેશ વાઘેલા,તા.૧૮

ખંભાળિયા- દ્વારકા ધોરીમાર્ગ પર આજરોજ ચઢતા પહોરે બે મોટરકાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતા ત્રણ વ્યક્તિઓના ઘટના સ્થળે જ કરૂણ મૃત્યુ નિપજ્યા હતા. આ અકસ્માતમાં અન્ય છ મુસાફરોને નાની-મોટી ઈજાઓ થવા પામી હતી.

ખંભાળિયાથી આશરે ૨૦ કિલોમીટર દૂર દ્વારકા હાઈવે પર સોનારડી ગામના પાટિયા પાસે આજરોજ સવારે આશરે છ વાગ્યાના સુમારે જઈ રહેલી જી.જે. ૧૦ બી.આર. ૯૦૬૩ તથા જી.જે. ૨૭ ડી.બી. ૧૨૧૩ નંબરની બે કારનો સામસામે ધડાકાભેર અકસ્માતમાં ત્રણ વ્યક્તિઓના ઘટના સ્થળે જ કરૂણ મૃત્યુ નિપજ્યા હતા. જ્યારે અન્ય છ મુસાફરોને નાની-મોટી ઈજાઓ થતાં ખંભાળિયાની સરકારી હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર અપાયા બાદ વધુ સારવાર અર્થે કેટલાક મુસાફરોને જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. જાણવા મળતી વિગત મુજબ અમદાવાદ તરફથી આવતા હતભાગી પરિવારના ભોગ બનનાર ના નામ દિનેશભાઈ રબારી તથા જગદીશ ઈશ્વરભાઈ દેસાઈ તેમજ અન્ય મોટરકારમાં કલ્યાણપુર તાલુકાના બાંકોડી ગામની કવુબેન મેરૂભાઈ ગોજીયા નામની આશરે ૨૧ વર્ષની અપરિણીત યુવતી કાળનો કોળિયો બની ગયા હોવાનું જાણવા મળેલ છે.

**કાયદાના સાચા સાથીઓ......**




# અમરેલી : શેત્રુંજી નદીમાં કાર ખાબકતા સુરતના દેરાણી-જેઠાણીનાં કરૂણ મોત



ચક્રવાત ટીમ રાજકોટ, તા.૧૮

અમરેલી તાલુમામાં આજે સાંજે આશરે સવા પાંચ વાગ્યા આસપાસ સુરતના ધામેલિયા પરિવારનાં ૧૦ સભ્યોની ઈનોવા કાર નં.જી.જે.૫-જે. આર.૬૨૨૫ અમરેલી નજીક શેત્રુંજી પુલ પરથી ખાબકતા પરિવારના દેરાણી-જેઠાણીનાં મોત નિપજ્યા હતા. જ્યારે અકસ્માતના કારણે ૩ વ્યક્તિને ગંભીર ઈજાઓ થયેલ તેમજ અન્ય બે ને સામાન્ય ઈજાઓ થવા પામેલ હતી. સુરતનો ધામેલિયા પરિવાર અમરેલી નજીક આવેલા સીમરણ ગામે તેમના કુળદેવી (માતાજી)નાં દર્શને આવ્યો હતો. આજે બપોર બાદ આ પરિવાર માતાજીનાં દર્શન કરી પોતાની કારમાં સુરત તરફ જવા રવાના થયેલ ત્યારે અમરેલી નજીક આવેલી શેત્રુંજી નદીના પુલ પરથી કાર નીચે પટકાતા કારમાં મુસાફરી કરી રહેલ સવિતાબેન બાલુભાઈ ધામેલિયા (૬૩) તથા જયાબેન લાલજીભાઈ ધામેલિયા (૬૬) (દેરાણી જેઠાણી)નું કરૂણ મોત નિપજેલ જ્યારે અકસ્માતના કારણે પાંચ વ્યક્તિઓ ઈજાગ્રસ્ત બનેલ જે પૈકી ૩ ની હાલત તબીબી સૂત્રો અનુસાર ગંભીર માનવમાં આવી રહી છે. માતાજીનાં દર્શન કરી કાર નં.જી.જે.૫-જે.આર.૬૨૨૫માં સુરત તરફ નીકળેલા પરિવારની કારને અમરેલી નજીક અસસ્માત સર્જાતા અમરેલી તાલુકા પોલીસ મથકનાં સબ. ઈન્સ્પેક્ટર પી.બી. લકકડ તથા મદદનીશોએ ઘટનાસ્થળે પહોંચી ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ખસેડવા તેમજ મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે અમરેલીની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડી ઈજાગ્રસ્તનો પુછપરછ પરથી અન્ય વિગતો મેળવી હતી. અકસ્માતમાં ઈજા પામનારાઓમાં બાલુભાઈ ભગવાનભાઈ ધામેલિયા, લાલજીભાઈ ભગવાનજીભાઈ ધામેલિયા તેમજ વિહાત રાકેશભાઈ ધામેલિયાનો સમાવેશ થાય છે.

# કોરોના વેક્સિન આવ્યા પછી પણ ફતવા સપ્તાહમાં ચાર દિવસ જ રસીકરણ થશે

(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૧૮

જીવલેણ કોરોના સામેની જંગ નિર્ણાયક તબક્કે પહોંચી ગઈ છે. જે અંતર્ગત ગુજરાત સહિત સમગ્ર દેશમાં શનિવારથી વિશ્વના સૌથી મોટા વૅક્સીનેશન અભિયાન શરૂ કરી દેવામાં આવ્યું છે, ત્યારે હવે ગુજરાતમાં વૅક્સીનેશનને લઈને બનાવેલા ટાઈમ ટેબલ મુજબ સપ્તાહના ૩ દિવસ જ વૅક્સીન આપવામાં આવશે. આ અંગે પ્રાપ્ત વિગતો પ્રમાણે, કેન્દ્ર સરકાર દ્વારા કોવિડ વૅક્સીનેશનને લઈને ગાઈડ લાઈન સાથે ટાઈમ ટેબલ જાહેર કર્યું છે. જે મુજબ રાજ્યમાં દર સપ્તાહે મંગળવાર, ગુરુવાર, શુક્રવાર અને શનિવારે કોરોના વૅક્સીન અપાશે. અગાઉ એવી અટકળો થઈ રહી હતી કે, સપ્તાહના ૭ દિવસ સુધી વૅક્સીનેશનનો કાર્યક્રમ ચાલુ જ રહેશે. જો કે વહીવટી તંત્ર તરફથી કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નહોવાથી મૂઝવણની સ્થિતિ સર્જાયી હતી.

મંત્રાલયનું કહેવું છે કે, મોટા રાજ્યો પોતાના ત્યાં સપ્તાહમાં ૪ દિવસ સુધી વૅક્સીનેશન અભિયાન ચલાવશે, જ્યારે નાના રાજ્યોને અઠવાડિયામાં બે દિવસ વૅક્સીનેશન અભિયાન ચલાવવાનો આદેશ આપ્યો છે. મંત્રાલયના આદેશ બાદ અનેક રાજ્યોએ પોતાની સગવડતાના હિસાબે વૅક્સીનેશનના દિવસો નક્કી કર્યાં છે. જે અંતર્ગત ગુજરાતમાં ૪ દિવસ સુધી વૅક્સીન આપવામાં આવશે. આંધ્ર પ્રદેશ એક એવું રાજ્ય છે, જ્યાં રવિવારને બાદ કરતાં સપ્તાહના ૬ દિવસ સુધી વૅક્સીન આપવામાં આવશે.

# શાળા અનલોક કે કોરોના?? કેશોદમાં ૧૧ વિદ્યાર્થિનીઓ તો રાજકોટમાં ત્રણ શિક્ષકો કોરોના સંક્રમિત

## સંચાલકોના શાળા ખોલવાના નિર્ણય સામેનો ડર સાચો ઠરતો હોય તેવી સ્થિતિ

(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૧૮

ગુજરાત રાજ્યમાં ગત ૧૧ જાન્યુઆરીથી શાળા માં ધોરણ ૧૦ અને ૧૨ માટે શૈક્ષણિક કાર્ય શરુ થયું છે. કોરોના ની ગાઈડલાઈન્સ અનુસાર રાજ્યમાં શાળાઓ શરુ કરવામાં આવી છે. ત્યારે રાજ્યમાં શાળા શરુ થયા બાદ વિધાર્થીઓમાં કોરોના વૈર્સનું સંક્રમણ જોવા મળ્યું છે. જામનગર બાદ હવે જૂનાગઢ જીલ્લાના કેશોદમાં એક સાથે ૧૧ વિધર્થિનીઓ કોરોના સંક્રમિત મળી આવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર જુનાગઢના કેશોદમાં ૧૧ વિદ્યાર્થિનીઓને એક સાથે કોરોના રીપોર્ટ પોઝિટિવ આવ્યો છે. એક જ શાળાની ૧૧ વિધાર્થીનીઓ સંક્રમિત મળી આવતા તંત્ર અને શાળાના સંચાલકો સહીત વળી ગાનમાં હડકંપ મચી ગયો છે.



રાજકોટની કોટેચા ગર્લ્સ સ્કૂલમાં પણ કોરોનાની એન્ટ્રી થઈ છે. કોટેચા ગર્લ્સ સ્કૂલના મહિલા આચાર્ય સહિત ૩ લોકો કોરોનાથી સંક્રમિત થયા છે. સ્કૂલમાં કોરોના આવતા ત્રણેય કર્મીએ પોતાને હોમ આઈસોલેટ કરી લીધા હતા અને પોતાના સંપર્કમાં આવનારા તમામ લોકોને ટેસ્ટ કરવા જણાવ્યુ હતું. રાજકોટની કોટેચા ગર્લ્સ સ્કૂલના આચાર્ય અને ૩ કર્મી કોરોનાથી સંક્રમિત થતા આ સ્કૂલમાં ભણતી વિદ્યાર્થિનીઓ તેમજ તેમના પરિવારજનો ચિંતિંત બન્યા છે. ધોરણ-૧૦ અને ૧૨ના ક્લાસ ચાલુ થયા છે ત્યારે આચાર્ય જ કોરોનાથી સંક્રમિત થતા ડરનો માહોલ જોવા મળી રહ્યો છે.

તો બીજી બાજુ આજે સરકારે ધોરણ ૧૨ ના વિજ્ઞાન પ્રવાહના વિધાર્થીઓ માટે પ્રેક્ટીકલ પરિક્ષાનિ જાહેરાત કરી છે. શું હજુ પણ સરકાર પોતાના શાળા ખોલવામાં નિર્ણય ઉપર અડગ રહેશે કે પછી હજુ વધુ વિધાર્થીઓના કોરોનાગ્રસ્ત બનવાની રાહ જોશે..? આ વાત નો જવાબ તો આવનાર સમય જ લેશે. પરંતુ શકું છે કે હવે વાલીઓ પોતાના વ્હાલસોયાને શાળાએ મોકલતા પહેલા જરૂર એકવાર વિચારતા થઈ જશે.

# કચ્છ : મુંદ્રા નજીક કાર સળગતા ચાલકનું મોત

## માંડવી-મુદ્રા રોડ પર સમાઘોઘો ગામ નજીક આજે સાંજે અલ્ટો કાર સળગી



ચક્રવાત ટીમ રાજકોટ, તા.૧૮

કચ્છ જિલ્લાનાં માડવી-મુંદ્રા ધોરીમાર્ગ પર આજે સાંજે ૫-૪૫ કલાક આસપાસ સમાઘોઘા ગામ નજીકથી પસાર થઈ રહેલ અલ્ટોકાર નં. જી.જે.-૧૨-ડી. એસ.૪૩૮૦ અચાનક સળગતા કાર ચાલક ક્ષત્રિય યુવાનનું દાઝી જવાથી મોત નિપજેલ હતું. સમાઘોઘા નજીક અચાનક કાર સળગતાં કાર ચાલક વિરેન્દ્રસિંહ સજુભા જાડેજા કારમાંથી બહાર નીકળી નહીં શકતા ગંભીર રીતે દાઝી ગયેલ જેને સારવારઅર્થે મુંદ્રા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવતાં ફરજ પરનાં તબીબોએ તેમને મૃત જાહેર કરેલ હતા. આધારભૂત સુત્રોમાંથી પ્રાપ્ત થતી વિગત અનુસાર મૃતક કોઈ ખાનગી કંપનીમાં નોકરી કરતા હતા અ ને બિદડા ખાતે રહેતા હતાં.

# ગઢડા : ઈંટોનાભઠ્ઠા પાસેથી બે શખ્સોની શંકાસ્પદ હાલતમાં લાશ મળતા ચકચાર



ચક્રવાત ટીમ બોટાદ,તા.૧૮

ગઢડા, સામાકાંઠે વિસ્તારમાં આવેલા ઈંટ પાકવતા ભઠ્ઠા પર રાત્રીના સમયે બે શખ્સોની શંકાસ્પદ હાલતમાં લાશ મળી આવતા ચકચાર ફેલાઈ છે. આ ઘટના સંદર્ભે ગઢડા પોલીસ સ્થળ પર દોડી આવી તપાસ હાથ ધરી છે. જો કે સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર આ બે શખ્સો ની કોઈ અગમ્ય કારણોસર મૃત્યુ થયેલ હોય અને ભઠ્ઠા ના માલિક ને એની સવારે જાણ થતાં તે બંને વ્યક્તિ ભઠ્ઠાના ગરમ થવાથી તેઓ દાજી ગયા હતા અને તેઓ નું મૃત્યુ નિપજ્યાનું પ્રાથમિક તારણ માનવામાં આવી રહ્યું છે મૃતક નું નામ રાજેશભાઈ અમરતભાઈ વાઘેલા ઉંમર વર્ષ ૨૭ તથા અનિલ અમરતભાઈ વાઘેલા ઉંમર વર્ષ ૩૦ ના હોવાનુ જાણવા મળેલ છે.હાલ ગઢડા પોલીસ દ્વારા બંને વ્યક્તિઓનો મૃતદેહને ગઢડા રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

જાણવા મળતી વિગત અનુસાર કન્યા વિધાલય પાછળ રહેતા દેવીપૂજક પરિવારના ૨ સગા ભાઈઓ અનિલ અમૃતભાઈ વાઘેલા (ઉં.વ.૨૯) અને રાજેશ અમૃતભાઈ વાઘેલા (ઉં.વ.૨૬) ગત રાત્રે દારૂ પિધેલી હાલતમાં ઈંટ ના ભઠ્ઠા પાસેથી નિકળ્યા બાદ ઠંડી ના કારણે ઈંટના ભઠ્ઠા ની ગરમી લેવા ગયા હોવાનું અને ત્યારબાદ શુધ્ધ બુધ્ધ ગુમાવી ભઠ્ઠા ઉપર જ સૂઈ જતા અતિશય ગરમી અને શ્વાસ રૂંધાઈ જવા ના કારણે મૃત્યુ પામ્યા હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. આમ નશામાં ધૂર્ત બની શાનભાન ગુમાવી જીવ ગુમાવવાની વિચિત્ર ઘટનાથી નશાખોરો માટે લાલબત્તી સમાન કિસ્સો પ્રકાશમાં આવતા ભારે કૂતુહલ અને ચકચાર જાગી છે.

# વીજ કર્મચારીઓની માંગણી સ્વિકારાતા આંદોલન પૂર્ણ



ચક્રવાત ટીમ અમરેલી,તા.૧૮

રાજ્યમાં ઘણા દીવસોથી ચાલી રહેલી વીજ કર્મીઓની હડતાળનો સુખદ અંત આવી ગયો છે. રાજ્યના ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં આજે આંદોલનની નોટીસ અંગેના પ્રશ્નોની ચર્ચા વિચારણા કરવામાં આવતા વીજ કર્મચારીઓ અને અધિકારીઓની માંગણીને ધ્યાનમાં રાખી પરીપત્રને સ્વિકારવામાં આવ્યો હતો. સાથે સાથે તમામ ભથ્થાઓનું એરિયર્સની ચૂકવણી ૨૦૧૬ના પરીપત્ર મુજબ કરવામાં આવવાનું જણાવવામાં આવ્યું હતું. આ સાથે આંદોલનની નોટીસ પરત ખેંચવામાં આવ્યું હતું.

# આણંદના આંકલાવના નાયબ મામલતદાર તથા પ્રજાજન લાંચ એસીબીના હાથે લેતા ઝડપાયા

## ફરીયાદીએ ખરીદ કરેલ જમીનની સરકારી ચોપડે નોંધ કરાવી આપવા રૂા. ૬૫૦૦ની લાંચ માંગતા ઓફીસર ઝડપાયો



ચક્રવાત ટીમ આણંદ,તા.૧૮

આણંદ જિલ્લાના આંકવાવ તાલુકાની મામલતદાર કચેરીમાં સર્કલ ઓફીસર તરીકે ફરજ બજાવતા નાયબ મામલતદાર આકાશ ડી. ઠક્કર તથા કચેરીના ઈ ધરા કેન્દ્રમાં ફરજ બજાવતા પ્રજાજન કમલેશ પી. ઠાકોરને ફરીયાદી પાસેથી માંગેલ લાંચની રકમ રૂા. ૬૫૦૦ સ્વિકારતા આણંદ એ.સી.બી.ના પોલીસ ઈન્સ્પેક્ટર સુધી એમ.એલ. રાજપૂત તથા મદદનીશોએ ગોઠવેલ છટકામાં સહાયક નિયામક કે.બી. ચુડાસમાના માર્ગદર્શન હેઠળ ઝડપી પાડેલ હતો.

આણંદના આંકવાવ તાલુકાના કહાનવાડી ગામના સર્વે.નંફ ૫૯૪ પૈકીની જમીન ખરીદ કરનાર વ્યક્તિની સરકારી ચોપડામાં નોંધ કરાવવા અરજી કરી જરૂરી દસ્તાવેજો કચેરીમાં જમા કરાવેલ બાદમાં કચેરીના પ્રજાજન દ્વારા જમીન ખરીદનાર માલિકને નોંધણી કરવા બાબત સર્કલ ઓફીસર આકાશ ઠક્કરનો સંપર્ક કરવા ફોનથી જાણ કરવામાં આવેલ. ત્યારબાદ સર્કલ ઓફીસરને મળતા તેમણે રૂા. ૯૦૦૦ની માંગણી કરેલ પરંતુ છેલ્લે ૬૫૦૦માં ડીલ થયેલ પરંતુ ફરીયાદી લાંચ આપવા માંગતા ન હોવાથી લાંચ રૂશ્વત વિરોધી શાખા આણંદના અમલદાર એમ.એલ. રાજપૂત સમક્ષ ફરીયાદ નોંધાવેલ હતી.

ફરીયાદી તરફથી મળેલ હકીકતો બાબતે એમ.એલ. રાજપૂતે અમદાવાદ એકમના મદદનીશ નિયામક કે.બી. ચુડાસમા તથા ઉચ્ચ અમલદારોને વાકેફ કરી ઉચ્ચ અમલદારોના માર્ગદર્શનમાં લાંચનું છટકુ ગોઠવતા આયોજન ઘડેલ જેમાં આજે મામલતદાર કચેરીના રૂમનં. ૧૦માં લાંચ સ્વિકારવા જતા આકાશ દશરથભાઈ ઠક્કર તથા ઈ ધારાના પ્રજાજન કમલેશ પુનલભાઈ ઠાકોરને સ્ટાફ દ્વારા ગોઠવવામાં આવેલ છટકામાં સાક્ષી અને પંચોની રૂબરૂમાં ઝડપી પાડી બન્નેની ધરપકડ કરવામાં આવી છે.







# ગાઢ ધુમ્મસના કારણે વહેલી સવારે અમદાવાદ-વડોદરા હાઈ-વે પર ૪૦થી વધુ ગાડીઓ વચ્ચે અકસ્માત

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૧૮



આજે રાજ્યના અનેક શહેરમાં ધુમ્મસભર્યું વાતાવરણ જોવા મળ્યું હતું. આ જ કારણે અનેક અકસ્માત સર્જાતા હોય છે. દ્વારકા-ખંભાળિયા હાઈવે પર ધુમ્મસને કારણે બે ગાડી વચ્ચે ટક્કર થઈ છે. આ બનવમાં ત્રણ લોકોનાં મોત થયા છે. બીજી તરફ અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર આજે ગાઢ ધુમ્મસને કારણે એક બે નહીં પરંતુ ૩૦થી ૩૫ જેટલા વાહનોને અકસ્માત નડ્યો છે. જોકે, કોઈ પણ બનાવમાં જાનહાની થઈ હોવાના સમાચાર પ્રાપ્ત નથી થયા. એક વાહન પાછળ બીજાની ટક્કરના બનાવો પણ બન્યા છે. ધુમ્મસને કારણે વિઝિબિલિટી ખૂબ ઘટી જાય છે. લોકોને ૫૦ કે ૧૦૦ ફૂટથી આગળનું કંઈ દેખાતું નથી. બીજી તરફ અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર વાહન ચાલકો વધારે સ્પીડમાં ગાડી ચલાવતા હોય છે. આ જ કારણે આગળની ગાડી ન દેખાતા અકસ્માત સર્જાતા હોય છે. રાજ્યના અન્ય હાઈવે પર પણ લોકોને ૩૦ની ઝડપે વાહન હંકારવાની ફરજ પડી છે. એક અંદાજ પ્રમાણે અમદાવાદ-વડોદરા હાઈવે પર ૩૦થી ૩૫ વાહનને ધુમ્મસને કારણે અકસ્માત નડ્યો છે. આ અંગેનો વીડિયો અને તસવીરો પણ સામે આવી છે. સામાન્ય રીતે એક્સપ્રેસ હાઈવે પર એક કારને અકસ્માત નડ્યા બાદ તેની પાછળ બીજી કાર કે વાહનો અથડાવાના અનેક બનાવો બનતા હોય છે.આજે એટલે કે સોમવારે રાજ્યના અનેક શહેરમાં ગાઢ ધુમ્મસ જોવા મળી હતી. સુરત શહેરમાં પસાર થતાં નેશનલ હાઈવે પર આજે વિઝિબિલિટી ઘટીને ૫૩ થઈ ગઈ હતી. શહેરે જાણે ધુમ્મસની ચાદર ઓઢી લીધો હોય તેવો માહોલ સર્જાયો હતો. આ કારણે વાહન ચાલકો ખૂબ પરેશાન થયા હતા. લોકો હેડલાઈટ અને પાર્કિંગ લાઈટ ચાલુ રાખીને વાહન હંકારતા જોવા મળ્યા હતા. અરવલ્લી અને પંચમહાલમાં પણ આવા જ દ્રશ્યો જોવા મળ્યા હતા.

Chakrvat (morning Daily): owner, publisher & printer : kalavadia jignesh Bhimjibhai,published at : 301/D, jivrajnagari, Ambika township,nr. Nana mava, Rajkot.printed at : Azad sandesh printing press, Navagam, Rajkot.,Editor : Yakub rahemanbhai badi*(responsible for news editing)